بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ઓક્ટોબર/૨૦૧૬**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૭/૧૪૩૮

વર્ષ : ૧૩, અંક : ૧૦, સળંગ અંક : ૧૫૪

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


01 મુસલમાનો ! ગમ ન કરો ! 02

02 અહલે બયતની કુર્બાનીઓથી આપણે શું દર્સ લીધો ?! 03

03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 07

04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 10

05 હદાઈકે બખ્શિશ 12

06 ઝકાતની રકમથી કિતાબો છપાવવા વિશે સ્પષ્ટતા 15

07 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 18

08 સીરતે રસૂલે મુખ્તાર ﷺ 20

09 સહાબાનો આપસમાં અદબનો અંદાઝ 27

10 ફકીહોના મતભેદોના આદાબ 28

11 ઈસ્લામનું તલાક વિશે બંધારણ 33

12 દોસ્તી સોચી સમજીને કરો ! 37

13 મુફતીએ આ'ઝમ મુત્તકીએઆ'ઝમ رحمۃ اللہ علیہ 40

14 બરકાતે ખ્વાજાની ટપાલ 45


## મન્કબત દર શાને મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ

(અઝ : તાજુશ્શરીઅહ હુઝૂર અખ્તર રઝા અઝહરી دام ظلہ العالی)

ઝીનતે સજ્જાદા વ બઝ્મે કઝા મિલતા નહીં
લઅલે યકતાએ શહે અહમદ રઝા મિલતા નહીં

વો જો અપને દૌરકા સિદ્દીક થા મિલતા નહીં
મહરમે રાઝે મુહમ્મદ મુસ્તફા મિલતા નહીં

આલિમોંકા મોઅતબર વો પેશવા મિલતા નહીં
જો મુજસ્સમ ઈલ્મ થા વો ક્યા હુવા મિલતા નહીં

ઝાહિદોંકા વો મુસલ્લમ મુકતદા મિલતા નહીં
જિસપે નાઝાં ઝુહદ થા વો પારસા મિલતા નહીં

અબ ચિરાગે દિલ જલાકર હો સકે તો ઢુંઢિયે
પરતવે ગૌષો રઝા વ મુસ્તફા મિલતા નહીં

ઈસ્તિકામતકા વો કોહે મહકમો બાલા મિલતા નહીં
જિસકે જાનેસે ઝમાના હિલ ગયા મિલતા નહીં

ચાર યારોંકી અદાએં જિસમેં થીં જલ્વા નુમા
ચાર યારોંકા વો રોશન આઈના મિલતા નહીં

એક શાખે ગુલ નહીં સારા ચમન અંદૂહ ગઈ
મુસ્તફાકા ઉન્દલિબ ખૂશનવા મિલતા નહીં

મુફતીએ આ'ઝમકા ઝર્રા કયા બના **'અખ્તર રઝા'**
મેહફિલે અંજૂમમેં 'અખ્તર' દુસરા મિલતા નહીં

## મુસલમાનો ! ગમ ન કરો !

અઝ : **હઝરત મૌલાના**
**મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અત્યારે દુનિયાભરનો મુસલમાન ડર તથા ગભરાહટ અને ભય તથા દહશતની ભયાનક વાદીઓમાંથી પસાર થઈ રહ્યો છે. ક્યારે, ક્યાં અને શું થઈ જાય ? કાંઈ ખબર નહીં ! માલી તથા જાની દરેક રીતે તબાહી જોવા મળે છે. કાલે જે લોકો એક થોડા સરખા બનાવમાં સરાપા વિરોધકર્તા બની જતા હતા, આજે મોટાથી મોટા બનાવથી ખામોશ છે ! અને તેમને એકાંત ખૂણામાં જ પોતાની ભલાઈ નજર આવે છે, એ ડરના કારણ કે ક્યાંક અમે પણ ગઝબના શિકાર ન બની જઈએ. ઉગનારી દરેક સવારની સાથે એક નવી આઝમાઈશ, નવી સમસ્યા અને એક નવી ચેલેંજ સામે ખડી હોય છે. આજે શું થશે ? કાલે શું થશે ?

આ સર્વ છતાં નિરાશ થવાની જરૂરત નથી, એટલા માટે કે અલ્લાહની રહમતથી નિરાશા કુફ્ર છે. હિંમત મો'મિન બંદાનું હથિયાર છે, તવક્કુલ તેની સૌથી મોટી મૂડી છે. અને સાથોસાથ આપણી પાસે આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامનો ઉસ્વએ હસના છે, આપણે એનાથી નસીહત હાંસલ કરીએ. કેમ કે પરેશાની તથા મુસીબતની ઘાટીઓમાંથી જેટલા હુઝૂર રહ્‌મતે આલમ صلی اللہ علیہ وسلم પસાર થયા છે એટલુ કોણ પસાર થયું હશે ! આપણા આકા صلی اللہ علیہ وسلمએ આપણી દરેક મોડ પર રહનુમાઈ ફર્માવી અને હિંમત બંધાવી છે. ગમ તથા અજંપામાં ડૂબેલા ઈન્સાનોના માટે હુઝૂરની શું તા'લીમ છે, એને વાંચો અને અમલ કરો, ઈન્શાઅલ્લાહ ! બેચૈનીની કૈફિયત ખત્મ થઈ જશે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે કે એક દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلم મસ્જિદમાં દિવસના સમયે તશરીફ લાવ્યા, તો એક અન્સારી સહાબી હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہને જોયા અને પૂછયું કે નમાઝ સિવાયના સમયમાં તમે કેવી રીતે આવી ગયા ? તેમણે જવાબ આપ્યો કે, યા રસૂલલ્લાહ ! કરજો અને ગમોએ પરેશાન કરીને અહીં લાવીને બેસાડી આપ્યો છે ! નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે શું હું તમને એવી વાત ન બતાવું જેનાથી અલ્લાહ તમારા ગમોને દૂર કરી આપે અને તમારાં કરજો અદા થઈ જાય ?! કહેવા લાગ્યા, જરૂર ઈર્શાદ ફર્માવો ! ફર્માવ્યું, દરેક સવાર સાંજ આ પઢયા કરો :

**اَللّٰھُمَّ اِنِّیْ اَعُوْذُ بِكَ مِنَ الْھَمِّ وَالْحُزْنِ، وَاَعُوْذُبِكَ مِنَ الْعَجْزِ وَالْكَسَلِ، وَاَعُوْذُبِكَ مِنَ الْجُبْنِ وَالْبُخْلِ، وَاَعُوْذُ بِكَ مِنْ غَلَبَةِ الدَّيْنِ وَقَهْرِ الرِّجَالِ**

**અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક મિનલ્ હમ્મિ વલ્હુઝ્નિ વ અઊઝુબિક મિનલ્ અજ્‌ઝિ વલ્કસ્લિ વ અઊઝુબિક મિનલ્ જુબ્નિ વલ્બુખ્લિ વઅઊઝુબિક મિનલ્ ગ઼લબતિદ્દૈનિ વક઼હરિર્રિજાલ.**

**અર્થાત** : "હે અલ્લાહ ! હું પનાહ માગુ છું ગમ તથા ડરથી, હું પનાહ માગુ છું કમજોરી તથા સુસ્તીથી, હું તારી પનાહ માગુ છું કંજૂસી તથા બુખ્લથી, અને પનાહ માગુ છું કરજોના બોજ અને લોકોના સિતમથી."

તે કહે છે કે મેં હિદાયત પ્રમાણે તેને સવાર સાંજ પઢયું તો મારો ગમ જતો રહ્યો અને કરજો ઉતરી ગયો. *(અબૂ દાઊદ, ૧/૮૫)* હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેને ગમ તથા ચિંતા વધારે હોય તે વારંવાર આ પઢતો રહે : **لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ 'લાહ઼વ્લ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ !'**

આ હદીષમાં ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ વધારો કર્યો છે કે આ કલમો જન્નતના કિંમતી ખજાનાઓમાંથી છે. જ્યારે કે ઈમામ તિર્મિઝીએ એને જન્નતનો દરવાજો ઠરાવ્યો છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વર્ણવે છે કે હુઝૂર રહમતે આલમ صلی اللہ علیہ وسلمને જ્યારે કોઈ ગમ તથા ખૌફ લાગુ પડતો તો આસ્માનની તરફ ચહેરો ઉઠાવીને ત્રણવાર **سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ 'સુબ્હાનલ્લાહિલ્ અઝીમ'** પઢતા. *(મવાહિબે લદુન્નિયહ)*

પોતાની યથાશક્તિ કોશિશ સાથે ઉપર વર્ણવેલ તા'લીમાતે નબવી પર અમલ કરીને આપણે આપણે ગમોને હલકા કરવાની કોશિશ કરીએ અને દુઆ કરીએ કે પરવરદિગાર પૂરી ઉમ્મે મુસ્લિમાના ગમોને દૂર ફર્માવી આપે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓકટો. ૨૦૧૬)*

# અહલે બયતની કુર્બાનીઓથી આપણે શું દર્સ લીધો ?!

તંત્રી લેખ

દર વર્ષે જેવા કે ઝિલહજ્જના કુર્બાનીના દિવસો પૂરા થાય છે કે મુહર્રમ શરીફમાં દીન ખાતર કુર્બાન થનાર અહલે બયતે કિરામ તથા શોહદાએ કર્બલાની યાદ મનાવવાની તૈયારીમાં સુન્ની હઝરાત લાગી જાય છે. જે દીન તથા શરીઅતની રક્ષા કાજે આટલી મહાન કુર્બાનીઓ ખાનદાને અહલે બયતે પેશ કરી, તેમની જ યાદ મનાવવાના નામ પર દીન તથા શરીઅત વિરૂધ્ધનાં કામો કહેવાતા આશિક઼ો અહલે બયત તથા આશિક઼ાને હુસૈન કરતા જોવા મળે છે. ઈલ્લા માશાઅલ્લાહ ! તમામ ઉલમાએ અહલે સુન્નતે એકમતિએ વર્તમાન તાઝીયાદારીને નાજાઈઝ ઠરાવી, તેમાં થતી શરીઅત વિરૂધ્ધ વાતોને હરામ તથા ગુનોહ દર્શાવી, છતાં જેહાલતનો આલમ એ છે કે કહેવાતા આશિક઼ો કોઈની વાત કાન પર લેવા તૈયાર નથી અને શીઆઓની જેમ ખુરાફાતમાં સપડાયેલા રહે છે, બલ્કે કોઈ શરીઅતનો હુકમ સંભળાવી રોકવા પ્રયત્ન કરે તો આ કહેવાતા આશિક઼ો તેની બેઈજ્જતી કરે છે, ગાળ ગલોચ કરે છે, બલ્કે મારપીટ સુધી ઉતરી આવે છે ! શું ઈમામે હસન તથા ઈમામે હુસૈનની જિંદગીમાંથી, તેમની કુર્બાનીઓમાંથી આ શીખ મળે છે કે કાંઈ બીજુ જ છે ?! સુન્ની મુસલમાનો ! ગંભીરતાથી વિચારો ! **"મુહર્રમમાં શું જાઈઝ ? શું નાજાઈઝ ?"** એ કિતાબ અમારા ત્યાંથી મંગાવો અને ઉલમાએ અહલે સુન્નતના ફર્માનો વાંચો અને પોતાની શાનને ઠેકાણે લાવી અલ્લાહ વ રસૂલ વ અહલે બયતની રઝામંદીના પાત્ર બનો.

## ★ અહલે બયતનો અતિ ઉચ્ચ મક઼ામ ! ★

અહલે બયતનો મક઼ામ શું છે એને સમજવા રબનું આ ફર્માન કુર્આનમાં જુઓ. નબી પાક ﷺએ ઈસાઈઓથી મુબાહેલો કરવાનું કહ્યું જેનું વર્ણન *સૂ. આલે ઈમરાન, આ. ૬૧* માં આ પ્રમાણે છે : "ફર્માવી દો ! આવો ! બોલાવીએ અમે અમારા પુત્રોને અને તમે તમારા પુત્રોને, અને અમે અમારી સ્ત્રીઓને તમે તમારી સ્ત્રીઓને, અને અમારા જીવોને અને તમારાને, પછી મુબાહેલો કરીએ, પછી જૂઠાઓ પર લઅનત કરીએ."

એની તફસીરમાં *તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન*માં છે કે : જ્યારે હુઝૂર ﷺએ નજરાનના ખ્રિસ્તીઓને આ આયત પઢીને સંભળાવી અને મુબાહિલા કરવાનું નિમંત્રણ આપ્યું ત્યારે તેઓએ તેમના પાદરીઓથી મશ્વરો કર્યો, પછી તેઓ હુઝૂર ﷺની સેવામાં હાજર થયા, તો તેમણે જોયું કે હુઝૂર ﷺના ખોળામાં **હઝરત હુસૈન** છે, અને આપના મુબારક હાથમાં **હઝરત હસન**નો હાથ છે, અને **હઝરત અલી** તથા **હઝરત ફાતિમા** આપની પાછળ છે. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن) અને હુઝૂર તે બધાંને ફર્માવી રહ્યા છે કે જ્યારે હું દુઆ કરું ત્યારે તમો "આમીન" કહેજો. નજરાનના બધાથી મોટા પાદરીએ જ્યારે આ જોયું ત્યારે કહેવા લાગ્યો, **"હે નસરાનીઓ ! હું એવા ચહેરાઓ જોઈ રહ્યો છું કે જો તેઓ અલ્લાહ પાસે આ પહાડને એની જગ્યાએથી હટાવી દેવાની માગણી કરશે તો અલ્લાહ તઆલા પહાડને પણ હટાવી દેશે** ! એઓની સાથે મુબાહિલા ન કરશો નહીં તો નાશ પામશો, અને સમસ્ત જગતમાં એક નસરાની પણ બાકી રહેશે નહીં." હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, એના સોગંદ જેની કુદરતના તાબામાં મારા પ્રાણ છે ! નજરાનવાળાઓ (ઈસાઈઓ) પર અઝાબ નજીક જ આવી લાગ્યો હતો. **જો તેઓ મુબાહિલા કરત તો વાંદરાઓ તથા સુવ્વરોની શકલમાં તેઓને બનાવી દેવામાં આવત**, જંગલ આગથી ભડકી ઉઠત

અને નજરાન તથા તેમાં રહેતાં પક્ષીઓ પણ નાશ પામત અને એક વરસના ગાળામાં બધા નસરાનીઓ નાશ પામત. (જૂઠા પર અલ્લાહનો અઝાબ ઉતરે એવી બંને પક્ષો દુઆ કરે તેને મુબાહિલા કહે છે.)

પ્યારા સુન્ની ભાઈઓ ! ઉપરોક્ત કુર્આની પ્રસંગને વારંવાર વાંચો અને અહલે બયતની, પાક પંજતનની, અલી, ફાતિમા, હસન તથા હુસૈનની ફઝીલતને સમજો ! તેમની "આમીન"ના મહત્વને સમજો ! તેમની દુઆની અસરોનો અંદાજો લગાડો. આ ઉપરાંત અનેક આયતો તથા હદીષો આપના મહાન મર્તબાની સાક્ષી છે. આ મર્તબો અહલે બયતનો છે ! હવે આવો ! પ્રથમ ઈમામે હસન رضی اللہ عنہના જીવનના પ્રસંગોને જોઈએ.

## ★ ઈમામે હસન رضی اللہ عنہની કુર્બાનીઓ અને આપણે ★

આપ (ઈમામે હસન) رضی اللہ عنہ ઘણા જ સખી હતા તથા ઉદાર દિલના હતા. અમુક અમુક વખતે આપ એક એક લાખ દિરહમ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી આપતા હતા. ઈબ્ને સઅદ, અલી બિન ઝૈદથી રિવાયત કરે છે કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ **ત્રણ વખત અડધો અડધો માલ અને બે વખત પોતાનો પૂરેપૂરો માલ અલ્લાહના માર્ગમાં આપી દીધો.** *(તારીખુલ ખુલફા, ૨/૫૯)*

આપ ઓછા બોલી હતા. અધિક્તર ચૂપ રહેતા, પરંતું જ્યારે વાત શરૂ કરતા તો કોઈ આગળ ન નીકળી શકતુ. દાવતોમાં ઓછા જતા, લડાઈ ઝઘડાની વાતોમાં ન પડતા, કોઈની વાતમાં ન પડતા, જ્યારે કોઈ આપની પાસે આવતું તો તેને દલીલ અને કાયદાથી સમજાવી આપતા. *(અલ બિદાયાવન્નિહાયા, ભાગ-૮)* કોઈના પર ગુસ્સે ન થતા, અપશબ્દ ન બોલતા, ઊંચા અવાજે વાત ન કરતા, આપના વજૂદમાં આ ગુણ ન હોત તો આપના પિતા હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના ખિલાફતકાળમાં મુસલમાનોમાં જે પરસ્પર યુધ્ધો થયાં તેનાથી પણ વધીને મુસલમાનોની ખૂના મરકી થાત. પણ આપ પોતે અતિ સહનશીલ હતા. બદલાની ભાવના ન રાખતા. આપે છ મહિનાની ખિલાફત પછી મુસલમાનોની ભલાઈના કાજે જ હઝરત અમીર મુઆવિય્યહ رضی اللہ عنہ સાથે સુલહ કરી લીધી અને ખિલાફતની જિમ્મેદારી તેમને સુપ્રત કરી આપી. અને હુઝૂર ﷺના ફર્માનને સાચુ ઠરાવ્યું કે, "મારો આ પુત્ર (હસન) સરદાર છે. જરૂર અલ્લાહ તઆલા એના થકી મુસલમાનોના બે મોટા ગિરોહોમાં સુલહ કરશે." આપની ઉશ્કેરણી પણ કરવામાં આવી કે શરમની વાત છે કે ખિલાફત તમને આપવામાં આવી તો તમે ઉઠાવીને બીજાને આપી દીધી ! તો આપે આખેરત સંબંધિત જવાબ આપ્યો કે, શરમ દોઝખની આગ કરતાં બેહતર છે. *(અલ બિદાયા વન્નિહાયા)*

ઈમામે હસન رضی اللہ عنہને પાંચ વખત ઝેર આપવામાં આવ્યું. મધમાં, ખજૂરમાં, પાણીમાં.....વગેરે રીતે. પાંચમીવાર આપ ઝેરની અસરથી શહીદ થઈ ગયા. વફાતના સમયે આપના નાનાભાઈ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہઆપની ખિદમતમાં આવ્યા અને પૂછયું કે ભાઈ સાહબ ! આપને ઝેર કોણે આપ્યું ?! આપે ફર્માવ્યું, શું તમે એને કતલ કરશો ? ઈમામ હુસૈન رضی اللہ عنہએ કહ્યું, જરૂરથી એને કતલ કરીશ. આપે ફર્માવ્યું, જેની બાબત મને ગુમાન છે, જો એ જ હશે તો અલ્લાહ ﷻ સાચો બદલો લેવાવાળો છે, અને એની પકડ ઘણી જ સખ્ત છે. અને જેને હું ધારું છું તે ઝેર આપનાર નથી, તો હું નથી ઈચ્છતો કે મારા લીધે કોઈ નિર્દોષને કત્લ કરવામાં આવે.

આ છે શરીઅતની પાબંદી અને સબ્રનો અજોડ નમૂનો કે ગમે તેવાં દુઃખો સહ્યાં બલ્કે શહાદત વહોરી પણ શરીઅતનો તથા સબ્રનો દામન ન છૂટયો. જ્યારે નમાઝનો સમય થતો તો આપના ચહેરાનો રંગ ફીકો પડી જતો, એક રિક્કત છવાઈ જતી. પૂછવામાં આવ્યું કે આવો હાલ શાથી થાય છે ?! તો ફર્માવતા,

"તમને ખબર છે કોની બારગાહમાં ખડો થવા જઈ રહ્યો છું ?!" આપે પગપાળા ૫૦ હજો કરી છે. (સુબ્હાનલ્લાહ)

અલ્લાહુ અકબર ! આ ખૌફે ખુદા, આ ખુલૂસ, આ સબ્ર, આ નમાઝોની પાબંદી અને તેમાં આ કૈફિયત ! આ દુનિયાથી બેપરવાઈ, રાહે ખુદામાં માલ લૂટાવવું, મુસલમાનોની ખૈર ખ્વાહી, લડાઈ ઝઘડાથી દૂરી, આ લોકોથી બદલો ન લેવાની ભાવના, આ ગુસ્સાથી, ગાળો બોલવાથી પરહેઝ ! બદગુમાનીઓથી દૂર રહેવું, હે અહલે બયતની મહોબ્બતના દાવેદારો ! આ અનેક ખૂબીઓ ઈમામે હસન رضی اللہ عنہની છે, આપણે એમાંથી શું અપનાવ્યું ?! કેવળ ઝબાની દાવા કરવા અને આપની ખૂબીઓથી વિરૂધ્ધ વર્તવું એ આશિકી નથી પણ પોતાને તથા લોકોને ધોકો આપવું છે. જેથી એ વાતોથી તૌબા કરી સાચા દિલથી આપના જીવનને અનુસરી સાચા આશિકે અહલે બયત બનવું જોઈએ. અલ્લાહ તૌફીક આપે.

## ★ ઈમામે હુસૈન رضی اللہ عنہની જીવન ઘટનાઓ અને આપણે ★

હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ સાથે કર્બલાનો જે બનાવ પેશ આવ્યો, યઝીદ પઝીદ તથા તેના લશ્કરે અહલે બયતના પૂરા ખાનદાન તથા આપના સાથીઓને ફુરાતના કિનારે ભૂખા પ્યાસા તડપાવીને શહીદ કર્યા. નાનાં બાળકો પર પણ રહમ ન દાખવી અને એ જાલિમોએ અહલે બયતના ખૂનની નદીઓ વહાવી, એક એક કરીને અહલે બયતના શાહઝાદાઓને શહીદ કર્યા, છેવટમાં ઈમામે હુસૈન رضی اللہ عنہને હાલતે સજદામાં શહીદ કરી દેવામાં આવ્યા. કેવળ બીમાર ઝયનુલ આબેદીન અને અહલે બયતની પાક ખાતૂનો કર્બલાના મેદાનમાં બેયારો મદદગાર રહી ગયાં. તેમની નજરો સમક્ષ પોતાના ગુલશનનાં ફૂલો શહીદ થઈને વિખરાયેલાં બેગોરો કફન પડેલાં હતાં.

આટલી મહાન કુર્બાનીઓ શા કારણે આપવામાં આવી ?! સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન–દીં અસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ, ન દાદ દસ્ત, દર દસ્તે યઝીદ–હક્કા કે બિનાએ લાઈલાહ અસ્ત હુસૈન**

આપે દીનના રક્ષણ માટે અને ખરાબ લોકોથી ધર્મને બચાવવા માટે જાન આપી સમગ્ર જગતના મુસલમાનોને સબક શીખવાડયો કે **મુસલમાનનો ઈમાન પછી પ્રથમ ફર્ઝ પોતાના દીન તથા ધર્મનું રક્ષણ** છે. એટલા માટે ખ્વાજા સાહબે આપને દીનની પનાહ ફર્માવ્યું.

યઝીદની ડિમાન્ડ શું હતી ? કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ તેના હાથમાં હાથ આપી દે, તેને અમીરુલ મો'મિનીન સ્વીકારી લે, તેની બયઅત કરી લે. જો હાથ આપતે તો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનું અંગત કોઈ નુકસાન ન હતું, બલ્કે દુનિયાની દૌલતના અંબાર આપના કદમોમાં લાગી જાત ! છતાં આપે તેની બયઅત ન સ્વીકારી. શું કારણ હતું ?! સાંભળો !

"યઝીદ ખલીફા બન્યા પછી ફાસિક (ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર) બની ગયો હતો, નમાઝો પઢતો ન હતો, દારૂ પીતો અને એની મેહફિલમાં નાચગાન પણ થતુ હતું. એ વ્યભિચારી પણ બની ગયો હતો, વાજિંત્રો, ગીતોનો શોખિન, શિકાર કરવો, કૂતરા રાખવા, આખલા, ઘેટાં, અને વાંદરાઓનો મુકાબલો કરવો, કોઈ સવાર એની એવી ન થતી જેમાં એ નશામાં ન હોય, વાંદરાને ઝીનથી શણગારેલ ઘોડા પર બંધાવતો અને દોડાવતો, વાંદરાને સોનાની ટોપી પહેરાવતો, ઘોડાઓની રેસ કરાવતો, વાંદરાના મરી જવા પર શોક કરતો ! મહરમો સાથે શાદી જાઈઝ ઠરાવતો.....વગેરે અનેક ખરાબીઓ તેનામાં હતી."

મુસલમાનોનો આવો ખરાબ વ્યક્તિ અમીરુલ મો'મિનીન બને તો દીન ક્યાંથી બાકી રહી શકે ?! એ દરેક બુધ્ધિશાળી સમજી શકે છે. તો પછી ઈમામે હુસૈન رضی اللہ عنہ કે જે નબી કરીમ ﷺ તથા હઝરત ફાતિમા رضی اللہ عنہا તથા હઝરત અલી رضی اللہ عنہના તર્બિયત પામેલા, જેમને ''જન્નતી જવાનોના સરદાર''નો લકબ નબી ﷺએ આપ્યો હતો તે કઈ રીતે આ ખરાબ ધંધાવાળા યઝીદ પલીદને અમીરૂલ મો'મિનીન કે ખલીફા તરીકે માન્યતા આપી શકે ?! આમ નાનાજાનના દીનની તથા શરીઅતની રક્ષા કાજે આપે પૂરા ખાનદાનને શહીદ થવાનું તો માન્ય રાખ્યું પણ યઝીદથી બયઅત કરવાનું માન્ય ન રાખ્યું.

હે અહલે બયતના આશિકો ! યઝીદ પલીદનાં તે કાળાં કરતૂતો જેના સબબે દીન ખતરામાં હતો જેથી ઈમામે હસન رضی اللہ عنہએ શહાદત વહોરી એની લિસ્ટ વારંવાર વાંચો અને **તમારા દિલને સવાલ કરતા ચાલો કે હું આશિકે હુસૈન હોવાનો દાવો કરું છું પણ મારામાં આ યઝીદ પલીદમાંની કઈ કઈ ખરાબીઓ મૌજૂદ છે ?!** ખુદા ન ખ્વાસ્તા એમાંની જે પણ ગુનાહની આદત હોય તો ઈમામે હુસૈનની મહોબ્બતના વાસ્તે એનાથી તૌબા કરી લો, નહીં તો તમારો દાવો તદ્દન જૂઠો ઠરશે અને આખેરતમાં અઝાબ વેઠવો પડશે.

## ★ અહલે બયતની નેક ખાતૂનો અને આપણી બહેનો ★

કર્બલાના મેદાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અકીલ, હઝરત મુહમ્મદ બિન અલી, હઝરત કાસિમ બિન હસન, હઝરત અબ્બાસ બિન અલી, હઝરત અલી અકબર, હઝરત અલી અસ્ગર છેવટે ઈમામે હુસૈન (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن) સૌ રાહે હક્કમાં ભૂખ્યા તરસ્યા શહીદ થઈ ગયા પણ કોઈ જૂઠો પણ એ ઈલ્ઝામ નથી લગાડી શકતો કે અહલે બયતની કોઈ ખાતૂને ચીસાચીસ પાડી હોય કે પોક મૂકી હોય કે કપડાં ફાડયાં હોય કે વાળો વિખેર્યા હોય કે હાયપીટ કરી હોય. ઈતિહાસ સાક્ષી છે કે સબ્રનો દામન, શરીઅતનો દામન કોઈએ હાથમાંથી છોડયો નથી. આ અજોડ કુર્બાની આપણી મા બહેનોને શું દર્સ આપે છે કે ગમે તેવા કાઠિન સંજોગો આવી પડે પણ પોતાની ઈજ્જત આબરૂની, શરીઅતના કાનૂનની પાબંદી હાથથી ન છૂટવી જોઈએ, સબ્રનો દામન મજબૂતીથી પકડી અલ્લાહ પર ભરોસો રાખી રહેવું જોઈએ. હે બહેનો ! કર્બલાવાળાઓ પર જે મુસીબત આવી એવી તમારા નથી જ આવી, છતાં થોડીક તકલીફોમાં કે કોઈના મૃત્યુ પર પર્દો ફગાવી દઈ ચીસો પાડવામાં તમે લાગી જાવ છો અને અલ્લાહની નાશુક્રીભર્યા બલ્કે ક્યાંક કુફ્રી શબ્દો પણ બોલાતા હોય છે ! અલ્લાહની પનાહ ! તો બહેનો આ વાતનો લેહાઝ રાખશે ?!

હદ તો એ છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતના સાહબઝાદાઓના સરોને ભાલાની અણીઓ પર ઉઠાવીને યઝીદી લશ્કર અહલે બયતની ખાતૂનોને લઈને જઈ રહ્યું હતું તો એક સ્થળે સહાબીએ રસૂલ હઝરત સહલ رضی اللہ عنہ અહલે બયતની ખાતૂનોને પૂછે કે હું તમારી શું મદદ કરી શકુ છું ?! તો હઝરત ઝયનબ رضی اللہ عنہાએ કહ્યું, '' આ સર મુબારકો લઈને ચાલનારાઓને અમારી નજીકથી થોડે દૂર કરી આપો જેથી ગૈર મેહરમોની નજરો અમારા પર ન પડે !'' અલ્લાહુ અકબર ! આટલા કઠિન સમયે પણ પર્દાનો લેહાઝ ! જ્યારે આજે હુસૈન رضی اللہ عنہના આશિકોની ઔરતો પર્દો કરવાથી શરમ તથા નાનમ અનુભવે છે ! અને બેહયાઈ દર્શાવતાં શરીરને ગૈર મર્દો સામે પ્રદર્શનમાં મૂકતાં કપડાં પહેરવામાં ફખ્ર કરે છે ! ગૈર મર્દો સાથે દોસ્તી કરે છે ! નાજાઈઝ સંબંધ રાખે છે ! અલ્લાહની પનાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં સૌને સમજ અતા કરે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

કાર્યાલય

અઝ : **આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન**
**આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બક્રહની તફસીર

**સૂરએ બક્રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ

اِنَّ اٰيَةَ مُلْكِهٖۤ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ فِيْهِ

سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَ بَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى

وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ ؕ اِنَّ فِىْ ذٰلِكَ

لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٤٨﴾ فَلَمَّا فَصَلَ

طَالُوْتُ بِالْجُنُوْدِ ۙ قَالَ اِنَّ اللّٰهَ مُبْتَلِيْكُمْ

بِنَهَرٍ ۚ فَمَنْ شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّىْ ۚ وَمَنْ

لَّمْ يَطْعَمْهُ فَاِنَّهٗ مِنِّىْۤ اِلَّا مَنِ اغْتَرَفَ غُرْفَةًۢ

بِيَدِهٖ ۚ فَشَرِبُوْا مِنْهُ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ فَلَمَّا

جَاوَزَهٗ هُوَ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۙ قَالُوْا لَا طَاقَةَ

لَنَا الْيَوْمَ بِجَالُوْتَ وَجُنُوْدِهٖ ؕ قَالَ الَّذِيْنَ يَظُنُّوْنَ

اَنَّهُمْ مُّلٰقُوا اللّٰهِ ۙ كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ غَلَبَتْ

فِئَةً كَثِيْرَةًۢ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٢٤٩﴾

وَلَمَّا بَرَزُوْا لِجَالُوْتَ وَجُنُوْدِهٖ قَالُوْا رَبَّنَاۤ اَفْرِغْ

عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى

الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٥٠﴾ فَهَزَمُوْهُمْ بِاِذْنِ اللّٰهِ ۙ قف

અને તેઓને એમના નબીએ ફર્માવ્યું, તેની બાદશાહીની નિશાની એ છે કે તમારી પાસે (એક) પેટી આવે[૨૫૧] જેમાં તમારા પરવરદિગાર તરફથી દિલોની શાંતિ છે અને અમુક વધેલી વસ્તુઓ છે ઈજ્જતવાળા મૂસા અને આબરૂવાળા હારૂનના વારસાની. તેને ફરિશ્તાઓ ઉઠાવીને લાવશે, બેશક ! એમાં તમારા માટે મોટી નિશાની છે જો ઈમાન ધરાવતા હોય (તો) (૨૪૮) પછી જ્યારે તાલૂત સૈન્યોને લઈને શહેરથી વેગળો થયો[૨૫૨] બોલ્યો, નિશંક ! અલ્લાહ તમને એક નહેર દ્વારા અજમાવનાર છે. તો જે તે (નહેર)નું પાણી પીએ તે મારો નથી અને જે ન પીએ તો મારો છે. પણ તે જે એક ખોબો પોતાના હાથથી લઈ લે (તેનો વાંધો નથી)[૨૫૩] તો થોડા (લોકો) સિવાય[૨૫૪] બધાંએ તેમાંથી (ધરાઈને) પીધું, પછી જ્યારે તાલૂત અને તેની સાથેના મુસલમાન નહેર પાર ગયા. (ત્યારે ધરાઈને પાણી પીનાર) બોલ્યા, અમારામાં આજે જાલૂત અને તેના સૈન્યો (સામે લડવાની) શક્તિ નથી, (ત્યારે તે લોકો) બોલ્યા, જેઓને પોતાના પાલનહારને મળવાની શ્રદ્ધા છે કે કેટલીયવાર ઓછી સંખ્યા મોટા જુથ પર વિજયી થઈ છે અલ્લાહના હુકમથી, અને અલ્લાહ ધીરજવાળાઓની સાથે (૨૪૯) છે.[૨૫૫] પછી જ્યારે જાલૂત અને તેના સૈન્યોની સામે

وَقَتَلَ دَاوٗدُ جَالُوْتَ وَاٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ وَ
الْحِكْمَةَ وَعَلَّمَهٗ مِمَّا يَشَآءُ ؕ وَلَوْلَا دَفْعُ اللّٰهِ
النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ ۙ لَّفَسَدَتِ الْاَرْضُ وَلٰكِنَّ
اللّٰهَ ذُوْ فَضْلٍ عَلَى الْعٰلَمِيْنَ ﴿۲۵۱﴾ تِلْكَ اٰيٰتُ اللّٰهِ
نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ؕ وَاِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿۲۵۲﴾

*આવ્યા (ત્યારે) વિનંતિ કરી કે અય અમારા પરવરદિગાર ! અમારા પર સબ્રનો છંટકાવ કર અને અમારા પગ જામેલા રાખ અને કાફિર લોકો પર અમારી મદદ કર. (૨૫૦) તો તેઓએ પેલાઓને ભગાડયા અલ્લાહના હુકમથી, અને દાવૂદે જાલૂતને મારી નાખ્યો[૨૫૬] અને અલ્લાહે તેને સલ્તનત અને હિકમત[૨૫૭] આપી અને અલ્લાહે તેને જે ચાહ્યું તે શિખવાડયું[૨૫૮] પણ અલ્લાહ બધાય જહાન પર ફઝલ કરનાર છે[૨૫૯] (૨૫૧) પણ અલ્લાહની આયતો છે કે અય મહબૂબ ! અમે તમારા પર ઠીક ઠીક પઢીએ છીએ અને તમે બેશક ! રસૂલોમાં છો. (૨૫૨)*

**સમજૂતી : ૨૫૧.** આ પેટી શમસાદના લાકડાની અને રત્નજડીત હતી, જેની લંબાઈ ૩ હાથ અને પહોળાઈ ૨ હાથ હતી, એને અલ્લાહ પાકે હઝરત આદમ علیہ السلام પર ઉતારી હતી, એમાં બધા જ અમ્બિયા علیہم السلامના ચિત્રો અને તેમનાં ઘરો અને રહેઠાણોનાં ચિત્રો હતાં અને અંતમાં હુઝૂર صلی اللہ علیہ وسلم અને આપના દોલતખાનાનું ચિત્ર હતું, જે એક સુર્ખ યાકૂત (લાલ મોતી)માં બનાવેલું હતું, જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلم નમાઝમાં ક્યિામની હાલતમાં હતા અને આપની આજુબાજુ આપના અસ્હાબ હતા. હઝરત આદમ علیہ السلامએ આ બધાં ચિત્રોને જોયાં. આ પેટી વારસાગત રીતે હઝરત મૂસા علیہ السلام સુધી આવી, આપ એમાં તવરાત પણ મૂકતા હતા અને પોતાનો ખાસ સામાન પણ, જેમ કે તે પેટીમાં તવરાતની તખ્તીઓના ટુકડા, હઝરત મૂસા علیہ السلامનો અસો, આપનાં કપડાં, આપનાં નઅલૈન મુબારક અને હઝરત હારૂન علیہ السلامનો અમામો અને એમનો અસો અને થોડોક ''મન'' જે બની ઈસરાઈલ પર આકાશમાંથી આવતો હતો વિગેરે સામાન હતો.

હઝરત મૂસા علیہ السلام યુદ્ધ સમયે એ પેટીને આગળ રાખતા હતા જેનાથી બની ઈસ્રાઈલના દિલોને શાંતિ રહેતી હતી, આપના પછી એ પેટી બની ઈસ્રાઈલમાં વારસાગત ફરતી રહી, જ્યારે એમને કંઈક મુસીબત નડતી ત્યારે એ પેટીને સામે રાખી દુઆઓ માગતાં અને સફળ થતા હતા, શત્રુઓ પર એની બરકતથી વિજય મેળવતા હતા. જ્યારે બની ઈસરાઈલની પરિસ્થિતિ ખરાબ થઈ ગઈ અને એમના રાજ્ય વહીવતમાં અંધાધુંધી વ્યાપી ગઈ અને અલ્લાહ તઆલાએ ''અમાલિકા''ને એમના પર વિજય આપ્યો. ત્યારે તેઓ આ પેટી પણ છીનવી ગયા અને એને નાપાક અને ખરાબ સ્થળોએ મૂકી અને એની બેઈજ્જતી કરી અને આવી ગુસ્તાખીઓના કારણે તેઓ જાત જાતની બીમારીઓમાં ફસાયા. તેઓના પાંચ ગામોનો નાશ થયો અને તેઓને ઠસી ગયું કે પેટીની બેઈજ્જતી તેમની બરબાદીનું કારણ છે. તો તેઓએ આ પેટીને એક બળદગાડા પર મૂકીને બળદોને હાંકી મૂક્યાં. પછી ફરિશ્તાઓ એને બની ઈસરાઈલના સામે તાલૂત પાસે લાવ્યા અને આ પેટીનું આવવું બની ઈસરાઈલ માટે તાલૂતની બાદશાહીની નિશાની ઠરવવામાં આવી હતી. બની ઈસરાઈલે આ જોઈને તેની બાદશાહીનો સ્વીકાર કર્યો અને તરત જ જિહાદ માટે તૈયાર થઈ ગયા, કારણ કે પેટી મળી ગયા પછી તેઓને પોતાના વિજયની શ્રદ્ધા થઈ ગઈ હતી. તાલૂતે બની ઈસરાઈલમાંથી ૭૦,૦૦૦

જવાનો ચૂંટી કાઢયા, જેમાં હઝરત દાઊદ عليه السلام પણ હતા. *(જલાલૈન, જુમલ, ખાઝિન, મદારિક વિગેરે)*

**ફાયદો** : આનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની વસ્તુઓની ઈજ્જત કરવી જરૂરી છે, એની બરકતથી દુઆઓ કબૂલ અને મુરાદો પૂરી થાય છે અને આવાં તબર્રૂકોની બેઈજ્જતી કરવી ગુમરાહીનો માર્ગ અને બરબાદીનું કારણ બને છે.

**ફાયદો** : પેટીમાં જે ચિત્રો પૈગમ્બરોનાં હતાં તે કોઈ મનુષ્યનાં બનાવેલાં ન હતાં, અલ્લાહ તરફથી આવેલાં હતાં.

**૨૫૨.** એટલે કે બયતુલ મુક઼દ્દસથી શત્રુ તરફ રવાના થયો. તે સમય અતિશય ગરમીનો હતો. સૈનિકોએ તાલૂતનું ધ્યાન એ તરફ ખેંચીને પાણી માંગ્યું.

**૨૫૩.** આ એક જાતની અજમાઈશ હતી કે જે માણસ સખત તરસ વખતે પણ તાબેદારી કરે અને હુકમનું પાલન કરે તે આગળ જઈને પણ અગલ રહેશે અને કષ્ટોનો સામનો કરી શકશે અને જે આ સમયે પોતાની ઈચ્છાને આધિન થઈ હુકમનું ઉલ્લંઘન કરે તે આગળ ઉપર કષ્ટોને શી રીતે સહન કરશે ?

**૨૫૪.** જેઓની સંખ્યા ૩૧૩ હતી, તેઓએ ધીરજ દાખવી. પણ અલ્લાહની કુદરત કે એક જ ખોબો પાણી તેમના અને તેમના જાનવરો માટે પૂરતુ થયું અને તેમનાં હૃદયો તથા ઈમાનને શક્તિ મળી અને નહેરમાંથી સહીસલામત પસાર થઈ ગયા. અને જેઓએ ધરાઈને પીધું હતું તેમના હોઠ કાળા પડી ગયા, તરસ ખૂબ વધી ગઈ અને હિંમત હારી બેઠા.

**૨૫૫.** તેઓની મદદ કરે છે, અને તેની જ મદદ ઉપયોગી થાય છે.

**૨૫૬.** હઝરત દાઊદ عليه السلامના પિતા ઈસા તાલૂતના સૈન્યમાં હતા. અને એમની સાથે એમના બધા જ પુત્રો પણ હતા, હઝરત દાઊદ عليه السلام એ બધામાં નાના હતા, બીમાર હતા, રંગ પીળો પડી ગયો હતો, બકરીઓ ચરાવવાનું કામ કરતા હતા, જ્યારે જાલૂતે સામનો કરવાનું આહવાન આપ્યું ત્યારે બની ઈસરાઈલ તેના શરીરનો બાંધો અને તેની તાક઼ાત જોઈને ગભરાઈ ગયા, કારણ કે તે ઘણો જ જાલિમ, તાકાતવાન, મજબૂત બાંધાનો, કદાવર હતો. તાલૂતે પોતાના સૈન્યમાં એલાન કર્યું કે જે કોઈ જાલૂતને મારી નાખશે હું મારી પુત્રીને તેના નિકાહમાં આપીશ, અને અડધું રાજ્ય તેને આપી દઈશ, પણ એનો પ્રત્યુત્તર ન વળ્યો, ત્યારે તાલૂતે પોતાના નબી ઈસ્માઈલને વિનંતિ કરી કે અલ્લાહ પાસે દુઆ કરો, આપે દુઆ કરી ત્યારે બતાવવામાં આવ્યું કે હઝરત દાઊદ عليه السلام જાલૂતને મારી નાખશે. તાલૂતે આપને કહ્યું કે જો તમે જાલૂતને મારી નાખો તો હું મારી પુત્રી તમને પરણાવીને અડધું રાજ પણ આપીશ. આપે સ્વીકાર કર્યો, અને જાલૂત તરફ જવા લાગ્યા, યુદ્ધની તૈયારી થઈ, અને હઝરત દાઊદ عليه السلام ગોફણ લઈને સામે આવ્યા, જાલૂતના દિલમાં આપને જોઈને બ્હીક પેસી ગઈ, છતાં વાતો તો ખૂબ ગર્વની કરી અને આપને પોતાની તાકાતથી ગભરાવવા લાગ્યો. આપે ગોફણામાં એક પથ્થર મૂકી તેને માર્યો જે તેની ખોપડી તોડીને પાછળથી નીકળી ગયો અને જાલૂત મરીને પછડાય પડયો, હઝરત દાઊદ عليه السلامએ તેને લાવીને તાલૂતની સામે નાખી દીધો, બધા બની ઈસરાઈલ ઘણા ખૂશ થયા, અને વચન મુજબ તાલૂતે પોતાની શાહઝાદી સાથે એમના નિકાહ કરાવીને અડધું રાજ પણ આપ્યું. અમુક મુદ્દત પછી તાલૂતનું મરણ થયું અને આખું રાજ્ય હઝરત દાવૂદ عليه السلامના તાબામાં આવ્યું.

**૨૫૭.** હિકમતથી નુબુવ્વત મુરાદ છે.

**૨૫૮.** જેમ કે બખ્તર બનાવવું, જાનવરોની ભાષા સમજવી.

**૨૫૯.** એટલે કે અલ્લાહ તઆલા નેક લોકોના સદક઼ામાં બીજાઓની બલાઓ પણ દૂર ફર્માવે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એક નેક મુસલમાનની બરકતથી એના પાડોશના ૧૦૦ ઘરોની બલા દફે કરે છે. સુબ્હાનલ્લાહ ! નેક લોકોની નજીકી પણ ફાયદો પહોંચાડે છે. *(ખાઝિન)*

હઝરત જહીમ ઈબ્ને હારિષ ઈબ્ને સુમ્મહથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ પાસે થઈ પસાર થયો જ્યારે કે આપ પેશાબ કરી રહ્યા હતા. મેં આપને સલામ કરી, આપે જવાબ ન આપ્યો, ત્યાં સુધી કે આપ દીવાલની તરફ ગયા એને લાઠી વડે જે આપની સાથે હતી ખોતરી[૨] પછી પોતાના હાથ દીવાલ પર લગાડયા, પછી પોતાના ચહેરા તથા હાથોમાં મસહ કર્યો[૩] પછી મારો જવાબ આપ્યો.[૪] મેં આ રિવાયત ન તો સહીહૈનમાં જોઈ ન તો કિતાબે હુમૈદીમાં, પરંતું એને શરહે સુન્નહમાં વર્ણન કરી અને ફર્માવ્યું કે આ હદીષ હસન છે.[૫]

(બીજો ભાગ) અબૂ ઝરથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પાક માટી મુસલમાનનું વુઝૂનું પાણી છે, ભલે દસ વરસ પાણી ન પામે.[૬] પછી જ્યારે પાણી પામે તો તેના વડે પોતાનું શરીર ધૂએ કે એ યકીનન ! બેહતર છે.[૭] (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)

નિસાઈએ એના જેમ રિવાયત કરી. દસ સાલના કૌલ સુધી રિવાયત છે. હઝરત જાબિરથી ફર્માવે છે, અમે એક સફરમાં ગયા તો અમારામાંથી એક શખ્સને પથ્થર વાગી ગયો જેણે એના માથામાં ઘા કરી દીધો. પછી તેને એહતેલામ થઈ ગયો તો પોતાના સાથીઓને પૂછયું કે શું તમે મારા માટે તયમ્મુમની ઈજાઝત પામો છો ? તેઓ બોલ્યા, તું પાણી પર શક્તિ ધરાવે છે.[૮] તેણે ગુસ્લ કરી લીધું પછી મરી ગયો.[૯] જ્યારે અમે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થયા તો આપને એની ખબર આપવામાં આવી. ફર્માવ્યું, એમને ખુદા ગારત કરે ! તેને તેઓએ મારી નાખ્યો ![૧૦] જ્યારે જાણતા ન હતા તો શા માટે પૂછી ન લીધું ?! અજ્ઞાનતાનો ઈલાજ પૂછી લેવું છે.[૧૧] એને એ પૂરતુ હતું કે તયમ્મુમ કરી લેતો, અને પોતાના ઘા પર કપડુ લપેટી લેતો પછી એના પર હાથ ફેરવી લેતો અને બાકીનું શરીર ધોઈ કાઢતો.[૧૨] (અબૂ દાઊદ) અને ઈબ્ને માજહ હઝરત અતાઅ્ બિન રિબાહથી તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે બે શખ્સ સફરમાં ગયા. નમાઝનો સમય આવી ગયો. તેમની સાથે પાણી ન હતું તો તેમણે પાક માટીથી તયમ્મુમ કરી લીધું પછી નમાઝ પઢી લીધી. પછી સમયમાં જ પાણી મળી ગયું તો એમનામાંથી એકે વુઝૂ વડે નમાઝ દોહરાવી બીજાએ ન દોહરાવી[૧૩] પછી બંનેવ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને આ બનાવ રજૂ કર્યો. તો જેણે નમાઝ ન દોહરાવી હતી એને ફર્માવ્યું કે તેં સુન્નત મેળવી લીધી અને તારી નમાઝ પૂરતી થઈ ગઈ.અને જેણે વુઝૂ કરીને દોહરાવી હતી તેને ફર્માવ્યું કે તને બમણો સવાબ છે.[૧૪] એને અબૂ દાઊદ, દારમીએ રિવાયત કરી. નિસાઈએ એના જેમ, તથા નિસાઈ તેમજ અબૂ દાઊદે અતા ઈબ્ને યસારથી મુરસલન્ રિવાયત કરી.

**સમજૂતી :** ૧. મશહૂર સહાબી અન્સારી છે. ઉબય ઈબ્ને કઅબના ભાણીયા છે. અમીર મુઆવિયહના જમાનામાં વફાત પામ્યા.

૨. કેમ કે દીવાલના જાહેરી હિસ્સા પર ક્યાં તો

નાપાકી હતી ક્યાં કીડા મકોડા હતા, આ ખોતરવાથી પાક તથા સાફ માટી જાહેર થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે બીજાની દીવાલ પર વિના ઈજાઝતે તયમ્મુમ કરી લેવું અને જરૂર પૂરતુ કાંઈક ખોતરી લેવું જેનાથી દીવાલને નુકસાન ન થાય એ જાઈઝ છે.

**૩.** એટલે કે બે વાર હાથ મારે. એકવાર ચહેરાના માટે અને બીજીવાર કોણીઓ સુધી હાથો (પર મસહ કરવા) માટે.

**૪.** યાદ રાખશો કે જાજરૂ કે પેશાબ કરવાની સ્થિતિમાં સલામ કરવી મના અને જો કોઈ કરી આપે તો જવાબ આપવો વાજિબ નથી. હુઝૂર ﷺનું એ જવાબ આપવું (કઝાએ હાજત પછી તયમ્મુમ બાદ) અખ્લાકે કરીમાનાના કારણે હતું. એની તેહકીક "મુખાલતતિલ જુનુબ"માં કરી દેવામાં આવી છે કે હુઝૂર ﷺનું અહીં સલામનો જવાબ આપવા માટે તયમ્મુમ કરવું એક ખાસ સ્થિતિ હતી. અને પાકી તથા ગૈર પાકી દરેક હાલતમાં ઝિક્રે ખુદા કરવું શરીઅતનો કાનૂન હતો. તેમજ પાણી હોવા છતાં તયમ્મુમ કરવું એવું હતું જેમ કે જનાઝાની નમાઝના માટે તયમ્મુમ કરી લેવું. જેથી ન હદીષોમાં ટકરાવ છે અને ન એના પર એ વાંધો છે કે એ તયમ્મુમ જાઈઝ કેવી રીતે થયું.

**૫.** આ લેખક પર વાંધો છે કે તે પ્રથમ વિભાગમાં ગૈરે શયખૈનની રિવાયત લઈ આવ્યા.

**૬.** આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે કે તયમ્મુમ વુઝૂની જેમ સંપૂર્ણ પાકી છે જેથી એ તયમ્મુમથી એક સમયમાં પણ કેટલીયે નમાઝો પઢી શકાય છે. અને એક વખતના તયમ્મુમથી કેટલાયે સમયની નમાઝો પઢી શકીએ છીએ. કેમ કે એને હુઝૂરે વુઝૂ ઠરાવ્યું, જેથી જે વુઝૂનો હુકમ છે તે જ એનો પણ હુકમ છે. ઈમામ શાફઈને ત્યાં તયમ્મુમ પાકીની જરૂરત છે કે નમાઝનો સમય નીકળી જવાથી તયમ્મુમ તૂટી જાય છે અને એક તયમ્મુમથી અધિક નમાઝો નથી પઢી શકતા. સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે આપ દરેક નમાઝ માટે અલગ તયમ્મુમ કરતા હતા. આ મુસ્તહબ હોવાની રીતે હતું, જેમ કે વુઝૂ પર વુઝૂ કરી લેવું.

**૭.** બેહતરથી મુરાદ અસ્લ છે. એટલે કે પાણી અસલ તહારત (પાકી) છે, એની ગેરહાજરીમાં તયમ્મુમ એનો નાયબ છે. જ્યારે અસલ આવી ગયું તો નાયબની ગુંજાઈશ ન રહી. એનો અર્થ એ નથી કે તયમ્મુમ પણ જાઈઝ છે, પણ વુઝૂ બેહતર. રબ ફર્માવે છે : اَصۡحٰبُ الۡجَنَّةِ يَوۡمَئِذٍ خَيۡرٌ مُّسۡتَقَرًّا

**૮.** પણ તેઓ સમજ્યા કે તયમ્મુમ બીમારના માટે નથી, કેવળ પાણી ન મળવાની હાલતમાં છે. કેમ કે રબ ફર્માવે છે : فَلَمۡ تَجِدُوۡا مَآءً فَتَيَمَّمُوۡا આ ઈજતેહાદની ગલતી તથા ખતા છે.

**૯.** આ છે સહાબાએ કિરામનો તકવો અને ખુદાનો ખૌફ કે જાન આપી દીધી પણ નમાઝ છોડવું માન્ય ન રાખ્યું.

**૧૦.** એટલે કે એ લોકો એના મૌતના સબબ બની ગયા, ન એવો ફત્વો આપતા ન તે ગુસ્લ કરીને મૃત્યુ પામતા. અને આ બદ દુઆ નારાજી દર્શાવવા માટે છે. આ હદીષથી જાણવા મળ્યું કે જો ખતાએ ઈજતેહાદીના કારણે કત્લ પણ થઈ જાય તો પણ મુજતહિદ પર કેસાસ કે દિયત બલ્કે ગુનોહ પણ નથી જેથી હઝરત અલી તથા અમીર મુઆવિયહ તથા આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની જંગોમાં જે મુસલમાનોનાં લોહી રેડાયાં તેની પકડ કોઈના પર નથી.

**૧૧.** એટલે કે એમણે જોઈતુ હતું કે એને ખુદ હુકમ ન આપતા, બલ્કે મારી પાસે આવતા સુધી ધીરજ રાખતા, મને મસ્અલો પૂછતા.

**૧૨.** ઈમામે આ'ઝમની નજીક وَيَعۡصِبَનો વાવ, 'અવ'ના અર્થમાં છે. મતલબ એ છે કે જો તે ગુસ્લ તદ્દન કરી શક્તો ન હતો, ત્યારે તો તયમ્મુમ કરી લેત. અને જો કેવળ માથા પર પાણી નાખવુ નુકસાનકારક હતું તો ઝખ્મ પર પટ્ટી બાંધીને મસહ કરી લેતો, બાકીનું શરીર ધોઈ લેત. ઈમામ શાફઈ આ વાવને બહુવચન માટે માને છે અને ફર્માવે છે કે એ જ હાલતમાં તયમ્મુમ પણ કરે અને ઘા વિનાના હિસ્સાનું ગુસ્લ પણ કરે. વધુ પેજ નં. ૨૬ પર

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

### દિલકો ઉનસે ખુદા જૂદા ન કરે–બેકસી લૂટ લે ખુદા ન કરે

*(બેકસી = મોહતાજી, લૂટ લે = તબાહ કરી દે, છીનવી લે)*

**અર્થાત** : હે અલ્લાહ ! દુનિયા છૂટે તો સો વાર છૂટે, જમાનો રૂઠે તો હજારવાર રૂઠે, પણ મારા દિલને તારા મહબૂબથી અલગ ન કરતો કે એમાં આપ ﷺની મહોબ્બત ન રહે, અને આ બેકસી (ઈશ્કે રસૂલ ﷺનું દર્દ) મારાથી છીનવાઈ જાય ! એવું કદી ન બને. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :

*અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે–જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ !*

આ'લા હઝરત મુજદ્દિદે આ'ઝમ رحمۃ اللہ علیہની જાતમાં આ "બેકસી"ની દૌલતના ખજાના ભરેલા પડયા હતા જેના માટે પૂરુ અરબ તથા અજમ ગવાહ છે.

### ઈસમેં રોઝેકા સજદા હો કે તવાફ–હોશમેં જો ન હો વો ક્યા ન કરે

**અર્થાત** : આ "બેકસી"માં જો કોઈ પોતાના હોશ હવાસ ખોય બેસે, અને રોઝએ અકદસનો તવાફ કે સજદો (કે જે હોશ હવાસવાળા માટે નાજાઈઝ છે) કરી લે તો એની શું પૂછતાછ પકડ થઈ શકે છે ?! એ તો બીચારો મરફૂઉલ કલમ (બેહોશ પર કોઈ હુકમ નથી લગાડી શક્તું તે) છે. એવા શખ્સની સાથે હમદર્દી કરવાને બદલે, લાઠી લઈને એવા પાછળ પડી જવું એ ક્યાંની અકલમંદી છે ! તથા ક્યાંની ખિદમત છે.

### યહ વહી હૈં કે બખ્શ દેતે હૈં–કૌન ઈન જુર્મો પર સઝા ન કરે

**અર્થાત** : આપણા આકા ﷺની આદતે કરીમા તો એ છે કે આપ મોટા મોટા પાપીઓને પણ માફ કરી આપે છે. આપના સિવાય કોણ છે જે મુજરિમોની સાથે પણ આવો સારો વર્તાવ કરે ?! દુનિયાના રાજાઓ તો મામૂલી સરખી ભૂલ પર સખત સજા આપે છે. તો વળી ક્યારેક એક વ્યક્તિના જુર્મમાં પૂરા ખાનદાનને તબાહ કરી નાખે છે. ઈતિહાસ આવા બનાવોથી ભરેલો પડયો છે. અને હુઝૂર ﷺની આ માફી દરગુઝર કરવાની શાનનું કેવળ કુર્આનમાં જ નહીં બલ્કે તૌરાત તથા ઈન્જીલમાં પણ બયાન હતું : **ولا يدفع بالسئية السيئة ولكن يعفو و يصفحو** "આપ બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા." બલ્કે (શેઅર) : *ગાલિયાં દેતા હૈ કોઈ તો દુઆ દેતે હૈં !*

ફતહે મક્કાના મોકા પર પોતાના જાની દુશ્મનોને એવું કહીને માફ કરી આપતા કે : **اذهبوا فانتم الطلقاء** આનાથી વધુ ઉઘાડુ દ્રષ્ટાંત બીજુ કયુ હોય શકે છે ?! પોતાની પુત્રી હઝરત ઝયનબ رضی اللہ عنہا પર થયેલ તે જુલ્મ કે જેના કારણે જ આપનો વિસાલ થઈ ગયો. પણ હુઝૂર ﷺએ તે જાલિમને પણ માફ કરી આપ્યો.

અને તાઈફવાળાઓથી વધુ સખ્તી કોણે કરી હતી ?! કે આપને લોહી લુહાણ કરી દીધા હતા. (મઆઝલ્લાહ !) પણ હુઝૂરે તેમને પણ દુઆઓથી નવાઝયા ! اللهم اهدقومی فانهم لا يعلمون સેંકડો નહીં હજારો બનાવો એકથી એકને ચઢે તેવા ઈતિહાસની કિતાબોમાં આપના માફી આપવા તથા દરગુઝર કરવા વિશેના સૂરજની જેમ ચમકી રહ્યા છે.

**સબ તબીબોંને દે દિયા હૈ જવાબ–આહ ! ઈસા અગર દવા ન કરે**

**અર્થાત** : દુનિયાના ડોકટરોએ તો મને લાઈલાજ કહીને છોડી આપ્યો છે, હવે મારા ઈસા (આકા ﷺ) પણ જો મારો દવા ઈલાજ ન કરે તો પછી જિંદગીની ઉમ્મીદ ક્યાંથી ?! જેથી હે કાઈનાતના તબીબ ! જેવી રીતે ઈમામ બુસૈરી رحمۃاللہ علیہને હકીમોએ જવાબ આપી દીધો હતો અને આપ ﷺએ આવીને તેમનો ઈલાજ કરી આપ્યો હતો, તો હે દર્દમંદોના આકા ! ﷺ મારા દિલમાં પણ કદમ રાખો કે જેથી દરેક બીમારીનો ઈલાજ થઈ જાય, આપના માટે એ કયુ મુશ્કેલ કામ છે ?!

*અપને અચ્છોંકા તસદ્દુક – હમ બદોંકો ભી નિભાઓ*

**દિલ કહાં લે ચલા હરમસે મુઝે–અરે ! તેરા બુરા ખુદા ન કરે**

**અર્થાત** : અરે ! મારા દિલ ! ખુદા તને હિદાયત આપે ! તું પણ કેવું મૂર્ખ છે કે મારાથી મદીના છોડીવી રહ્યું છે ?! શું મદીનાથી બેહતર કોઈ જગા છે જ્યાં તું મને લઈ જવા ચાહે છે ?! તું જોતું નથી કે :–

*સારી દૌલત ખુદાકી મદીને મેં હૈ–તાજદારે ઝમાના મદીને મેં હૈ*

**ઉઝ્ર ઉમ્મીદે અફ્વ અગર ન સૂનેં–રૂ સિયાહ ઔર ક્યા બહાના કરે**

**અર્થાત** : જેમના કરીમાના કરમથી મને માફી તથા દર ગુઝરની ઉમ્મીદ લાગેલી છે, જો તે કરીમ જ મારું બહાનુ તથા માફી ન સ્વીકારે તો આ ગુનેહગારના માટે તો અન્ય કોઈ પનાહ (શરણ)નું સ્થાન પણ નથી !

**દિલમેં રોશન હૈ શમ્એ ઈશ્કે હુઝૂર–કાશ ! જોશે હવસ હવા ન કરે**

*(જોશે હવસ = લોભ લાલચની અધિકતા)*

**અર્થાત** : અલ્હમ્દુલિલ્લાહ ! હજી સુધી તો દિલમાં ઈશ્કે મુસ્તફા ﷺની શમ્અ રોશન છે, જો લોભ લાલચના જોશે (હવા ચલાવીને) કામ ન બગાડયું તો ઈન્શાઅલ્લાહ ! મરતી વેળા બતાવીને જઈશું કે :–

*લહદમેં ઈશ્કે રુખે શહકા દાગ લે કે ચલે–અંધેરી રાત સુની થી ચરાગ લે કે ચલે*

આ'લા હઝરત رحمۃاللہ علیہ ફર્માવ્યા કરતા હતા. બિહમ્દિલ્લાહ ! જો મારા દિલના બે ભાગ કરવામાં આવે તો ખુદાની કસમ એક પર "લા ઈલાહ ઈલ્લલ્લાહ" અને બીજા પર "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" (عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ) લખેલું હશે.

**હશ્રમેં હમ ભી સૈર દેખેં–મુન્કિર આજ ઉનસે ઈલ્તિજા ન કરે**

*(સૈર દેખના = તમાશો જોવો)*

**અર્થાત** : કયામતના મેદાનમાં શાને રિસાલતના મુન્કિરોનો અમે ખૂબ તમાશો જોઈશું કે દુનિયામાં કહેતા હતા કે, "કોઈનાથી ન માગો, કોઈ હાજતરવા નથી, કોઈ મુશ્કલ કુશા, ગરીબ નવાઝ, દાતા, ગ્યારવીં

બારવીંવાળો નથી ! બસ ! અલ્લાહની જ મદદ ! બાકી સર્વ શિર્ક, બિદઅત છે. નબીઓ વલીઓની પાસે શું લેવા જાવ છો ?! જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજનો માલિક કે મુખ્તાર નથી ! વગેરે વગેરે.'' (નઊઝુ બિલ્લાહિ મિન ઝાલિક) આને મેહશરમાં જોઈએ છીએ કે શું સીધો અલ્લાહની બારગાહમાં જાય છે કે આદમ عليه السلام થી લઈને ઈસા عليه السلام સુધી નબીઓના દરવાજાઓ પર ધક્કા ખાતો ખાતો કરમની ભીખ માગે છે ! આજે કેમ જાય છે નબીઓના દરવાજાઓ પર ! વળી દુનિયામાં તો ખુદા પર્દામાં હતો અને આજે તો ખુદાનો દરબાર સામે લાગેલો છે ! ''ડાયરેકટ'' કેમ નથી જતો ? અરે ! હે મુન્કિર ! હોશમાં આવ ! અને આ'લા હઝરત رحمة الله عليهની પુર ખુલૂસ તથા ખૈર ખ્વાહી ભરી દિલનવાઝ સદા (પોકાર) પર કાન ધર ! એઓ તારા જ ફાયદા માટે કહી રહ્યા છે :–

*આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉન્સે–ફિર ન માનેંગે ક઼યામતમેં અગર માન ગયા*

**ઝોઅફ માના મગર યહ ઝાલિક દિલ–ઉન્કે રસ્તે મેં તો થકા ન કરે**

*(ઝોઅફ = કમજોરી)*

**અર્થાત** : પોતાના દિલને ધમકાવવાના અંદાઝમાં તસલ્લી આપી રહ્યા છે કે મારા અશક્ત તથા કમજોર દિલ ! કાંઈ વાંધો નહીં, કમજોરી છે થાક છે, પણ હે જાલિમ ! એટલી બધી તો શું કમજોરી થઈ ગઈ તને ?! મહબૂબનું નામ સાંભળીને તો લોકો જાન આપી દીધા કરે છે ! અને તું કેવું ડરપોક છે કે મદીનાની તરફ જઈ રહ્યું છે અને કમજોરી તથા થાકનું બહાનું બનાવે છે ! હિંમત કર અને આગળ વધતુ જા, ગુંબદે ખદ્દરાની ઝિયારત કરીશ તો સર્વ કમજોરી તથા થાકલો દૂર થઈ જશે. શું તું જાણતુ નથી આપણે જે બારગાહની તરફ જઈ રહ્યા છીએ તે આક઼ાની રહમતનો આલમ એ છે કે :–

*બળ્હેગી જબ ઝયાદા આફતાબે હશ્રકી ગર્મી–તેરી રહમત પુકારેગી યહી મૈદાને મહશર હૈ*
*ચલે આઓ ! ચલે આઓ ! ગુનેહગારો ચલે આઓ !–હઝારોં કોસકા સાયા હૈ દામાને પયગમ્બર મેં*

**જબ તેરી ખૂ હૈ સબકા જી રખના–વહી અચ્છા જો દિલ બુરા ન કરે**

હે મારા પ્યારા આક઼ા ! ﷺ જ્યારે આપની આદતે કરીમાના એ છે બે આપ કોઈનું દિલ નથી દુઃખવતા, આપ તો જાનવરો તથા પક્ષીઓને પણ પરેશાન જોઈને તડપી ઉઠો છો, અને જ્યાં સુધી તેમને પરેશાનીમાંથી કાઢી નથી લેતા ત્યાં સુધી આપને સુકૂન નથી થતું. તો પછી જેવો પણ છું આપનો ઉમ્મતી તો છું ! યક઼ીનન ! આપ મને પણ તમારી નિગાહે રહમતના સાયામાં રાખશો. અને હું મારા દિલને પણ એ જ સમજાવતો રહું છું કે હે કમીના ! તને પણ શરમ આવવી જોઈએ, આવા કરીમ આક઼ાના બારામાં તારી અંદર કોઈ પ્રકારનો મેલ પેદા ન થાય, અને તું હમેશાં એમની મહોબ્બતમાં લબરેઝ (છલકતુ) રહ્યા કર.

*મુરાદોંસે તુમ્હી દામન ભરોગે બે મુરાદોંકે–ગરીબોં બેકસોંકા ઔર પ્યારે કૌન વાલી હૈ*
*તુમ્હારે દર તુમ્હારે આસ્તાંસે મૈં કહાં જાઉં–ન મુઝસા કોઈ બેકસ હૈ ન તુમસા કોઈ વાલી હૈ*

*–(હસન રઝા)*

**દિલસે એક ઝોક઼ે મયકા તાલિબ હૂં–ક઼ૌન કહતા હૈ ઈત્તિક઼ાઅ્ ન કરે**

*(ઝૌક઼ે મય = મહોબ્બતની શરાબની લિજ્જત, તાલિબ = તલબગાર,ઈત્તિક઼ાઅ = પરહેઝગારી)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ હું તો દિલો જાનથી આપની મહોબ્બતની વધુ પેજ નં. ૧૫ પર

# ઝકાતની રકમથી

## કિતાબો છપાવવા વિશે સ્પષ્ટતા

**કાર્યાલય**

**મસ્અલા** : એવી દીની કિતાબ જે અગર છાપવામાં આવે તો દુનિયાના તમામ મુસલમાનોને લાભકારક પૂરવાર થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ ઝકાતથી ચંદો મેળવીને તેવી કિતાબ આમ લોકોની ભલાઈના માટે છપાવે તો તે ચંદો આપનાર વ્યક્તિઓની ઝકાત અદા થશે કે નહીં ?

**અલ્ જવાબ** : જાઈઝ છે અને તેમાં ચંદો આપનારાઓ માટે અજરે અઝીમ (મહાન સવાબ) અને **સવાબે જારિયહ** છે. જ્યાં સુધી તે કિતાબ અસ્તિત્વમાં રહેશે અને પેઢી દર પેઢી જે જે મુસલમાનોને ફાયદો પહોંચાડશે હમેશાં તે બધાનો અજર એક ચંદો આપનારને તેની જિંદગીમાં અને તેની ક઼બ્રમાં પહોંચતો રહેશે.

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

(અર્થાત) : "જ્યારે કે માણસ મૃત્યુ પામે તો તેનો અમલ સમાપ્ત થઈ જાય છે પણ ત્રણ વસ્તુ **સદક઼એ જારિયહ** અથવા તે **અમલ કે જે નફો પહોંચાડે** તેનાથી અને **નેક ઔલાદ.** એને બુખારીએ આદાબુલ મુફરદમાં તથા મુસ્લિમે પોતાની સહીહમાં અને અબૂ દાઊદ અને તિર્મિઝી અને નિસાઈએ અબૂ હુરયરહ رضی اللہ عنہથી કરી.

પણ સૌ પ્રથમ ફક઼ીર (જે ઝકાતનો હક્ક઼દાર હોય તેવા)ને ઝકાતની નિય્યતથી આપીને માલિક બનાવી દેવો જરૂરી છે. પછી તે ફક઼ીર કિતાબ છપાવવામાં જાતે આપી દે અથવા તેની પાસેથી દેવડાવી દે. જેમ કે દુર્રે મુખ્તાર તથા બહર્રુરાઈકની ઈબારતમાં (લખાણમાં) આવી ગયું. અથવા જે જે તરીક઼ાઓ અઈમ્માએ ફિક઼્હની કિતાબોમાં લખ્યા છે તે મુજબ (શરઈ હીલો) કરે.

દુર્રે મુખ્તારમાં છે : (અર્થ) : એવો ફક઼ીર જેને પહેલાં ક઼ર્ઝ આપ્યું હોય તેને ઝકાતની રકમ આપે પછી તેને વસૂલ કરે (ક઼ર્ઝના બદલામાં પાછી લઈ લે) અને જો તે કરજદાર ફક઼ીર આપવાથી ઈન્કાર કરે તો પોતાની આપેલી કરજવાળી રકમ તેની પાસેથી જબરદસ્તીથી મેળવે પોતાના હક્ક઼ પ્રમાણે. જો તે જબરદસ્તીથી પણ ન આપે (ના પાડે) તો ક઼ાઝી પાસે રજૂ કરે.

અને સૌથી આસાન એ છે કે એક દીનદાર શખ્સની પાસે સૌ ઝકાત દેનારા પોતાનો ચંદો ભેગો કરી દે અને તેને કહી દે કે ઝકાતનો માલ છે શરીઅતના તરીક઼ા મુજબ તમ્લીક પછી (કોઈ ગરીબને તેનો માલિક બનાવ્યા બાદ) છાપકામમાં અમારા સવાબ અર્થે ખર્ચ કરશો. તે એ પ્રમાણે (કરે) તો સૌ ઝકાતો પણ અદા થઈ જશે અને તે દીની જરૂરી લાભકારક કામ પણ થઈ જશે. અને આ માલોનું ભેગું કરવું માલિકોની ઈજાઝતથી છે કે ચંદાનો આ જ તરીક઼ો મશહૂર તથા મઅરૂફ છે, કોઈ મનાઈ નથી. દુર્રે મુખ્તારમાં છે કે : લવ ખલત ઝકાતન.......અંત સુધી.

*–(ફતાવા રઝવિય્યહ્, ૪/૪૬૯)*

પેજ નં. ૧૪ નું ચાલુ...

શરાબે તહૂરના ઝૌક઼ તથા લિજ્જતનો તાલિબ તથા ખ્વાહિશમંદ (ઈચ્છુક) છું, મને તો એનો એક ઘૂંટ અતા ફર્માવી જ દો ! કોઈ જો એનાથી બચે છે તો હજારવાર બચે, હું એને નથી કહેતો કે તું કેમ નથી પીતો ?! એને એનો તક઼વો મુબારક ! અને સાંભળો ! સાંભળો ! આ તે મહોબ્બતની શરાબ છે જે :–

*તયબહસે મંગાઈ જાતી હૈ સીનોમેં છુપાઈ જાતી હૈ–તૌહીદકી મય પ્યાલોંસે નહીં નઝરોંસે પિલાઈ જાતી હૈ*

**લે "રઝા" રબ ચલે મદીને કો–મૈં ન જાઉં અરે ! ખુદા ન કરે**

**અર્થાત** : આ શેઅરમાં અલ્લાહ તઆલાથી દુઆ કરવામાં આવી રહી છે કે હે અલ્લાહ ! હું એ ખબર ન સાંભળું કે સર્વ લોકો તો મદીના શરીફ જઈ રહ્યા છે અને હું (અહમદ રઝા જે મદીનાની હાજરીનો અધિક મુસ્તહિક઼) નથી જઈ રહ્યો, એવું કદાપિ ન થવું જોઈએ.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**


## અલ્ હાદી اَلْهَادِی

### (હિદાયત આપનાર)

**સમજૂતી** : સૌ પ્રથમ તેણે પોતાના ખાસ બંદાઓને પોતાની જાતની મઅરેફતની હિદાયત આપી, પછી તે ખાસ બંદાઓએ મખ્લૂકની સામે તે હસ્તીની ગવાહી આપી અને એનાથી અન્યોને માહિતગાર કરાવ્યા. અને પછી તેણે સામાન્ય બંદાઓને પોતાની હિદાયતથી નવાઝયા અને તેમણે તેની ગવાહી આપી. એ જ પ્રમાણે દરેક મખ્લૂકને જરૂરત પ્રમાણે હિદાયત બખ્શી. બાળકને હિદાયત આપી કે માની છાતી તે પોતાના મોઢામાં કેવી રીતે લે, પક્ષીનું બચ્ચુ કેવી રીતે દાણો ચણે, અને મધની માખી પોતાનુ ઘર કેવી રીતે બનાવે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

رَبُّنَا الَّذِی أَعْطَیٰ کُلَّ شَیْءٍ خَلْقَهُ ثُمَّ هَدَیٰ

**રબ્બુનલ્ લઝી અઅ્તયા કુલ્લ શયઈન્ ખલ્કહુ સુમ્મ હદયા.**

''અમારો રબ તે છે જેણે દરેક ચીજને તેની શકલ અતા કરી પછી તેમની રહનુમાઈ કરી.'' *(સૂરએ તાહા, આ. ૫૦)*

દરેક ચીજને એવી શકલો સૂરત અતા કરી જે એ ફાયદાઓ તથા લાભો માટે યોગ્ય છે જેમના માટે તેનું સર્જન થયું. ثُمَّ هَدَیٰનો ભાવાર્થ એ છે કે એ સર્વ મખ્લૂકાતને રબ તઆલાએ એ પણ શીખવાડયું કે પોતાનાં અંગો તથા શક્તિઓ વડે કઈ રીતે કામ લો એને એ લાભો સુધી કઈ રીતે પહોંચે.

**દર્સ તથા સબક** : નામ મુબારક اَلْهَادِی **''અલ્ હાદી''** થી બંદાના માટે દર્સ એ છે કે તે દીની તથા દુનિયવી બાબતોમાં અલ્લાહના બંદાઓનો ''હાદી'' તથા ''રહનુમા'' છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : એનો ઝિક્ર કરનાર લોકોના દિલોનો રહનુમા તથા હાદી બની જાય છે અને અલ્લાહની જમીન પર તેને હકમ તથા ફૈસલ બનવાની સદ્નસીબી મળે છે.

## અલ્ બદીઅ્ اَلْبَدِیْعُ

### (અનુપમ તથા અજોડ)

**સમજૂતી** : જેના જેવાનું અસ્તિત્વ ન હોય. જે પોતાની જાત, પોતાની સિફતો (ખૂબીઓ), કાર્યો તથા કામોમાં અનુપમ તથા અજાડ હોય તે યકીનન ! બદીઅ્ મુત્લક છે. આ બદીઅ્ના એવા બંદાઓ જે પોતાના જમાનામાં નબુવ્વત, વિલાયત તથા ઈલ્મમાં વિશિષ્ટતા તથા અનોખાપણુ ધરાવે છે, એમને પણ અજોડ તથા બદીઅ્ કહી શકાય છે. આપણા નબી સૈયદના મુહમ્મદ ﷺ ન કેવળ પોતાના જાહેરી જમાનામાં બલ્કે જેટલા યુગો થયા અને થશે તે સૌમાં અજોડ તથા અનુપમ છે, એ જ રીતે સર્વ મખ્લૂકોમાં પણ આપ બદીઅ્ છે.

**દર્સ તથા સબક** : નામ મુબારક اَلْبَدِیْعُ **''અલ્ બદીઅ્''** થી બંદાના માટે દર્સ એ છે કે

અલ્લાહના કલામની સરબુલંદી માટે પોતાની તમામતર શક્તિઓ તથા કાબેલિયતો ખર્ચ કરે અને એ રીતે પોતાના સમયમાં અનુપમ તથા અજોડ બની જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : નામ મુબારક البَدِيعُ **"અલ્ બદીઉ"**ના ઝિક્રથી હાજતો તથા જરૂરતો પૂરી થાય છે અને નુકસાનથી જરૂર રક્ષણ મળે છે. જે શખ્સ يَابَدِيعُ **"યા બદીઉ"** સિત્તેર હજારવાર પઢશે તેને વર્ણવેલ મક્સદો હાંસલ થશે. અર્બઈને ઈદરીસિયહમાં છે :–

يَا بَدِيعَ الشَّأْنِ فَلَا تُنْطُقُ الْاَلْسُنُ بِكُلِّ آلائِهِ وَثَنَائِهِ

**યા બદીઅશ્શાનિ ફલા તુન્તુકુલ્ અલ્સુનુ બિકુલ્લિ આલાઈહિ વષનાઈહિ.**

શયખ સુહરવર્દીએ ફર્માવ્યું છે, જે બંદો પાબંદીની સાથે એનો વિર્દ કરશે તેની રોજીમાં વધારો થશે, લોકોમાં એનો વકાર (પ્રભાવ) બુલંદ થશે અને અલ્લાહની તૌફીકથી જિંદગી ઉમદાથી અધિક ઉમદા થતી જશે.

## અલ્ બાકી البَاقِى

**(બકા તથા હમેશગીવાળો)**

**સમજૂતી** : એ જાત વાજિબુલ વજૂદ છે. હમેશાંથી છે અને હમેશાં રહેશે. પરંતુ જ્યારે ભાવિની તરફ એને નિસ્બત આપવામાં આવે છે તો તેને બાકી (સલામત) કહે છે. ભૂતકાળની તરફ નિસ્બત કરવામાં આવે છે તો તેને કદીમ તથા અઝલી (હમેશગીવાળો) કહેવામાં આવે છે. ભાવિમાં એના વજૂદના માટે કોઈ હદ તથા મર્યાદા નથી એટલા માટે એને અબદી કહે છે. એ જ પ્રમાણે તે દરેક જમાનામાં વજિબુલ વજૂદ બાકી બિનફસિહી છે.

**દર્સ તથા સબક** : જ્યારે બંદાના દિમાગમાં એ જામી જશે કે અલ્લાહ તઆલાના માટે જ બકા તથા દવામ (હમેશગી) છે અને તે જ તેનાં સર્વ કામોમાં મુતસર્રિફ (પહોંચવાળો) તથા અસરકર્તા છે, તો તેના આજ્ઞાપાલન તથા બંદગીથી મોં ફેરવશે નહીં, બલ્કે હમેશાં આજ્ઞાપાલન તથા ફર્માબરદારીમાં વ્યસ્ત રહેશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : જે બંદો એક હજાર વખત يَا بَاقِى **'યા બાકીયુ'**નો વિર્દ કરશે તે દરેક નુકસાન તથા રંજો ગમથી મુક્તિ પામશે.

## અલ્ વારિષ الوَارِثُ

**(હકીકી માલિકીવાળો)**


**સમજૂતી** : એ ઝાતે અકદસ કે સર્વ માલિકીઓ ફના પછી એની જ તરફ પલ્ટાઈને જશે અને એ જ રબ્બે ઝુલ જલાલ સર્વ મખ્લૂકાતના નાશ પામ્યા બાદ બાકી હશે અને દરેક ચીજ પલ્ટાઈને એની તરફ ચાલ્યી જશે. તે જ ફર્માવે છે : لِمَنِ الْمُلْكُ الْيَوْمَ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ "આજે બાદશાહી કોની છે ? (કોઈની નથી)" પછી એ જ જવાબ આપે છે, لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ "કેવળ અલ્લાહની છે જે એકલો અને અત્યંત ગલ્બા તથા કહેરવાળો છે." *(સૂ. ગાફિર, આ–૧૬)*

અને હક્ક તો એ છે કે એની બાદશાહી કેવળ કયામતના દિવસે જ હશે નહીં, બલ્કે દ્રષ્ટિવાળાઓ આ રબ્બાની નિદાને ખૂબ જ સારી પેઠે સમજે છે અને યકીન ધરાવે છે કે રબ્બે ઝુલ જલાલ તથા કહહારની બાદશાહી દરરોજ, દરેક ક્ષણે તથા દરેક જગાએ અને હમેશાંથી હમેશાં સુધી, કેવળ અને કેવળ એની જ જારી તથા લાગુ છે.

**દર્સ તથા સબક** : નામ મુબારક الوَارِثُ **'અલ્ વારિષ'**થી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે સાલિહીન તથા ઉલ્માએ રબ્બાનિયીનનો વારસ બને, અને પોતાને તેમનાં કથનો તથા અમલો અને હાલતોથી સંવારે તથા સજાવે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : એની ખાસિયત એ છે કે જો કોઈ અજંપા તથા બેચૈનીનો શિકાર હોય તો મગરિબ તથા ઈશાની વચ્ચે يَا وَارِثُ **'યા વારિષુ'**નો વિર્દ કરે તો તેની બેચૈની દૂર થઈ જશે.

# રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### ૨૦ વર્ષે પુત્ર ઘરે પરત આવ્યો

મઝકૂર મહિનાની ૨૫મી એ હિ. ૬૫૫ના રોજ કદમબોસીની દૌલત નસીબ થઈ. કેટલાક દુરવેશ ખ્વાજા બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની પાસે હાજર હતા અને સુલૂકના બારામાં ચર્ચા ચાલી રહી હતી. શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે તરીકતની રાહ રઝા વ તસ્લીમની છે. જો કોઈ શખ્સ ગરદન પર તલ્વાર મારે તો તેના પર રાજી રહે ! અને દમ ન મારે. શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જેની આ હાલત હોય તે દરવેશ છે. એ જ અરસામાં એક વૃધ્ધા રડતી કકળતી આવી. આપે ફર્માવ્યું, નજીક આપ ! તે આવી તો આપે પૂછયું કે તારી શું હાલત છે ? વૃધ્ધાએ કહ્યું કે, બુઝુર્ગ ! વીસ વરસથી મારો પુત્ર મારાથી વિખૂટો થઈ ગયો છે, હું નથી જાણતી કે તે જીવંત છે કે મરી ગયો છે. આપે મોડે સુધી મુરાકેબો કર્યો પછી ફર્માવ્યું, તારો પુત્ર આવી જશે. આ સાંભળીને તે આભાર માની ચાલી ગઈ. જ્યારે ઘરે પહોંચી તો એક ઘડી પણ પસાર થઈ ન હતી એટલામાં છોકરાએ આવીને દરવાજો ખટખટાવ્યો. પૂછયું, અમારા ઘરડાંઓના દરવાજા પર કોણ છે ? અવાજ આવ્યો કે હું છું ! તમારો પુત્ર ! વૃધ્ધા આવીને પોતાના જિગરના ટુકડાને ઘરમાં લઈ આવી અને પૂછયું, તું ક્યાં હતો ? કહ્યું, અહીંથી ૧૫૦૦ કોસના અંતરે હતો. પૂછયું, તો પછી કેવી રીતે આવ્યો ? કહ્યું, દરિયાના કિનારે ઉભો હતો એવામાં મને તમારો ખયાલ આવ્યો. હું રડી રહ્યો હતો એટલામાં એક સફેદ દાઢીવાળા ખિર્કાપોશ શખ્સ પાણીમાંથી જાહેર થયા અને મને પૂછયું કે શા માટે રડે છે ? મેં હાલત વર્ણવી. ફર્માવ્યું કે તને હું લઈ જાઉં ? મેં કહ્યું, મને તો ખૂબ જ મુશ્કેલ જણાય છે. એ દુરવેશે કહ્યું, મને હાથ આપ અને આંખો બંધ કર. મેં એવું જ કર્યું અને મને ઘરના દરવાજે ઉભેલો જોયો. વૃધ્ધા સમજી ગઈ કે એ બુઝુર્ગ શયખુલ ઈસ્લામ જ છે. તુરંત આવીને આદાબ બજાવી આભાર માની પરત થઈ.

### વિર્દો વઝાઈફ છૂટી જવાનાં નુકસાનો !

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જો આબિદથી કોઈ વિર્દો વઝાઈફ છૂટી જાય તો એ જ એની મૌત છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું શયખ યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો. એક સૂફીએ આવીને આદાબ બજાવીને અર્ઝ કરી કે આજે રાત્રે ખ્વાબમાં જોયું કે મારુ મૃત્યુ નજીક છે. શયખ

સાહબે ફર્માવ્યું કે તારાથી સવારની નમાઝ છૂટી ગઈ છે ! જ્યારે તેણે વિચાર્યું તો બરાબર એ જ વાત નીકળી જે શયખુલ ઈસ્લામે કહી હતી. જરૂરી છે કે જે કાંઈ તેં ખ્વાબમાં જોયું છે તે તરત તને દેખાડવામાં આવે, કેમ કે સાહિબે વિર્દ (વિર્દ કરનાર)થી જો વિર્દ છૂટી જાય તો તે તેના માટે મૌત છે. જેમ કે કહેવામાં આવે છે કે એકવાર કાઝી રઝીઉદ્દીન رحمۃ اللہ علیہ સૂરએ યાસીનનો વઝીફો કર્યા કરતા હતા. એક દિવસ છૂટી ગયો, તો એ જ દિવસે ઘોડા પરથી પડી ગયા અને પગ ભાગી ગયો. વિચાર્યું તો જણાયું કે એ દિવસે વઝીફો છૂટી ગયો હતો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, વિર્દ કરનારે જોઈએ કે જે વઝીફો હોય તે જો દિવસમાં પૂરો ન કરી શકે તો રાતે કરે, પણ વઝીફો કદી છોડી ન આપે, કેમ કે તેની ત્યજવાની આફત પૂરા શહેરમાં ખરાબી પેદા કરે છે.

પછી ફર્માવ્યું કે એકવાર એક દેશ વિદેશની સૈર કરનાર મારી પાસે આવ્યો. દમિશ્ક (દમાસ્કસ)ની સ્થિતિ તેણે આ પ્રમાણે વર્ણવી કે જ્યારે હું ત્યાં પહોંચ્યો તો તેને ઉજડી ગયેલું પામ્યું. જેથી વીસ ઘરોથી વધુ આબાદ ન હતાં. જ્યારે એ શહેરની ખરાબીની બાબત માલૂમ કરી તો એ શહેરમાં સર્વ અહલે સુન્નત વ જમાઅત આબાદ હતા અને સૌ વિર્દ કરનારા હતા. અમુક મુસલમાનોએ પોતાનો વઝીફો ત્યજી દીધો. એક વરસ પણ પૂર્ણ થયું ન હતું કે મોગલોએ આવી આખુ શહેર બર્બાદ કરી દીધું અને મુસલમાનોને કેદ કરી લીધા. એમના વઝીફાના ત્યજી દેવાના કારણે આ શહેર બર્બાદ થયું છે. વઝીફો ત્યજી દેવાની આફત આવી હોય છે.

*(**ચેતવણી** : આજે વઝીફો તો વઝીફો છે મુદ્દલે ફર્ઝો જ "સામૂહિક રીતે" ત્યજી દેવામાં આવી રહ્યા છે ! નમાઝો સરેઆમ ત્યજવામાં આવી રહી છે અને લોકોનું સમગ્ર ચલણ ઈસ્લામ વિરૂધ્ધ થઈ ગયું છે. તો એ જ સબબે આજે વિશ્વભરમાં મુસ્લિમોની હાલત દયનીય થઈ રહી છે. –તંત્રી)*

## મુરીદને અઝાબથી બચાવી લીધો !

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે શયખ મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہની એ આદત હતી કે જ્યારે કોઈ પડોસી મૃત્યુ પામતો તો આપ એના જનાઝાની સાથે જતા અને જ્યારે અન્ય લોકો ચાલ્યા જતા તો તેની કબ્ર પર વઝીફો કરતા.

આપના એક પડોસીએ અજમેર શરીફમાં ઈન્તેકાલ કર્યો તો આપ નિયમાનુસાર જનાઝાની સાથે ગયા અને લોકોના જતા રહ્યા પછી તેની કબ્ર પર વઝીફો કરવા લાગ્યા, અને મોડેથી ઉઠયા. શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું એ સમયે સાથે હતો. શું જોઉં કે આપના ચહેરાનો રંગ ક્રમે ક્રમે બદલાય રહ્યો છે. એ વખતે સતત વઝીફો કરતા રહ્યા. પછી ઉઠીને કહ્યું, અલ્હમ્દુલ્લિાહ ! બયઅત પણ સારી ચીજ છે ! શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ કારણ પૂછયું તો ફર્માવ્યું, જ્યારે આ શખ્સને દફન કરવામાં આવ્યો તો ફરિશ્તાઓએ આવીને અઝાબ આપવા ચાહ્યું. શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ આવીને ફર્માવ્યું કે એને અઝાબ ન કરો, આ મારો મુરીદ છે. ફરિશ્તાઓને એવું કહેવાનો હુકમ થયો કે બેશક ! આપનો મુરીદ છે પરંતુ આપની વિરૂધ્ધ હતો. ફર્માવ્યું કે, બેશક ! વિરૂધ્ધ (વર્તનવાળો) હતો પણ મુરીદ તો છે ! હુકમ થયો, ફરિશ્તાઓ ! શયખના મુરીદથી હાથ ઉઠાવી લો કે મેં એને શયખના વસીલાથી બખ્શી આપ્યો.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે પોતાની જાતને કોઈના બનાવવું સારું છે. પછી આ શેઅર પઢયો જે શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યો હતો : (ભાવાર્થ) : "જો હું નેક છું તો મને એમની સાથે કરી દે. અને જો હું બુરો છું તો મને એમના સદકામાં બખ્શી આપ."




**હપ્તો ૧**

❑ **લેખક** ❑

મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી

❑ **અનુવાદક** ❑

હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૧)**

## મુલકે અરબ

તમે અરબનું નામ સાંભળ્યું હશે. આ દેશ આપણા દેશ ભારતથી દક્ષિણ પશ્ચિમ (નેહઋત્ય)માં આવેલ છે. આ દેશને ત્રણ તરફથી સમુદ્રએ ઘેરેલ છે એટલા માટે તેને "જઝીરાનુમા" અને "જઝીરતુલ અરબ" (અરબદ્વિપ) કહે છે. તેના ઉત્તરમાં શામ તથા ઈરાક, પશ્ચિમમાં "બેહરે અહમર" (રાતો સમુદ્ર) જે મક્કા મુઅઝ્ઝમાથી પશ્ચિમની તરફ લગભગ ૭૭ કિલોમીટરની દૂરી પર છે. દક્ષિણમાં હિંદી મહાસાગર અને પૂર્વમાં ઓમાન તથા ઈરાનનો અખાત છે.

આ દેશમાં ખેતીલાયક જમીનો ઓછી છે અને તેનો વધારે પડતો ભાગ પહાડો તથા રણોમાં ફેલાયેલો છે. ભૂગોળ શાસ્ત્રીઓએ આ દેશની આઠ ભાગોમાં વહેંચણી કરી છે :–

(૧) હિજાઝ (૨) યમન (૩) હઝર મવત (૪) મહરહ (૫) ઓમાન (૬) બેહરૈન (૭) નજદ (૮) અહકાફ

**હિજાઝ** : આ દેશની પશ્ચિમ દિશામાં લાલ સમુદ્ર આવેલ છે જેનાથી લગતા પૂર્વી ભાગને તિહામદ અથવા ગૌર એટલે નીચાણવાળી જમીન કહે છે. તેનાથી પૂર્વમાં હિજાઝ છે અને હિજાઝથી પૂર્વના ભાગને નજદ (ઊંચી જમીન) કહે છે. હિજાઝનો અર્થ છે બે વસ્તુઓ દરમિયાન રૂકાવટ બનવાવાળો. કેમ કે આ ભાગ તિહામહ તથા નજદ (ઊંચી તથા નીચી જમીન)ના વચ્ચે છે એટલા માટે તેને હિજાઝ કહે છે. હિજાઝના નીચે દર્શાવેલ સ્થળો ઈસ્લામના ઈતિહાસમાં બહુ મશ્હૂર છે. મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, બદ્રે ઉહદ, ખૈબર, ફિદક, હુનૈન, તાઈફ, તબુક, ગદીરે ખુમ વગેરે.

**મક્કા મુકર્રમા** : આ મશ્હૂર શહેર જબલે અબૂ કુબૈસ (અબૂ કુબૈસ પહાડ) તથા જબલે કુઅયકીયાન (કુઅયકીયાન પહાડ) વચ્ચે આવેલ છે. તેની ચારે બાજુ નાના નાના પહાડો તથા રેતાળ મેદાનો દૂર દૂર સુધી છે. આજ શહેરમાં બંને જહાંનના તાજદાર જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પેદા થયા. મક્કા મુકર્રમા તથા તેની આજુબાજુના મશ્હૂર સ્થળો આ છે :–

કા'બા મુઅઝ્ઝમા, સફા, મરવા, મિના, મુઝદલેફા, અરફાત, ગારે હિરા, ગૌર શૌર, જબલે તન્ઈમ, જિઈર્રાનહ..... વગેરે.

**મદીના મુનવ્વરા** : મક્કાથી લગભગ ૩૨૦ કિલોમીટરના અંતરે ઉત્તરની તરફ મદીના મુનવ્વરા છે. આ પણ અરબનું મશ્હૂર શહેર છે. આ તે જ જગ્યા છે જ્યાં મક્કાથી હિજરત કરી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને આઝાદ રીતે લોકોને ઈસ્લામની દા'વત આપવાનું શરૂ કર્યું. આ જ શહેરમાં આપ ﷺનું મઝારે મુકદસ છે, જે

મસ્જિદે નબવીના અંદર ગુંબદે ખઝરાના નામથી મશ્હૂર છે.

મદીના મુનવ્વરાનું જૂનુ નામ "યષરબ" છે. આપણા નબી ﷺએ ત્યાં હિજરત ફર્માવી ત્યારથી તેનું નામ મદીનતુન્નબી (નબીનું શહેર) થઈ ગયું. પછીથી આ નામ ટૂંકુ થઈ "મદીના"થી મશ્હૂર થઈ ગયું. તેનું એક નામ "તયબહ" પણ છે.

મદીના મુનવ્વરાથી લગભગ સાડા ચાર કિલોમીટર ઉત્તરની તરફ ઓહદ પહાડ છે જ્યાં હક્ક તથા બાતિલની મશ્હૂર લડાઈ "જંગે ઓહદ" થઈ. તે જ પહાડના દામનમાં હુઝૂર ﷺના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہનું મઝારે મુબારક છે જે જંગે ઓહદમાં શહીદ થયા હતા.

મદીના મુનવ્વરાથી લગભગ પાંચ કિલોમીટરના અંતરે મક઼ામે કુબા છે. આ જ તે મુક઼દસ જગ્યા છે, જ્યાં હિજરત પછી હુઝૂર ﷺએ રોકાણ કર્યું અને પોતાના હાથ મુબારકથી એક મસ્જિદ તામીર ફર્માવી. જે "મસ્જિદે કુબા"થી મશ્હૂર છે. ત્યાર બાદ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા અને મસ્જિદે નબવી તા'મીર ફર્માવી.

મદીના મુનવ્વરાની બંદરગાહ "યમ્બુઅ" છે જે મદીનાથી ૧૧૭ કિલોમીટરના અંતરે લાલ (રાતા) સમુદ્રના કિનારે આવેલ છે.

## અરબની હાલત

રસૂલે કરીમ ﷺના તશરીફ લાવ્યા પહેલાં અરબની હાલત ઘણી જ બુરી હતી. જહાલતનો દૌર હતો, મૂર્તિપૂજા આમ હતી. દરેક કબીલાની અલગ મૂર્તિ હતી, ત્યાં સુધી કે લોકો ચાંદ, સૂરજ, પથ્થર, ઝાડ, દરિયા તથા પહાડ વગેરેને ખુદા સમજતા હતા અને પોતાના હાથો વડે બનાવેલી મૂર્તિઓની પૂજા કરતા.

ખાનએ કા'બા જે ફક્ત અલ્લાહ તઆલાની ઈબાદત માટે બનાવાયું હતું તેમાં ૩૬૦ મૂર્તિઓ રાખવામાં આવી હતી. કોઈ વ્યક્તિના અંદર તે મૂર્તિઓ વિરુદ્ધ કાંઈ બોલવાની હિંમત ન હતી.

અરબના લોકો મિજાઝના બહુ સખત હતા. નાની નાની વાત પર લડવા મરવા માટે તૈયાર રહેતા. અને જ્યારે કોઈ જંગ થઈ જતી તો વર્ષો સુધી ચાલતી રહેતી. લોહીની નદીઓ વહેતી અને વંશો સુધી જંગ ચાલુ રહેતી. લોકો મુરદાર ખાતા, શરમ તથા હયા તેમનામાંથી ઉઠી ગઈ હતી. દીકરીના જન્મ પર બહુ નાખુશ થતા. કેટલાક ખાનદાન તો છોકરીઓને મારી નાખતા અથવા જીવતી દફન કરી દેતા. મૂર્તિઓના નામ પર માણસોની કુર્બાનીઓ પેશ કરતા. ઔરતોને બહુ તુચ્છ તથા મનોરંજનનો સામાન સમજતા. બહેનો, માઓ, વહુ તથા દીકરીઓ સાથે શાદી કરી લેતા. એક વ્યક્તિ કેટલીય પત્નીઓ રાખતો અને જ્યારે તે મરી જતો તો તે ઔરતો તેની મિલકતમાં વહેંચાતી. બિભત્સપણુ, ચુગલખોરી, જૂગાર, લૂટમાર તથા જંગ અને લડાઈને કોઈ ઐબ (ખરાબી) ન સમજતા. શરાબ પીવું તેમની જિંદગીનો એક હિસ્સો બની ગયો હતો. તેમનામાં હરામ તથા હલાલનો કોઈ ફરક ન હતો. જંગલી જાનવરોથી પણ બદ્તર તેમની જિંદગી હતી. જાણે કે તે જહાલતના ઘોર અંધારામાં ભટકી રહ્યા હતા.

આ બધી ખરાબીઓના હોવા છતાં તેમનામાં કેટલીક ખૂબીઓ પણ હતી, તે બહાદૂર, શૂરવીર અને તલવારના ધણી હતા. તલવારની છાયામાં જાન અર્પણ કરી દેવી તેમના માટે ફખ્રની વાત હતી. તેઓ વાતના પાક અને વાયદાના સાચા હતા. મહેમાનોની બહુ જ ઈજ્જત તથા તા'ઝીમ કરતા. મહેમાન નવાઝી માટે સારા તથા તંદુરસ્ત ઊંટો ઝબહ કરી દેવાં તેમના માટે મામૂલી વાત હતી. સખાવત તથા બખ્શિશ તેમનામાં કુટી કુટીને ભરેલી હતી.

*(પ્રકરણ : ૨)*

## હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہما السلام

હઝરત ઈબ્રાહીમ علیہ السلام બહુ જ ઊંચી શાનવાળા પૈગંબર થઈ ગયા છે. આપ મુલ્કે ઈરાક઼માં પેદા થયા અને ત્યાં જ મોટા થયા. જ્યારે જવાન થયા તો અલ્લાહ તઆલાએ આપને દીનની સમજ અતા ફર્માવી, અને નબુવ્વતથી સરફરાઝ કર્યા. તેમના એક પુત્રનું નામ ઈસ્માઈલ علیہ السلام છે. તેમને પણ અલ્લાહ તઆલાએ નબુવ્વત અતા ફર્માવી. તે હઝરત બીબી હાજરા رضی اللہ عنہاના શિકમ (પેટ) મુબારકથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને તથા માતાને મક્કા મુકર્રમામાં લાવી આબાદ કર્યા, અને તેમને અરબની જમીન અતા ફર્માવી.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બીજા પુત્રનું નામ હઝરત ઈસ્હાક علیہ السلام છે જે હઝરત બીબી સારહ رضی اللہ عنہاના મુક઼દ્દસ પેટથી પેદા થયા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેમને મુલ્કે શામ અતા ફર્માવ્યું. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ત્રીજી પત્ની ''કતુરા''ના પેટથી મદયન વગેરે પેદા થયા તેમને આપે યમનનો ભાગ અતા કર્યો.

હઝરત ઈસ્માઈલ علیہ السلامની શાદી ક઼બીલએ ''જુરહમ''ની એક હોનહાર ઔરત સાથે થઈ. તેમનાથી ઔલાદ થઈ અને બહુ જ વધી, આબાદ થઈ અને અરબના આસપાસમાં ફેલાઈ ગઈ. આ લોકો પહેલાં તો એક ખુદાની ઈબાદત કરતા હતા અને બધાનો આ જ મઝહબ હતો. પરંતુ થોડાક સમય પછી તેમનામાંથી વધારે પડતા લોકોની અંદર બદલાવ આવી ગયો. તેઓ કુફ્રની નજીક થવા લાગ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઈબાદતથી ગાફેલ થઈ મૂર્તિપૂજામાં લાગી ગયા.

હઝરત ઈસ્માઈલ علیہ السلامના બાર (૧૨) પુત્રો હતા. તેમાંથી એકનું નામ ''કૈદાર'' હતું, તે બહુ જ મશહૂર હતા. તેમની ઔલાદ મક્કામાં આબાદ થઈ અને પોતાના બાપની જેમ કા'બા મુઅઝ્ઝમાની ખિદમત કરતા રહ્યા. કા'બાને દુનિયામાં સૌ પ્રથમ મર્કઝે તૌહીદ કહેવાય છે.

કૈદારની ઔલાદમાં અદનાન નામનો એક બહુ જ ઈજ્જત તથા શાનવાળા શખ્સ પેદા થયા, જે પોતાની ક઼ૌમના સરદાર હતા. અને અદનાનની ઔલાદમાં થોડાક વંશો બાદ કુસય પેદા થયા, જે બહુ જ શાનો શૌકત તથા જાહોજલાલના માલિક હતા. કુસય બાદ તેમના પુત્ર અબ્દે મુનાફ પોતાના બાપના જાનશીન થયા, તે પણ ક઼ૌમના વડા હતા. ત્યાર બાદ તેમના પુત્ર હાશિમ અને તેમના પુત્ર અબ્દુલ મુત્તલિબ એક પછી એક એક જાનશીન થતા રહ્યા. તે જ અબ્દુલમુત્તલિબના પુત્ર અબ્દુલ્લાહ છે જેમના પુત્ર આપણા નબી જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم છે. *......(ક્રમશઃ)*

---

**સલામે ઈમામ હુસૈન رضی اللہ عنہ**

**રહ્. કારી અતાઉર્રહેમાન 'રયહાન' ગુલશનાબાદી (દેવગઢબારીયા)**

ફરઝંદે મુરતઝા કો હમારા સલામ હો ઝહરા કે દિલરૂબા કો હમારા સલામ હો
સજદા અદા જો કર ગયા તેગોં કી છાંવમેં ઉસ બંદએ ખુદાકો હમારા સલામ હો
અસગર કી હર અદાસે હુવા, કુફ્ર બેનકાબ અસગર કી હર અદા કો હમારા સલામ હો
બાઝુ કટાયે ફિર ભી અલમકો રખ્ખા બુલંદ અબ્બાસે બાવફા કો હમારા સલામ હો
રોકી સીના કલેજે પે દીં કો બચા લિયા હમ શકલે મુસ્તફા કો હમારા સલામ હો
ઝયનબ કે લાલ ઔનો મુહમ્મદ હુવે શહીદ હર ફીદયએ ખુદાકો હમારા સલામ હો
બેટે, ભતીઝે, ભાનઝે, અન્સારે હક઼ શનાસ હર એક બાવફાકો હમારા સલામ હો
**'રયહાં'** કે સાથ જલ્સેમેં સબ કહ રહે હંય આજ સુલ્તાને નૈ ને નવા કો હમારા સલામ હો

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## નિકાહનું બયાન

આદમીનો વંશ બાકી રહેવાનો આધાર નિકાહ પર છે તેમજ આદમીની ફિતરી ખ્વાહિશ પણ છે. જેથી અલ્લાહ તઆલાએ નિકાહ કરવાનો હુકમ આપ્યો અને એને લગતા એહકામો કુર્આન શરીફમાં બયાન ફર્માવ્યા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ નિકાહની પ્રેરણા આપી તેમજ ફાયદા તથા કાયદા ઈર્શાદ ફર્માવ્યા :–

બુખારી તથા મુસ્લિમ વગેરે હદીષની કિતાબોમાં લખ્યું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અય નવજવાનો ! તમારામાં જે નિકાહ કરી શકે એમ હોય તેણે નિકાહ કરી લેવો. કેમ કે નિકાહ બુરી નજર તથા ખરાબ કામોને રોકનાર છે અને જેનાથી ન થઈ શકે એમ હોય તેઓ રોઝા રાખે. કારણ કે રોઝા નફસાની ખ્વાહિશાતને (મનની વાસનાને) તોડનાર છે. તથા ફર્માવ્યું કે; જે પાક, સાફ થઈને અલ્લાહ તઆલાથી મળવા ઈચ્છતો હોય તેણે આઝાદ ઓરતો સાથે નિકાહ કરવો. અને ફર્માવ્યું કે જે મારા તરીકાને ચાહતો હોય તે મારી સુન્નત પર ચાલે, અને મારી સુન્નતથી નિકાહ છે. અને ફર્માવ્યું, **દુનિયાની સૌથી સારી પુંજી નેક સ્ત્રી છે.** અને ફર્માવ્યું કે જેની પાસે એટલો માલ છે કે જેમાંથી તે નિકાહ કરી શકે છે તેમ છતાં જો નિકાહ ન કરે તો તે અમારામાંથી નથી.

**મસ્અલા** : નિકાહ તે કરારને કહે છે કે જેમાં પુરૂષને સ્ત્રી સાથે સંભોગ વગેરે હલાલ થઈ જાય.

**મસ્અલા** : ઔરતની સાથે નફસાની ખ્વાહિશાત પૂરી કરવાની મધ્યમ કક્ષાની હાલતમાં એટલે ન તીવ્ર વાસના હોય અને ન નામર્દ હોય તેવી હાલતમાં મહેર તથા ઔરતના ભરણ પોષણનો ખર્ચ ઊઠાવી શકવાની હાલતમાં નિકાહ કરવો **સુન્નતે મોઅક્કેદા** છે. નિકાહ ન કરવા પર અડગ રહેવું **ગુનોહ** છે અને હરામથી બચવાની નિય્યતથી, સુન્નતની પેરવી તથા હુકમના અમલ તથા ઔલાદ થવાની નિય્યતથી નિકાહ કરવામાં આવે તો સવાબ મળશે. જો ફકત લિજ્જત તથા હાજત પૂરી થવાની નિય્યતથી હશે તો સવાબ મળશે નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઔરતની સાથે નફ્સાની ખ્વાહિશ પૂરી કરવાની તીવ્ર ઈચ્છા હોય અને નિકાહ ન કરે તો ડર છે કે ઝિના થઈ જશે અને મહેર તથા ઔરતનું ભરણ પોષણ કરી શકે એમ **હોય તો** નિકાહ **વાજિબ** છે. એ જ રીતે જ્યારે પરાઈ ઔરતને જોવામાંથી પોતાની જાતને રોકી શકે એમ ન હોય તથા હાથ લગાડીને કામ લેવું પડે એવી હાલતમાં નિકાહ કરવો **વાજિબ** છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : નિકાહ ન કરવાથી ઝિના થઈ જવાનો પૂરેપૂરો વિશ્વાસ જ હોય તો નિકાહ કરવો **ફર્ઝ** છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એ વાતનો ભય હોય કે નિકાહ કર્યા પછી ખાવા, પીવા, ભરણ પોષણ આપી શકું એમ નથી, જરૂરિયાત પૂરી કરી શકાય એમ નથી તો એવી હાલતમાં નિકાહ કરવો **મકરૂહ** છે અને જો આવી વાતોનું પૂરેપૂરું **યકીન** જ હોય (ભરણ પોષણ, જરૂરિયાત પૂરી કરી શકે એમ ન

જ હોય તો) તો નિકાહ કરવો **હરામ** છે, પરંતુ નિકાહ કરશે તો થઈ જશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નિકાહ કરવા તથા એના હક્ક઼ અદા કરવા અને ઔલાદની તર્બિયત (પરવરીશ) કરવામાં મશ્ગૂલ રહેવું એ **નવાફિલમાં મશ્ગૂલ રહેવાથી બેહતર** છે. *(મિર્કાત, લમ્આત, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : નિકાહમાં આ વાતો **મુસ્તહબ** છે : (૧) જાહેરમાં થવા (૨) નિકાહથી પહેલાં ખુત્બો પઢવો (કોઈ પણ ખુત્બો હોય પણ હદીષમાં આવેલ ખુત્બો પઢવો બેહતર છે) (૩) મસ્જિદમાં હોવા (૪) જુમ્આના દિવસે હોવા (૫) આદિલ ગવાહોની સામે (હાજરીમાં) હોવા (૬) ઔરત ઉંમરમાં, ખાનદાનમાં, માલ, ઈજ્જતમાં મરદ કરતાં ઉતરતી હોય અને અખ્લાક઼, પરહેઝગારી તથા ખૂબસૂરતીમાં મરદ કરતાં ચઢિયાતી હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઈજાબો કુબૂલ (અર્થાત દા.ત. એક કહે કે મેં મારી જાતને તમારા પત્નીપણામાં અર્પણ કરી, બીજો કહે કે મેં કબૂલ કરી) એ નિકાહના અરકાન છે. પહેલો જે કહે છે તેને **ઈજાબ** તથા તેના જવાબમાં બીજાના શબ્દોને **કુબૂલ** કહેવામાં આવે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઈજાબ, કુબૂલમાં ભૂતકાળના રૂપનો શબ્દ હોવો જરૂરી છે. દા.ત. એમ કહે કે મેં મારા પોતાના યા મારી પુત્રી યા મારી મુવક્કિલાના તારાથી **નિકાહ કર્યા** અથવા તેને તારા નિકાહમાં આપી. તે કહે કે મેં મારી જાત માટે યા મારા લડકા માટે યા મારા મુવક્કિલ માટે **કબૂલ કર્યા**. એક તરફથી નિકાહની વાત (કામ) હોય, બીજી તરફ ભૂતકાળનું રૂપ હોય (આપી, કર્યા, કબૂલ કર્યા વગેરે ભૂતકાળનું રૂપ દર્શાવે છે) દા.ત. એમ કહે કે, તું તારા નિકાહ મારાથી કરી આપ (મારી સાથે) યા તું મારી ઔરત બની જા. (જવાબમાં) તેણે કહ્યું કે મેં કબૂલ કર્યા અથવા મારી જાતને તારી ઔરત (પત્ની) તરીકે સોંપી, તો નિકાહ થઈ જશે. એક તરફથી વર્તમાન કાળનું રૂપ હોય અને સામેથી ભૂતકાળનું રૂપ હોય. દા.ત. એમ કહેવામાં આવે કે તું મારાથી (મારી સાથે) તારા નિકાહ કરે છે ? તેણે (જવાબમાં) એમ કહ્યું કે મેં ક઼બૂલ કર્યા, તો (નિકાહ) થઈ જશે. આ બન્ને હાલતમાં (ઉપર લખેલી) પહેલા શખ્સે એમ કહેવાની જરૂરત નથી કે કહે મેં કબૂલ કર્યા જો એને કહ્યું કે, તેં તારી પુત્રીના મારી સાથે નિકાહ કરી દીધા ? તેણે કહ્યું, કરી દીધા અથવા કહ્યું, હા. તો જ્યાં સુધી પહેલો શખ્સ એવું ન કહે કે મેં કબૂલ કર્યા ત્યાં સુધી નિકાહ થશે નહીં અને નિકાહ કરીશ, કબૂલ કરીશ એવું બોલવાથી નિકાહ થઈ શકતા નથી. *(દુર્રે મુખ્તાર, હિંદીયા, બહાર વગેરે)*

**મસ્અલા** : નિકાહના શબ્દો બે પ્રકારના છે : એક જાહેરી (સ્પષ્ટ) એ કેવળ બે શબ્દ છે : **(૧)** નિકાહ અને **(૨)** શાદી કરવી. બાકીનાનો મતલબ મુરાદ છે. પરંતુ મતલબ મુરાદના એવા શબ્દોથી નિકાહ થઈ શકે છે જેમાં માલિકીપણાનો સમાવેશ થતો હોય. દા.ત. બખ્શિશ, માલિકી, સદક઼ો, ખરીદ, વેચાણ (વગેરેથી માલિકીપણું સાબિત થાય છે), પરંતુ એમાં શરત એ છે કે ગવાહો એને નિકાહ સમજે. *(દુર્રે મુખ્તાર, હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ખિયારે રૂયત (છોકરી–છોકરો જોયા પછી ઈખ્તિયાર) નથી અને ખિયારે ઐબ (જોયા પછી પાછળથી ઐબ કાઢવી) નથી. *(હિંદીયા, બહાર વગેરે)*

**મસ્અલા** : નિકાહ માટે કેટલીક શરતો છે : **(૧)** આક઼િલ હોવું (જેથી મજનૂ, પાગલ અથવા નાસમજ બાળકે નિકાહ કર્યા તો તે નિકાહ થશે નહીં) **(૨)** બાલિગ હોવું (પરંતુ જો નાબાલિગ

સમજદાર હોય તો થઈ જશે પણ એના વાલીની રજા પર આધાર રહેશે) **(૩)** ગવાહ હોવા (અર્થાત ઈજાબ તથા કુબૂલ બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે ઔરતોની હાજરીમાં થવા જોઈએ. ગવાહ આક઼િલ, બાલિગ, આઝાદ હોવા જોઈએ અને એક સાથે નિકાહના શબ્દો સાંભળવા જોઈએ. બાળકો અને પાગલોની ગવાહીથી નિકાહ થઈ શકતા નથી. ગુલામની ગવાહીથી પણ નિકાહ થઈ શકતા નથી. ભલે તે મુદબ્બર કે મુકાતબ હોય. (જેને માલિકે કહ્યું હોય કે આટલી રકમ આપ તું આઝાદ છે તેને મકાતબ કહેવાય છે અને જેને માલિકે કહ્યું હોય કે મારા મરણ પછી તું આઝાદ છે તે મુદબ્બર છે.) મુસલમાન મર્દનો નિકાહ મુસલમાન ઔરત સાથે કરવામાં આવતો હોય તો ગવાહો મુસલમાન હોવા શર્ત છે. પરિણામે જો કિતાબિયા સાથે મુસલમાન મર્દનો નિકાહ હોય તો એ નિકાહના ગવાહ ઝિમ્મી કાફિર પણ થઈ શકે છે. *(બહાર વગેરે)*

**મસ્અલા** : એકલી (ફકત) ઔરતો તથા હિજડાની ગવાહીથી નિકાહ થઈ શકતા નથી જ્યાં સુધી કે એમાંના બેની સાથે એક મરદ ન હોય. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : નિકાહના ગવાહ ફાસિક઼ હોય યા આંધળા કે એવો આદમી કે જેણે કોઈ પાક દામન ઔરત પર ઝિનાનો ઈલ્ઝામ લગાડયો હોય (તેના કારણે સજા પામ્યો હોય) તો એમની ગવાહીથી નિકાહ તો થઈ જશે પરંતુ નિકાહ કરનાર પૈકી કોઈ એક ના પાડે તો એની શહાદતથી નિકાહ સાબિત થશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઈજાબ, કુબૂલ વેળા ગવાહ હાજર હોવા શર્ત છે, જેથી જો નિકાહ ઈજાઝત પર આધારિત હોય તો જો ઈજાબ કુબૂલ ગવાહોની સામે (રૂબરૂ) થયા હોય તો ઈજાઝતની વખતે હાજર ન હોય તો નિકાહ થઈ જશે અને તે ઊલટુ થશે તો નહીં. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ગવાહ એમને નથી કહેવામાં આવતા કે જે બે માણસોને નિકાહની મેહફિલમાં નિયુકત કરવામાં આવે છે પરંતુ તે તમામ હાજરજનોને ગવાહ ગણવામાં આવશે જેઓ ગવાહી આપવા યોગ્ય હોય અને ઈજાબ–કુબૂલ બધાંએ સાંભળેલ હોય.(મજલિસમાં હાજર રહેલા તમામ માણસો જેમણે ઈજાબ–કુબૂલ સાંભળેલ હોય તે બધાંને ગવાહ ગણવામાં આવશે.)

**મસ્અલા** : ઔરત પાસેથી રજા લેતી વેળા ગવાહોની જરૂરત નથી. એટલે કે તે વખતે જો ગવાહો ન પણ હોય અને નિકાહ પઢાવતી વખતે (હાજર) હોય તો નિકાહ થઈ જશે. અલબત્ત ! રજા લેતી વેળા ગવાહોની જરૂરત એટલા માટે છે કે જો તે ઈન્કાર કરી બેસે અને એમ કહે કે મેં રજા આપી નથી તો એની રજા આપવાની વાત ગવાહોથી જ સાબિત થઈ શકે.

**મસ્અલા** : હિંદુસ્તાનમાં ખાસ કરીને એવો રિવાજ પડી ગયો છે કે એક માણસ ઔરત પાસેથી રજા લઈને આવે છે જેને વકીલ કહે છે. તે આવીને નિકાહ પઢાવનારને કહે છે કે હું ફલાણીનો વકીલ છું, તમને રજા આપું છું કે નિકાહ પઢાવો. આ રીત ખોટી છે. વકીલને એ અધિકાર નથી કે તે બીજાને વકીલ બનાવે. જો એવું કરવામાં આવ્યું તો નિકાહ ફુઝૂલી થયા ગણાશે તેનો આધાર રજા પર રહેશે. કેમ કે રજા આપતાં પહેલાં મર્દ કે ઔરત દરેકને તોડવાનો અધિકાર છે. બલ્કે એવું હોવું જોઈએ કે જે પઢાવનાર છે તે ઔરતનો કે એના વાલીનો વકીલ બને. ચાહે એની પાસે જાતે જઈને વકીલાતનો હક્ક઼ મેળવે યા તો બીજો કોઈ એવું કહીને એની વકીલાતની રજા મેળવી લાવે કે ફલાણા બિન ફલાણાને તેં વકીલ બનાવ્યો કે તે તારો નિકાહ ફલાણા બિન ફલાણા બિન ફલાણા સાથે કરી દે. જવાબમાં ઔરત હા પાડે.

**મસ્અલા** : એવું હોવું પણ જરૂરી છે કે નિયુકત કરેલ ગવાહોને ખબર હોવી જોઈએ કે ફલાણી ઔરત સાથે નિકાહ થાય છે. એની બે રીત છે : એક એ કે જો ઔરત નિકાહની મેહફિલમાં હાજર છે તો નિકાહ પઢાવનાર એની તરફ ઈશારો કરીને કહે કે મેં આને તારા નિકાહમાં આપ્યો. ભલે ઔરતના મોં પર નકાબ (પડદો) હોય તો પણ ઈશારો કાફી છે. જાણકારી આપવાની બીજી રીત એ છે કે ઔરત અને બાપ તથા દાદાનું નામ લેવામાં આવે કે ફલાં બિન્તે ફલાં –જો ફકત ઔરતનું નામ લેવાથી જ ગવાહોને માલમ પડી જાય કે ફલાણી ઔરત સાથે નિકાહ થયો તો બાપ દાદાનું નામ લેવાની જરૂર નથી, પરંતુ જાણકારી માટે લેવું જોઈએ.

**મસ્અલા** : ઔરત પાસેથી રજા લેતી વેળા એને મરદનું નામ તથા એના બાપ દાદાનું નામ જણાવવું જેથી એને ખબર થાય કે ફલાણાની સાથે એના નિકાહ થઈ રહ્યા છે.

**(૪)** ઈજાબ–કુબૂલ એક જ મજલિસમાં થવાં જોઈએ. (જો બન્ને એક મજલિસમાં મૌજૂદ હતાં, એકે ઈજાબ કર્યો બીજો કુબૂલ કરતા પહેલાં જ ઊઠી ગયો યા કોઈ એવા કામમાં લાગી ગયો કે મજલિસ બદલાઈ ગઈ તો ઈજાબ રદ થઈ ગયો. પછી કુબૂલ કરવું બેકાર છે. ફરીથી ઈજાબ–કુબૂલ થવું જોઈએ. *(હિંદીયા, બહાર)* **(૫)** કુબૂલ (હા) ઈજાબની વિરૂધ્ધ (ઉલટો) ન હોવો જોઈએ. (દા.ત. એમ કહેવામાં આવે કે હજાર રૂપિયાની મહેર પર તારા નિકાહમાં આપી. જવાબમાં એણે નિકાહ તો કબૂલ કર્યા પણ મહેર કૃબૂલ ન કરી તો નિકાહ થયા નહીં અને જો નિકાહ કબૂલ કર્યા વગર મહેર બાબત કંઈ બોલ્યો નહીં તો હજાર રૂપિયા પર નિકાહ થઈ ગયા). **(૬)** છોકરી બાલિગ હોય તો એનું રાજી હોવું શર્ત છે (વાલીને અધિકાર નથી કે એની રજા વગર નિકાહ કરી દે.) **(૭)** કોઈ આવનાર સમય (ભવિષ્ય) તરફ નિસ્બત ન થતી હોય, ન કોઈ શર્ત પર આધારિત હોય (દા.ત. મેં તારાથી આગામી દિવસોમાં નિકાહ કર્યા અથવા ઝૈદના આવ્યા બાદ તારાથી નિકાહ કર્યા) આવી હાલતમાં નિકાહ થશે નહીં. **(૮)** નિકાહના મેળ (લગાવ) તમામ અવયવો પર હોય એટલે કે જે બોલવાથી સમગ્ર શરીરના અવયવોનો સમાવેશ થઈ જતો હોય (જો એમ કહેવામાં આવે કે ફલાણાના હાથ સાથે અથવા પગ સાથે અથવા અડધા ભાગ સાથે) નિકાહ કર્યા તો આવી હાલતમાં નિકાહ થયો ગણાશે નહીં. *(હિંદીયા, બહાર)*

પેજ નં. ૧૧નું ચાલુ...

પરંતું ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો કૌલ ખૂબ જ મજૂબત છે, કેમ કે તયમ્મુમ ગુસ્લનો નાયબ છે, અને નાયબ તથા અસલ કદી ભેગાં નથી થઈ શકતા. તેમજ મુહદ્દિષોની નજીક આ હદીષ ઝઈફ પણ છે. જુઓ મિર્કાત. યાદ રાખશો કે શંકાસ્પદ પાણીની સ્થિતિમાં ગુસ્લ તથા તયમ્મુમ બંનેવ કરે છે, એનું કારણ આપણી પોતાની અજ્ઞાનતા છે કે પાણી પાક કરનારું છે કે નહીં. અહીં અસલ તથા નાયબને ભેગા કરવું નથી, ત્યાં ક્યાં તો ગુસ્લ જ પાકી છે ક્યાં તો તયમ્મુમ જ પાકી છે.

**૧૩.** આ ઈજતેહાદનો મતભેદ થયો, એમાં એક સાહબ જ હક્ક પર હતા પણ કોઈએ કોઈના પણ વાંધો ન ઉઠાવ્યો. આપણે જે કહેતા રહીએ છીએ કે ચારેવ મઝહબ બરહક્ક, તો એનો મતલબ એ જ છે કે કોઈના પર મલામત (ભલુ બુરુ કહેવું) કે વાંધો નથી. એનો માખઝ આ જ હદીષ છે.

**૧૪.** એટલા માટે કે ફર્ઝ પહેલાં અદા થઈ ચૂક્યો હતો, બીજી નમાઝ નફલ બની ગઈ, અને નફલનો સવાબ પણ મળે છે. એ મતલબ નથી કે ઈજતેહાદનો બમણો સવાબ મળ્યો, એ તો પહેલાને મળ્યો હશે કે એનો ઈજતેહાદ દુરુસ્ત હતો. ખતાએ ઈજતેહાદી પર એક સવાબ હોય છે અને સહીહ ઈજતેહાદ પર બીજો.

## હઝરત ઉષ્માન તથા હઝરત ઉમરનો આપસમાં અદબનો અંદાઝ ! رضی اللہ عنہما

રજૂ : *મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી (કુરચનવી)*

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં નબી કરીમ ﷺના સહાબાએ કિરામની ખૂબીઓ વર્ણન કરતા ફર્માવ્યું : "સહાબા કાફિરો પર કડક અને એકબીજા સાથે નરમ છે."

આમ તો બધા સહાબાએ કિરામથી મહોબ્બત અને એમની તાઝીમ વાજિબ છે અને દરેક સહાબી એકબીજા સાથે નરમ વર્તન કરતા હતા અને કાફિરો પર સખ્ત તથા કડક હતા પણ ખુલ્ફાએ રાશિદીનમાં આ ગુણો અધિકતમ હતા. ઝિલહજ્જ મહિનાની ૧૮ તારીખે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદતની ઘટના સર્જાઈ જ્યારે કે આ જ મહિનાના અંતમાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પર જીવલેણ હમલો થયો. અને છેવટે પહેલી મુહર્રમે આપનો વિસાલ થયો માટે આ હેતુસર આ બન્નેવ સહાબાએ કિરામના એકબીજા સાથે સદવર્તન તથા અદબને લગતો એક વાક્યો રજૂ કરીએ છીએ.

એક દિવસ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તથા હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ નબી કરીમ ﷺના કોઈ કામમાં વ્યસ્ત હતા કે અસરની નમાઝનો સમય થઈ ગયો. હઝરત ફારૂકે આ'ઝમે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہથી કહ્યું "આગળ વધો અને નમાઝ પઢાવો !" હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું, (હે ઉમર !) તમે મારાથી અફઝલ (શ્રેષ્ઠ) છો, તમે નમાઝ પઢાવો ! કેમ કે નબી કરીમ ﷺ તમોને આગળ કર્યા હતા અને તમારી પ્રસંશા કરી હતી." હઝરત ઉમરે કહ્યું : હું તમારાથી આગળ નથી ઊભો થઈ શકતો કેમ કે મેં નબી કરીમ ﷺથી સાંભળ્યું છે કે, "ઉષ્માન સર્વશ્રેષ્ઠ ઈન્સાન અને મારા જમાઈ છે, અલ્લાહ તઆલાએ એમની સાથે મારા નૂરને જમા કર્યું છે." હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું, (હે ઉમર !) "હું તમારી ઈમામત નથી કરી શકતો કેમ કે મેં નબી કરીમ ﷺથી સાંભળ્યું છે કે ઉમરથી અલ્લાહ તઆલા ઈસ્લામને કમાલ (પરિપૂર્ણતા) અર્પણ કરશે." જ્યારે હઝરત ઉમરે પોતાના વિશે આ સાંભળ્યું તો કહ્યું, (હે ઉષ્માન !) "હું તમારી આગળ કેવી રીતે ઉભો થઈ શકું ? જ્યારે કે મેં નબી કરીમ ﷺને આ ફર્માવતાં સાંભળ્યું કે, "ઉષ્માનથી અલ્લાહના ફરિશ્તાઓ શરમ કરે છે." હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું, (હે ઉમર !) હું તમારી આગળ કેવી રીતે ઊભો રહું જ્યારે કે નબી કરીમ ﷺથી મેં આ સાંભળ્યું છે કે, "અલ્લાહ તઆલા ઉમરથી દીનને પરિપૂર્ણતા અને મુસલમાનોને ઈજ્જત આપશે." હઝરત સૈયદના ઉમરે કહ્યું કે, "મને ઈમામતનો કોઈ અધિકાર નથી કેમ કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "ઉષ્માન કુર્આનને જમા કરશે અને એ અલ્લાહ તઆલાના હબીબ છે."

હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું, (હે ઉમર !) હું તમારો ઈમામ બનવાની લાયકાત નથી ધરાવતો કેમ કે નબી કરીમ ﷺનું ફર્માન છે, "ઉમર સારા વ્યક્તિ છે, બેવાઓ તથા યતીમોના ઘરોમાં ભોજન પહોંચાડે છે."

હઝરત સૈયદુના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવ્યું કે, હું નમાઝમાં તમારો ઈમામ નથી બની શકતો કેમ કે મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે, "અલ્લાહ તઆલા ઉષ્માનની મગફિરત ફર્માવે, ઉષ્માન સંકટ સમયે ઈસ્લામી લશ્કર માટે સામાન ઉપલબ્ધ કરતા હતા." ત્યાર બાદ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ કહ્યું કે હું તમારી આગળ ઊભો નથી થઈ શકતો કેમ કે મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાભળ્યું છે કે, "હે અલ્લાહ ! ઉમરથી ઈસ્લામને વિજય અતા કર ! અને તમોને નબી કરીમ ﷺએ "ફારૂક" નો લકબ આપ્યો અને અલ્લાહ તઆલાએ તમારાથી હક્ક તથા બાતિલમાં તફાવત કર્યો."

જ્યારે નબી કરીમ ﷺ સુધી આ વાતચીત પહોંચી તો આપે બન્નેવ માટે ભલાઈની દુઆ કરી અને એકબીજા સાથે સદ્‌વર્તન તથા અદબ કરવાની પ્રશંસા કરી.

*(નૂરૂલ અબસાર ફી મનાકિબિ આલી બૈતિન્નબીય્યીલ, પેજ–૫)*

# ફકીહોના મતભેદોના
## ✦ આદાબ (નિયમો) ✦

***(ફુકહા દરમિયાન મસાઈલ સંબંધિત થતા ઈખ્તિલાફના આદાબ)***

**રજૂકર્તા : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

ફુકહાએ કિરામ તથા મુફ્તિયાને એઝામે ફત્વા આપવાના આદાબો તથા મુફતીની શિષ્ટતાઓનો લેહાઝ કરવો ઘણો જ જરૂરી છે. આદાબ તથા શિષ્ટતા વિના ફત્વો આપનારથી ભૂલની શક્યતા બલ્કે નિશ્ચિત રીતે ભૂલ થાય છે. મુફતીના આદાબમાંથી એ છે કે તે "દરેક સવાલનો જવાબ ન આપે." આ મનાઈનું મહત્વ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ તથા અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના ફર્માન દ્વારા સ્પષ્ટ થાય છે. ફર્માવે છે કે; "જેણે દરેક સવાલ પર ફત્વો જારી કર્યો તે મજનૂન છે." મુફતીના જ આદબમાંથી છે કે મુત્તકી તથા પરહેઝગાર હોય વગેરે. આ વિશેના આદાબ તથા શિષ્ટતાની તફસીલ માટે અબુલ કાસિમ સૈમરી, ખતીબ બગદાદી رحمۃ اللہ علیہماની કિતાબો, ખાસ કરીને અબૂ અમ્ર બિન સલાહ رحمۃ اللہ علیہની કિતાબ "અદબુલ મુફતી વલ મુસ્તફતી"નો અભ્યાસ કરી શકાય છે. આજે આપણે ઈખ્તિલાફ (મતભેદ)ના આદાબને છોડીને લગભગ દરેક આદાબ તથા શિષ્ટતાનો લેહાઝ રાખીએ છીએ, પરંતુ ઈત્ખેલાફના આદાબની વાત તો દૂર તેના નજીક જવાથી પણ કતરાઈએ છીએ ! જ્યારે કે આદાબે ઈખ્તિલાફનો લેહાઝ રાખવો એટલો જ જરૂરી છે જેટલો કે અન્ય આદાબોનો લેહાજ જરૂરી છે. તો પણ આપણે મસાઈલ સંબંધિત ઈખ્તિલાફની શિષ્ટતાઓને બિલકુલ નઝરઅંદાઝ કરી દીધી છે. જેના ખરાબ પરિણામો આપણી સમક્ષ છે. આજે હું "ઈખ્તિલાફે ફુકહાની શિષ્ટતાઓ"ના વિષય પર બોધપાઠ બને એવી અમુક ઘટનાઓનું વર્ણન કરીશ, જે આપણા માટે દીવાદાંડી સમાન છે. ખાસ વાંચકોથી ગુઝારિશ છે કે નિમ્ન લિખિત પ્રસંગો તથા વાકેઆઓને પક્ષપાતથી દૂર થઈને ધ્યાનપૂર્વક તથા બોધપાઠ પ્રાપ્ત કરવાની દષ્ટિએ વાંચે અને પોતાના માટે આ બુઝુર્ગોની વિચારસરણી તથા દરયાદિલીને પયરવી પાત્ર તથા માર્ગદર્શક બનાવે.

**(૧)** ઈમામ અબૂ મૂસા યૂનુસ બિન અબ્દુલ અઅ્લા સિદફી મિસ્રી رحمۃ اللہ علیہ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના અસ્હાબમાંથી છે. જે ફર્માવે છે :–

"મેં ઈમામ શાફઈ رحمۃ اللہ علیہથી અધિક અક્લમંદ વ્યક્તિ નથી જોઈ. એક દિવસ મેં તેમની સાથે એક મસ્અલાના વિશે મુનાઝરો કર્યો. ત્યાર બાદ છૂટા પડયા પછી અમારી મુલાકાત થઈ, ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ મારો હાથ પકડયો અને ફર્માવ્યું, હે અબૂ મૂસા ! શું એ સહી (યોગ્ય) નથી કે આપણે ભાઈ ભાઈ જ રહીએ, ભલે આપણી કોઈ મસ્અલામાં એકમતિ ન હોય ?

ઈમામ ઝહબી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની આ વાત તેમની સંપૂર્ણ અક્લ (બુદ્ધિ) તથા તેમના પ્રાકૃતિક ફકીહ હોવાને દર્શાવે છે. રહી વાત મસાઈલમાં વિખવાદની, તો આવું એક જમાનાથી થતું રહ્યું છે." *(સિયરો અઅ્લામિન્નબલા, ઈમામ ઝહબી)*

આ પ્રસંગથી નિમ્ન લિખિત વાતો જાણવા મળી :–

**(અ)** ફુક્હાએ કિરામ દરમિયાન મસાઈલમાં ઈખ્તિલાફ (વિખવાદ) થઈ શકે છે.

**(બ)** મસાઈલમાં ઈખ્તિલાફ (મતભેદ) વિશ્વસનીય છે.

**(ક)** મસાઈલમાં ઈખ્તિલાફના કારણે ભાઈચારો તથા સંબંધ ખતમ નથી થઈ જતો બલ્કે ઈખ્તિલાફ (મતભેદ)થી પહેલાં જે પ્રમાણે હતો ઈખ્તિલાફ (મતભેદ) બાદ પણ તે જ પ્રમાણે બાકી રહે છે.

**(૨)** અહમદ બિન હફ્સ સઅ્દી رحمۃاللہعلیہ કહે છે : મેં ઈમામ અહમદ બિન હંબલ رحمۃاللہعلیہને એ ફર્માવતા સાંભળ્યા છે કે :–

''ઈસ્હાક્ જેવી ઝાત પુલ પાર કરીને ખુરાસાન ન આવી, ભલે ને તેઓ કેટલાયે મસાઈલમાં અમારા મુખાલિફ હતા, તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી ! કેમ કે કેટલાયે ઓલમા કેટલાઓની મુખાલિફત કરતા આવ્યા છે.'' *(સિયરો અઅ્લામિન્નબલા, ઈમામ ઝહબી)*

આ પ્રસંગથી નિમ્ન લિખીત વાતો સાબિત થઈ :–

**(અ)** એક ફક઼ીહનો બીજા ફક઼ીહની સાથે એક બે નહીં કેટલાયે મસાઈલમાં ઈખ્તિલાફ થઈ શકે છે.

**(બ)** મસાઈલમાં ઈખ્તિલાફ હોવા છતાં વિરોધીની ઈજ્જત, એહતેરામ (માન સન્માન) તથા તેની પ્રશંસા કરવી વગેરેથી મોઢું ન ફેરવામાં આવે.

**(ક)** મસાઈલમાં વિખવાદ કોઈ આશ્ચર્યની વાત નથી, આવું તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના યુગથી થતુ આવ્યું છે.

**(૩)** અબ્બાસ બિન અબ્દુલ અઝીમ અંબરી رحمۃاللہعلیہ ફર્માવે છે :–

''ઈમામ અહમદ બિન હંબલ رحمۃاللہعلیہની પાસે હતો, ત્યારે ઈમામ અલી બિન મદીની رحمۃاللہعلیہ એક જાનવર પર સવાર થઈને આવ્યા, ત્યાર બાદ બંને હઝરતો શહાદત વિશે મુનાઝરો કરવા લાગ્યા. મુનાઝરા દરમિયાન બંનેનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે મને ભય થવા લાગ્યો કે ક્યાંક આ બહસ (ચર્ચા વિચારણા)ના પરિણામમાં બંને દરમિયાન ખરાબ વર્તન ન થઈ જાય ! ઈમામ અહમદ رحمۃاللہعلیہની રાય એ હતી કે જેઓ જંગે બદ્ર તથા સુલહે હુદૈબિયામાં શરીક થયા તેઓ નિશ્ચિત રીતે જન્નતમાં જશે, અને એ જ પ્રમાણે તે લોકો જેમના વિશે મરફૂઅ્ હદીષ આવી છે તેઓ પણ જન્નતમાં દાખલ થશે, અને ઈમામ અલી رحمۃاللہعلیہ તેના મુન્કિર હતા (વિરોધી હતા), અંતમાં મુનાઝરો ખતમ થયા બાદ જ્યારે ઈમામ અલી رحمۃاللہعلیہએ પરત ફરવાનો ઈરાદો કર્યો તો ઈમામ અહમદ رحمۃاللہعلیہએ તેમના જાનવરની ઝીન થામી લીધી...!! *(જામેઅ્ બયાનુલ ઈલ્મ, ઈમામ ઈબ્ને અબ્દુલ બર્ર)*

આ પ્રસંગથી નિમ્ન લિખિત બોધપાઠ જાણવા મળ્યો :–

**(અ)** ક્યારેક મસાઈલમાં (ઈખ્તિલાફ) ચર્ચાના સમયે વિરોધી સમક્ષ અવાજ ઊંચો પણ થઈ શકે છે.

**(બ)** મસાઈલમાં વિખવાદ તથા અવાજ ઊંચો થઈ જવાથી હરીફની સાથે સદ્વર્તન તથા ઈન્કેસારી, આજીઝીનો દામન ન છોડવામાં આવે, ભલે આજીઝી ઈન્કેસારી કરનાર કેટલોય મોટો મુત્તક઼ી, પરહેઝગાર, મુહક્કિક઼, મુફતી તથા ઈમામ કેમ ન હોય !

**(૪)** અબ્દુલ અઝીઝ દરાવરદી અથવા ઈબ્ને અબી સલ્માહ رحمۃاللہعلیہથી રિવાયત છે. આપ ફર્માવે

છે : "મેં ઈમામ અબૂ હનીફા તથા માલિક બિન અનસ رضی اللہ عنہما ને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની મસ્જિદમાં ઈશાની નમાઝ બાદ એ હાલતમાં જોયા કે બંને (ઈમામો) એકબીજાથી પઢવામાં વ્યસ્ત હતા, ત્યાં સુધી કે જો એ બંનેમાં કોઈ એકબીજાની વાત પર વાંધો ઉઠાવતા તો બીજા કોઈ સખ્તાઈ તથા ચહેરાનો રંગ બદલ્યા વિના તથા ખતાકાર ઠરાવ્યા વિના થોભી જતા. ત્યાર બાદ બંને હઝરત એ જ મજલિસમાં એક સાથે ફજરની નમાઝ અદા ફર્માવતા. *(ફઝાઈલે ઈમામ અબૂ હનીફા, ઈમામ અબુલ ક઼ાસિમ)*

આ પ્રસંગથી જાણવા મળ્યું કે :–

**(અ)** જો મસાઈલ વિશે એકબીજાની સાથે ચર્ચા થઈ રહી હોય તો એકબીજાની વાત પર વાંધો ઉઠાવવો અથવા તેની વાત સ્વીકાર કરવામાં વાંધો હોય તો તેના કારણે હરીફના ચહેરા પર ગુસ્સાનો ઈઝહાર તથા પેશાની પર શિકન (કરચલી) પણ ન આવવી જોઈએ.

**(બ)** મસાઈલમાં વિખવાદના કારણે બંને હરીફોનું આપસમાં એક જગ્યાએ અથવા એક સ્ટેજ પર ભેગા થવું ગુનો નથી બલ્કે બુઝુર્ગોની સુન્નત છે.

**(૫)** અબૂ શૈખ હાફિઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ઈમામ ઈસ્હાક઼ બિન રાહવૈહ رحمۃ اللہ علیہ એ નમક નાખી સૂકવ્યા બાદ મુરદારના ચામડા વિશે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની સાથે મુનાઝરો કર્યો અને ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ત્યાં હાજર હતા. તો ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, મુરદારનું ચામડુ નમક નાખીને સૂકવી નાખ્યા બાદ પાક થઈ જાય છે. તેના પર ઈમામ ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ એ તેમને પૂછયું, આપના આ ક઼ૌલ (વાત, મંતવ્ય) પર શું દલીલ છે ? ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, ઝોહરીની હદીષ :–

**حدیث الزهری، عن عبید الله بن عبد الله بن عبد الله، عن ابن عباس، عن میمونة: أن النبی صلی الله علیه وسلم، قال: هلا انتفعتم باهابها۔**

હઝરત મયમૂના رضی اللہ عنہا થી રિવાયત છે : રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "કેમ તમે તે મુરદારના ચામડાથી ફાયદો નથી ઉઠાવતા ?"

ત્યાર બાદ ઈમામ ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ તેમને સંબોધીને ફર્માવે છે : ઈબ્ને અકીમની હદીષ : હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાના ઈન્તેક઼ાલથી એક મહીના પહેલાં અમારી તરફ પત્ર લખીને મોકલ્યો : (તમે મીઠુ નાખીને સૂકવેલ મુરદારના ચામડાથી તથા તેના પટ્ટાઓથી ફાયદો ન ઉઠાવો) શક્ય છે કે આ હદીષ હઝરત મયમૂના رضی اللہ عنہا વાળી હદીષને મન્સૂખ કરનારી હોય, કેમ કે આ હદીષ હુઝૂર صلی اللہ علیہ وسلم ના ઈન્તેકાલથી એક મહીના પહેલાની છે.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, આ કિતાબ છે અને તે સાંભળવું છે, તો ઈમામ ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, હુઝૂર નબીએ અકરમ صلی اللہ علیہ وسلم એ કિ઼સરા તથા કૈસર તરફ પત્ર લખ્યો, અને તે અલ્લાહ તઆલા નજીક તેમના દરમિયાન હુજ્જત હતું, તેના પર ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ખામોશ થઈ ગયા.

જયારે ઈમામ અહમદ رحمۃ اللہ علیہ એ આ ગુફતગૂ સાંભળી, "તો આપે ઈબ્ને અકીમ رحمۃ اللہ علیہ ની હદીષ તરફ રજૂ કર્યું અને તેના મુજબ જ ફત્વો આપ્યો અને ઈમામ ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ એ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની હદીષ તરફ રજૂ ફર્માવી લીધી."

અબુલ હસન તબરેઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ઈમામ ખલ્લાલ رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબમાં હિકાયતના તૌર પર વર્ણન કર્યું છે કે ઈમામ અહમદ رحمۃ اللہ علیہ ઈબ્ને હકીમ رضی اللہ عنہ ની હદીષમાં

તઝલઝુલ (કમજોરી) જોઈને થોભી ગયા હતા. અને અમુક લોકોએ ફર્માવ્યું, પોતાના આ ક઼ૌલથી રજૂ ફર્માવી લીધું હતું.'' *(કિતાબુન્નસાખિ વલ્ મન્સૂખ, ઈમામ બદલ બિન અબીલ મઅમર)*

ઉપરોક્ત પ્રસંગથી એ સાબિત થયું કે :–

**(અ)** મુફ્તી તથા આલિમ, મોટો હોય કે નાનો પણ જરૂરત પડતાં તલબે હક્ક઼ના હેતુથી તેનાથી દલીલ માંગવી કોઈ ઐબની વાત નથી.

**(બ)** જો દલીલ ન હોય તો હઠધર્મી તથા અનાનિયત (મૈં પણુ) દાખવવાની જગ્યાએ હક્ક઼ને સ્વીકારી લેવું ઈમામોની શાન છે, આપણે તેમની જ પયરવી કરવી જોઈએ.

**(૬)** ''એકવાર ઈમામ અમ્ર બિન ઉબૈદ رحمۃ اللہ علیہએ કોઈ મસ્અલામાં પોતાની રાય પેશ કરી જેમાં તેમનાથી ભૂલ થઈ ગઈ. તો ઈમામ વાસિલ બિન અતા رحمۃ اللہ علیہએ તેમનાથી આ મસ્અલા વિશે એ રીતે બહસ કરી કે ઈમામ અમ્ર બિન ઉબૈદ رحمۃ اللہ علیہને તે મસ્અલા વિશે પોતાની રાયમાં ગલતી તથા ભૂલ હોવાનું સ્પષ્ટ થઈ ગયું, તો આપ હક્ક઼ (સત્ય) તરફ એ કહેતા કહેતા પરત ફર્યા : ''મારા દરમિયાન તથા હક્ક઼ની વચ્ચે કોઈ દુશ્મની નથી.'' *(અબૂ મુનિય્યહ વલ્ અમલ, ઈમામ અબ્નુલ્ મુર્તઝા)*

આ બોધપાત્ર વાક઼ેઆથી જાણવા મળ્યું કે :–

**(અ)** જો કોઈ મુખાલિફ તથા વિરોધીનું ગલતી તથા ભૂલ પર હોવું સ્પષ્ટ થઈ જાય તો તેની ઈજ્જત તથા માન સન્માનની સાથે ખિલવાડ કરવાની જગ્યાએ તેની સાથે એ રીતે વાતચીત કરે કે તેના પર હક્ક઼ વાત સ્પષ્ટ થઈ જાય.

**(બ)** હક્ક઼ વાત સ્પષ્ટ થઈ જાય તો કોઈ પણ મલામત (આલોચના) કરનારની આલોચનાને ધ્યાનમાં લીધા વિના હક્ક઼ને સ્વીકારી લે અને નફ્સાનિયત તથા અહમમાં પડીને હક્ક઼નો ઈનકાર કરીને હક્ક઼ની સાથે દુશ્મની ન વહોરી લે.

**(૭)** ઈમામ ઉબૈદુલ્લાહ બિન હસન અંબરી رحمۃ اللہ علیہના શાગિર્દ અબ્દુર્રહમાન બિન મહદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''એકવાર અમે એક જનાઝામાં શરીક હતા. ત્યારે મેં આપથી એક મસ્અલા વિશે પૂછયું જેમાં આપથી ભૂલ થઈ ગઈ. મેં તેમનાથી અર્ઝ કરી, અલ્લાહ તઆલા આપની ઈસ્લાહ ફર્માવે, આ મસ્અલાનો હુકમ આ પ્રમાણે છે. આપે થોડીકવાર તો માથુ ઝુકાવી રાખ્યું અને પછી સર મુબારક ઉઠાવીને ફર્માવ્યું : ત્યારે તો હું પોતાના ક઼ૌલથી રજૂ કરું છું એ રીતે કે હું બેક઼દ્ર તથા નાનો છું, મને હક્ક઼ની સાથે કમતર (નાનો) રહેવું ઘણુ જ પસંદ છે તેના કરતાં કે હું બાતિલની સાથે સરબુલંદ રહું. *(તેહઝીબુત્તહઝીબ, ઈમામ ઈબ્ને હજર અસ્કલાની)*

આ પ્રસંગથી એ બોધપાઠ મળ્યો કે :–

**(અ)** શાગિર્દ પોતાના મોહતરમ ઉસ્તાદની ભૂલ પર સાવચેત કરી શકે છે, શાગિર્દ નાનો જ હોય છે. તેનાથી જાણવા મળ્યું કે મોટા જો શરીઅતથી મુન્હરિફ થઈ જાય તો નાનાઓ પણ તેમને શરીઅતનો સાચો હુકમ બતાવી શકે છે, બલ્કે બતાવવું તેની જવાબદારી છે.

**(બ)** શાગિર્દ જો પોતાના ઉસ્તાદને અથવા કોઈ નાનો મોટાને કોઈ શરીઅતનો હુકમ બતાવે અથવા તેમની ભૂલ પર સાવચેત કરે તો સ્પષ્ટ થયા પછી અહમ તથા અનાનિયત (હું પદ)માં પડયા વિના ઉસ્તાદ અથવા મોટાઓએ કાંઈ કહ્યા વિના તેનો સ્વીકાર કરી લેવો જરૂરી છે. કેમ કે બાતિલમાં પડી રહેવું અકલમંદી નથી.

આ છે ફુરૂઈ (શાખાકિય) મસાઈલમાં થતા ઈખ્તિલાફમાં આપણા આગલા ફુક઼હાએ કિરામની

શિષ્ટતાઓ તથા આદાબની એક ઝલક ! પરંતુ આજે ફુરૂઈ મસાઈલમાં ઈખ્તિલાફ તથા વિવિધ રાયના કારણે આપણામાંથી કેટલાયનો હાલ શું છે ?! મુખાલિફ તથા હરીફને ગાળી ગલોચ આપવી, તેનો આમ મજમા તથા સ્ટેજ પર મઝાક ઉડાવવો, તેનું મઝહબે અહલે સુન્નતમાંથી હોવાને મશ્કૂક ઠરાવવું, તેના મુસલમાન મો'મિન હોવા પર પ્રશ્નાર્થ ચિન્હ ઊભુ કરી દેવું, બલ્કે તેનો ખાત્મો બિલ્ ખૈર ન હોવાની ગેરંટી આપવી ! પક્ષપાત તથા અનાનિયત એટલી વધી ચૂકી છે કે ફુરૂઈ મસાઈલમાં પોતાનો હમવિચાર છે તો જાઈઝ નાજાઈઝ બધુ જ શરીઅત ! અને જો વિરોધી ફિકર તથા વિચારનો છે તો નાજાઈઝ તો નાજાઈઝ, જાઈઝ પણ (તેના માટે) ફઝીહત !! વહાબી, દેવબંદી તથા નેચરી વગેરેને છોડીને ક઼લમ તથા તક઼રીરની સંપૂર્ણ શક્તિ પોતાની સુન્ની જમાઅતના વિરુદ્ધ ખર્ચ કરવી, દેવબંદિયત, વહાબિયત ગામે ગામ વધતી જાય છે તેના વિશે કોઈ ઠોસ ક઼દમ ન ઉઠાવવો, કહેનાર મૌજૂદ (ઉપસ્થિત) હોવા છતાં કહેનાર તરફ રજૂ કર્યા વિના ફત્વો સાદિર કરવો !! અજીબો ગરીબ હાલત થઈ ચૂકી છે, જો પરિસ્થિતિ આવી જ રહેશે તો અહલે સુન્નત વ જમાઅતનો અલ્લાહ તઆલા જ મુહાફિઝ છે !

શું આપણે ફુરૂઈ મસાઈલમાં ઈખ્તિલાફ (મતભેદ) હોવા છતાં ઈસ્લામ તથા અહલે સુન્નત વ જમાઅતના માધ્યમ પર એક નથી થઈ શક્તા ?! શું નફ્સાનિયતની જગ્યાએ આપણે શરીઅતે મુતહ્હરાને પોતાનો માર્ગદર્શક (મુક઼તદા) નથી બનાવી શક્તા ? શું આપણે પક્ષપાત તથા અનાનિયતનું આંજણ ઉતારીને નથી ફેંકી શક્તા ? શું આપણે હસબો નસબ પર ફખ્ર કરવાને નથી છોડી શક્તા ? શું આપણે અહલે સુન્નત વ જમાઅત આપસમાં પોતાના તથા પરાયાના મતભેદનો દામન નથી છોડી શક્તા ?!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**من حسن إسلام المرء تركه مالا يعنيه** "ઈસ્લામની શ્રેષ્ઠતામાંથી છે કે ઈન્સાન ફુઝૂલ વાતોને છોડી આપે." *(તિર્મિઝી શરીફ)*

**મૈંને માના મેરી આવાઝ નહીં જાએગી**
**દરો દીવારસે ટકરા કર પલટ આએગી**

**અબ ભી મૌક઼ા હૈ અંધેરોં કા કરો ઈલાજ**
**વરના યે નસ્લ ઉજાલોં કો તરસ જાએગી**

*(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ,*
*અઝ : મુફ્તી ઈઝહાર અહમદ અમજદી–ઓઝાગંજ)*

## શાને ઈમામ હુસૈન رضی اللہ عنہ

**રજૂકર્તા : કારી અતાઉર્રહ્માન 'રયહાન' ગુલશનાબાદી (દેવગઢબારીયા)**

**આહ ક્યા રંજો અલમ સબ્ર નિરાલા તેરા**
**હશ્ર તક ઝિક્ર હૈ ઐ સૈયદે વાલા તેરા**

**સારા ઘર કર દિયા કુર્બાન હુસૈન ઈબ્ને અલી**
**ખૂબ હૈ સબ્ર તહમ્મુલ શહે વાલા તેરા**

**તન સે ભી હો કે જુદા નેઝે પે ઉંચા હી રહા**
**ન ઝુકા હૈ ન ઝુકેગા સરે આ'લા તેરા**

**હૈ યકીં જાએગા જન્નતમેં હમેશા કે લિયે**
**યા હુસૈન ઈબ્ને અલી ચાહને વાલા તેરા**

**તૂને ઈસ્લામ કો રોશન કિયા કુરબાં હોકર**
**રોશની તેરી હૈ હર સમ્ત ઉજાલા તેરા**

**આખરી સજદા કિયા તીરોંકી બૌછારોં મેં**
**ક્યા બિગાળેગા ભલા નેઝઓ ભાલા તેરા**

**ઈતના 'રયહાં' પે કરમ ઝોલી કો ભરતે હી રહે**
**હૈ સદા હશ્ર તલક માંગનેવાલા તેરા**

❑ ❑ ❑

# ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ

નિકાહ પતિ પત્ની વચ્ચે એક ખાસ પ્રકારનો ક઼રાર છે જેના કારણે પત્નીના ઘણા બધા હક્કો પતિના માટે લાઝિમ થઈ જાય છે. દા.ત. રહેવા માટે મકાનની વ્યવસ્થા, પહેરવા માટે લિબાસ અને ખાવા પીવા માટે ખોરાક વગેરેની વ્યવસ્થા, અને સાથોસાથ સદ્‌વર્તાવ તથા સોહબત સંબંધી હક્કો વગેરે. આ જ હક્કો તથા જિમ્મેદારીઓથી પતિનું ખાસ તરીક઼ાથી મુક્ત થવાનું નામ તલાક઼ છે. તલાક઼ના થકી પતિ પત્નીનો હક્ક઼ નથી મારતો બલ્કે તેના હક્કોથી પોતે પોતાને આઝાદ કરી લે છે, એટલા માટે ઈસ્લામે તલાક઼નો અધિકાર પતિના હાથમાં આપ્યો છે.

કોઈ શખ્સ પોતાની મરજીથી કોઈ સંસ્થા, તેહરીક, કંપની, ઈદારા કે પાર્ટીનું સભ્ય પદ અથવા કોઈ જિમ્મેદારી ક઼બૂલ કરીને તેની ભલાઈ તથા અચ્છાઈ, પ્રગતિ તથા વૃદ્ધિના માટે કામ કરવાનો ક઼રાર કરે છે, પછી તેને (એ પાર્ટી, ઈદારા, તેહરીક વગેરેથી) કોઈ ફરિયાદ હોય છે તો તેને અધિકાર હોય છે કે તે રાજીનામુ આપીને એ સંસ્થા અથવા તેહરીક (ચળવળ) વગેરેના હક્કો તથા જિમ્મેદારીઓથી પોતાને આઝાદ કરી લે. અને રોજ બરોજ એવું થતુ પણ રહે છે, અને કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ તેને પાર્ટી કે સંસ્થા વગેરેનો હક્ક઼ મારવું નથી સમજતો, ન તેને માનવઅધિકારની પાયમાલી સમજે છે, કે એ તો પોતાની જિમ્મેદારીમાં લાગુ થનાર હક્કો તથા જિમ્મેદારીઓથી પોતાને મુક્ત તથા આઝાદ કરવું છે, તેનો કોઈના હક્ક઼ની પાયમાલી સાથે શું સંબંધ ?! એટલા માટે દરેક પાર્ટી તથા દરેક સંસ્થા તથા દરેક કમિટીના દસ્તૂરમાં એને પાર્ટી કે સંસ્થાને છોડવાનો અધિકાર હોય છે. આ દષ્ટાંતની રોશનીમાં તલાક઼ના હક્ક઼ને પણ સમજવો જોઈએ કે આ પતિના તરફથી એક પ્રકારનું રાજીનામુ છે, જેથી એને કોઈ માનવ અધિકારની પાયમાલી સમજવું ન જોઈએ, અને અહીં મારો હેતુ બસ એ જ સમજાવવાનો છે.

કુર્આને હકીમની ઘણી બધી આયતો અને રસૂલુલ્લાહ ﷺની પુષ્કળ હદીષોમાં તલાક઼નું વર્ણન મળે છે, જેનાથી સાબિત થાય છે કે આ ખુદાપાકનો ક઼ાનૂન છે જે માનવતા સાથે ખૂબ મળતો અને પ્રાકૃતિક તક઼ાદાઓના પ્રમાણે છે. સદ્‌બુદ્ધિ એ સ્વીકારે છે કે જ્યારે પતિ પત્નીની વચ્ચે ખટરાગ એટલી હદે પહોંચી જાય કે બંનેવમાં નિભાવની શક્યતા ન રહી જાય, તો બંનેવ એકબીજાથી અલગ થઈને ચૈન તથા સુકૂનની જિંદગી પસાર કરવાના માર્ગો અપનાવી શકે છે, અને આ જુદાઈનો માર્ગ તલાક઼ છે. જો એવું ન થાય તો બંનેવ એકબીજાના માટે અલગ અલગ સ્થિતિમાં જાન માટે વબાલ (મુસીબત) તથા જાનને પરેશાન કરનાર બની શકે છે. પત્નીને જો પતિ કોઈક કારણે નામંઝૂર હોય અને તેના મઝહબમાં છૂટકારો પામવાનો કોઈ માર્ગ ન હોય તો તે મજબૂર થઈને પતિની જિંદગીનો બલ્કે કદી કદી પોતાની જિંદગીનો ફૈંસલો કરી લે છે. એ જ પ્રમાણે જો પતિને એ ખબર હોય કે તેના મઝહબમાં તેની જાલિમ પત્નીથી છૂટકારાનો માર્ગ બંધ છે, તો તે પણ કોઈ એ પ્રકારનું પગલુ ભરી શકે છે, અને એવું થાય પણ છે. વર્તમાન પત્રોમાં આ પ્રકારની ખબરો સતત પ્રસિદ્ધ થતી રહે છે. પરંતુ જ્યારે તેમને એ યક઼ીન હશે કે આપણા મઝહબમાં સંબંધો ખરાબ થવાની સ્થિતિમાં નિકાહના બંધનને ખોલીને મુક્ત વાતાવરણમાં શ્વાસ લઈ શકાય છે તો તે એકબીજાની જિંદગીને બર્બાદ કરવાને બદલે એ જ માર્ગ

**અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*(સદરુલ મુદર્રિસીન વ સદરે શોઅબાએ ઈફ્તા જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અપનાવશે જેમાં બંનેના માટે ભલાઈ તથા સલામતી હોય. ઈસ્લામના આ પ્રાકૃતિક બંધારણના વિરુદ્ધ અવાજ ઉઠાવવો, એને ખત્મ કરવા માટે કોર્ટનો સહારો લેવો એ શાણપણની વાત નથી. બલ્કે હક્ક઼ એ છે કે આ દીને ફ઼િતરત (પ્રાકૃતિક ધર્મ)ની વિરુદ્ધ ઘણુ જ અન્યાયી ક઼દમ છે.

તલાક઼ ઈસ્લામમાં નાપસંદીદા કૃત્ય છે, પણ અમુક ખાસ મજબૂરીઓની સ્થિતિમાં એની ઈજાઝત પણ છે, અને એક સાથે ત્રણ તલાક઼ો આપવી એ તો એક પ્રકારનો મુજરિમાના અમલ તથા ગુનોહ છે, તેમ છતાં તલાક઼ લાગુ પડી જાય છે. ગુનોહ હોવાને કારણે એ નથી કહી શકાતુ કે તલાક઼ો નથી પડી ! અથવા એક જ તલાક઼ પડી છે. જેમ કે કોઈને નાહક્ક઼ પથ્થર મારવો મુજરિમાના અમલ તથા ગુનોહ છે, તેમ છતાં કોઈ મારશે તો માર ખાનારને ઘા જરૂર વાગશે, અને ત્રણ પથ્થર મારશે તો ત્રણ ઘા વાગશે. અને એવું કહીને એને નથી ટાળી શકાતુ કે મારનારાએ નાદાની કરી છે અને ગુનોહ કર્યો છે એટલા માટે માર ખાનારને ઘા નથી લાગ્યો, અથવા એક જ ઘા પડયો છે. અથવા કોઈને શરાબ પીવડાવવું, ઝહેર ખવડાવવું પણ વિના શંકાએ હરામ તથા ગુનોહ અને નાદાનીનું કામ છે, પણ કેવળ એના કારણે તેને અસર વિનાનું નથી કહી શકાતુ કે એ હરામ તથા ગુનોહ છે, અને ઈસ્લામ એની ઈજાઝત નથી આપતો. ઈસ્લામમાં એની મનાઈ અથવા એનું હરામ તથા ગુનોહ હોવું પોતાના સ્થાને હક્ક઼ તથા દુરુસ્ત છે, પણ તેની બુરી અસરોથી ઈન્કાર નથી કરી શકાતો. અથવા એવું નથી કહી શકાતુ કે ત્રણવાર ઝહેરનો ઘૂંટડો પીવાથી કેવળ એકવાર અસર થશે અથવા શરાબના ઘૂંટડા ત્રણવાર ગળેથી ઉતારવા પર કેવળ એક ઘૂંટડો જ પોતાનો કરિશ્મો દેખાડશે. એને એ રીતે પણ સમજી શકાય છે કે કોઈને ગાળ આપવી હરામ તથા ગુનોહ છે, ઈસ્લામે એનાથી સખ્ત મનાઈ ફ઼ર્માવી છે. તેમ છતાં જો કોઈ ઈજ્જતદાર તથા પ્રતિષ્ઠાવાન માણસને એક સાથે ત્રણવાર ગાળો આપી દે તો તેનું નાઝુક દિલ જરૂર ઘાયલ થશે, અને એકવાર નહીં ત્રણવાર ઝખ્મ થશે, અલગ વાત છે કે એ જોવાની ચીજ નથી એટલા માટે એને જોઈ નથી શકતા. હવે કોઈ એવું કહે કે એ સૌ ગાળોમાં ઘા લગાડવાની તાસીર ક્યાં ? સારાંશ કે જો આવી વિચારસરણી શાણપણ (ડહાપણ) વિરુદ્ધ તથા ન્યાયી વલણની વિરુદ્ધ છે, અને પ્રકૃતિના તકાદાની વિરુદ્ધ છે, તો ત્રણ તલાક઼ોના બારામાં એ વાત પણ શાણપણ વિરુદ્ધની તથા પ્રકૃતિના તકાદાની વિરુદ્ધ છે.

નબવી હદીષો ત્યાં સુધી કે બુખારીની સહીહ હદીષો પણ સાક્ષી છે કે ત્રણ તલાક઼ો આપવાથી ત્રણેવ લાગુ પડી જાય છે. કુર્આન શરીફ઼નું ફ઼ર્માન પણ એ જ સાક્ષી આપે છે અને એના પર અમારા ચારેવ મઝહબોના ઈમામો : ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા, ઈમામ શાફઈ, ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہم اجمعین અને એમના માનવાવાળા કરોડો કરોડ મુસલમાનોની એકમતિ તથા ઈજમાઅ પણ છે. એટલા માટે એમની વિરુદ્ધ કોઈ પગલાં ભરવાં એ મુસ્લિમ પર્સનલ લોમાં ઉઘાડી દખલગીરી થશે તથા ન કેવળ હિંદુસ્તાન બલ્કે આખી દુનિયાના અગણિત મુસલમાનોના દિલને ઠેસ પહોંચાડવું છે. જો કોઈ સ્ત્રીઓ આ પ્રકારનો અવાજ ઉઠાવે છે તો સમજદાર લોકોએ તેમને સમજાવવાની કોશિશ કરવી જોઈએ. સમાજમાં સૌ એક સરખાં નથી હોતાં, અલ્લાહે પાંચેવ આંગળીઓ સરખી નથી રાખી. એટલા માટે આપણી હુકૂમત તથા આપણા ફ઼ાઝિલ જજો આ વાતો પર ઠંડા દિલથી વિચારણા કરે. વાતો સર્વની સાંભળવામાં આવે છે પણ ફ઼ૈસલો તે કરવામાં આવે છે જે દાનિશમંદોના દિલનો અવાજ અને ખાસ કરીને આસમાની મઝહબનો પાસબાન (રક્ષક) હોય.

હા ! એવું પણ થાય છે કે ક્યારેક પતિ બેરહમ મળી જાય છે અને પત્નીને સતાવે છે, તેને લટકાવી રાખે છે જેના કારણે તેણીની જિંદગી ભંવરમાં ફસાતી રહે છે, અને તેણી તેની તકલીફ઼ોથી એટલા માટે છૂટકારો નથી પામી શક્તી કે તલાક઼નો અધિકાર એના હાથમાં નથી. અથવા ક્યારેક પતિ નામરદ હોય છે જેથી તેણીની જિંદગી મુશ્કેલીપૂર્ણ બની જાય છે અને પતિ તેણીને છોડવા નથી ચાહતો. અથવા ક્યારેક એવું બને છે કે યતીમ છોકરીના નિકાહ દૂરનાં સગાં અયોગ્ય વ્યક્તિની સાથે કરી નાખે છે અને એ તેણીના માટે તકલીફ઼નો સબબ

બને છે. એવું પણ બને છે કે પતિ પરદેશ ગયો અને લાપતા થઈ ગયો, તેની જિંદગી કે મૌતનો કોઈ હાલ માલૂમ નથી થતો અને પત્ની તેના ઘરે બેસહારા ભરણપોષણથી મોહતાજ હોવાની સાથોસાથ પતિના સહવાસથી પણ વંચિત હોય છે. અને એ સિવાય પણ એની જિંદગીમાં અન્ય મુશ્કેલીઓ આવતી રહે છે જેનાથી દુનિયા તેણીની નજરોમાં અંધકારમય જણાય છે. એનો ઈલાજ શું છે ? શું ઈસ્લામે તેણીની જિંદગીને નિયમાનુસાર કરવા તથા ખુશીભર્યી કરવા માટે કાંઈ વ્યવસ્થા કરી છે ? આ જ તે ચિંતાજનક તથા નાઝુક મોડ છે જ્યાં પહોંચીને અમુક સ્ત્રીઓ શોર મચાવવા લાગે છે, કેમ કે તેણીઓ એવું સમજે છે કે ઈસ્લામે કેવળ પતિને તલાક઼નો અધિકાર આપીને મુસીબતઝદા તથા બેસહારા સ્ત્રીઓથી આંખ આડા કાન કર્યા છે, અને જ્યારે તેમને કોઈ હલ નથી જણાતો તો તેણીઓ કોર્ટનો દરવાજો ખટખટાવે છે.

અમે ખાસ કરીને એવી બહેનોને અને સામાન્યતપણે સર્વ માનવ બિરાદરીને એવું બતાવવા ચાહીએ છીએ કે ઈસ્લામમાં સર્વ ઓપ્શન (Option) ઉઘાડા છે અને તેણે યતીમ બાળકો અને અન્ય બલાઓમાં ફસાયેલી સ્ત્રીઓને એ સહારો અતા કર્યો છે જેને મહસૂસ કરીને દિલની ઝબાન અનાયાસે આપોઆપ રહ્‌મતે ઈસ્લામીની માનનારી બની જાય છે.

ઈસ્લામ એવી સ્ત્રીઓને ખૂબ જ ઉદારપણે તથા ખુશીપૂર્વક એ ઈજાઝત આપે છે કે તેણી પોતાના વિસ્તારના સૌથી મોટા આલિમે દીન, જ્યાં ફત્વા પૂછવામાં આવતા હોય ત્યાં પોતાની સ્થિતિ રજૂ કરે, પછી તે તપાસ કરે અને વર્ણવેલ વિગતો બરાબર હોય તો અમુક જરૂરી કાર્યવાહી પછી નિકાહ રદ કરીને ઈદ્દત ગુજાર્યા બાદ સ્ત્રીને પોતાની મરજીના પ્રમાણે બીજી વ્યક્તિ સાથે નિકાહ કરવાની ઈજાઝત આપી દે.

અમારે ત્યાં દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા (મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી., ઈન્ડિયા)માં આવી સર્વ બાબતોની સુનાવણી થાય છે અને જાંચ, પડતાલ, તેહકીક઼ કર્યા પછી સ્ત્રીઓની ખુશનુમા જિંદગીનો સામાન પૂરો પાડવામાં આવે છે.

પતિના તરફથી જુલ્મની શક્યતા અથવા તેના પર સંભવિત મુસીબત પડવાની સ્થિતિમાં મુસીબતથી છૂટકારાની એક સ્થિતિ "તફવીઝે તલાક઼" પણ છે. એનો મતલબ એ હોય છે કે સ્ત્રી અથવા તેના નિકાહનો વકીલ જ્યારે નિકાહનો ઈજાબ (રજૂઆત) કરે ત્યારે એમાં એ શર્ત પણ રાખી દે કે પતિ તરફથી પેશ આવનાર મુસીબતની સ્થિતિમાં તેણીને પોતે પોતાને તલાક઼ે બાઈન આપવાનો હક્ક઼ હાંસલ રહેશે. જો પુરૂષ, સ્ત્રીની આ શરતને નિકાહમાં ક઼બૂલ કરી લે તો એના તરફથી કોઈ જુલ્મ તથા ઝિયાદતી સાબિત થવા પર, અથવા એના લાપતા થવા પર પત્ની મુસીબતમાં સપડાવાના સંજોગોમાં તેણીને એ હક્ક઼ રહેશે કે તે પોતે પોતાને તલાક઼ આપીને આઝાદ કરી લે. ઈસ્લામી ફિક઼્હની સદીઓ પૂરાણી કિતાબો : જેમ કે ફતાવા ક઼ાઝીખાન, હિદાયહ, ફત્હુલ ક઼દીર, નિહાયહ, તબ્યીનુલ હક઼ાઈક઼, બહરુર્રાઈક તથા દુર્રે મુખ્તાર વગેરેમાં, તથા ઉર્દૂ ભાષાની પ્રખ્યાત તથા મુસ્તનદ (સ્ટાન્ડર્ડ) કિતાબો : જેમ કે ફતાવા રઝવિય્યહ તથા બહારે શરીઅત વગેરેમાં પણ એના બારામાં સ્પષ્ટ સમજૂતી મૌજૂદ છે, બલ્કે એની અમુક સ્થિતિઓનું વર્ણન તો સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમની હદીષોમાં પણ છે. અને આ રીતે એનો ઐતિહાસિક સંબંધ રિસાલતકાળ (નબી ﷺના સમય) સુધી જોડાયેલો છે. "તફવીઝે તલાક઼"નો અર્થ છે : "તલાક઼નો અધિકાર સોંપી દેવું", કેમ કે થનારો પતિ અથવા એના નિકાહના વકીલના થકી રજૂ કરેલી શરતો પર તેણીને તલાક઼નો અધિકાર સોંપી દે છે, જેથી તેણીને પણ તલાક઼ આપવાનો અધિકાર મળી જાય છે.

તલાક઼નો મૂળ માલિક પતિ જ છે, અને આ વાત સમાજના દરેક સમજબુઝ ધરાવનાર વ્યક્તિ પર જાહેર છે કે કોઈ ચીજનો માલિક પોતાના ખાસ અધિકાર વડે બીજાને પણ અધિકાર સોંપીને એનો માલિક બનાવી શકે છે, બલ્કે બનાવે પણ છે.

ફતાવાના કેન્દ્ર (જ્યાંથી ફત્વો મળે છે) થકી નિકાહ ફસ્ખ (રદ) કરીને પત્ની પતિથી આઝાદ કરવાની કેટલીક સ્થિતિઓ છે :–

(૧) પતિ ગરીબી તથા મુફલિસીના કારણે ભરણપોષણની વ્યવસ્થાથી લાચાર હોય.

અને તેહકીકથી એ સાબિત થઈ જાય કે પત્ની સતત ભરણપોષણની તંગીની તકલીફોમાં સપડાયેલી છે અને પતિની હાલત જેમની તેમ બનેલી છે, એટલે મોહતાજ છે અને પત્નીના હક્કમાં કાયમી જરૂરિયાતો લાગેલી છે, તો પ્રથમ પતિને હુકમ થશે કે તે પોતાની પત્નીને તલાક આપીને આઝાદ કરી આપે, જેથી તેના કારણે તેણી પૂરી જિંદગી મુસીબતના ભંવરમાં ફસાયેલી ન રહે.

પરંતુ જો પતિ કોઈ રીતે પણ તલાક આપવા માટે તૈયાર ન થાય તો મહાન સખત નુકસાનના નિવારણ માટે ઈજાઝત છે કે હવે કાઝી એ નિકાહને રદ કરી આપે.

(૨) પતિ લાપતા છે. એટલે એવો લાપતા છે કે તેના મૃત્યુ કે જીવનની પણ ભાળ નથી મળતી, સાથોસાથ તે રૂપિયા પૈસા કે માલ દૌલત પણ હાજર નથી કે જેનાથી પત્નીનું કામ ચાલી શકે.

(૩) પતિ ગાયબ છે અને ખબર નથી કે ક્યાં છે ? કયારે આવશે ? હા ! એ ખબર છે કે તે જીવતો છે ચાહે ક્યાંય પણ હોય, તેને ફિકહની ભાષામાં "ગયબિત મુન્કતઅ" કહે છે.

(૪) પતિ ગાયબ છે પણ "ગયબતિ મુન્કતઅ" નથી, એટલે કે ફલાણી જગાએ છે પણ આવતો નથી, અને ન કોઈ રીતે એનાથી ભરણપોષણ મેળવી શકાય છે.

(૫) પતિ મૌજૂદ છે પણ તેણે પત્નીને લટકાવી રાખી છે, ન તલાક આપીને આઝાદ કરે છે ન તો તેણીના હક્કો (ભરણપોષણ વગેરે) અદા કરે છે.

જાહેર છે કે આ સ્થિતિઓમાં પત્ની જેવી રીતે ભરણપોષણથી વંચિત છે તેવી જ પત્ની હોવાના હક્કો (પતિના સહવાસ)થી પણ વંચિત છે, જેના કારણે આ જમાનામાં સ્ત્રીઓના ગુનાહમાં સપડાવાનો મહાન ખતરો સંભંવિત છે. આ ખુદ એક નુકસાન તથા હરજ છે.

આ સર્વ સ્થિતિઓમાં પણ છેવટે નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

(૬) ખિયારે બલૂગ : પતિ પત્ની ઓછી વયના હોય અને બાપ, દાદાના સિવાય કોઈ અન્યએ એમના નિકાહ કરાવી આપ્યા, તો તેમને એ અધિકાર છે કે બાલિગ (પુખ્ત વયનાં) થઈને પોતાના નફ્સ (જીવ)ને અપનાવે. પછી મુફતીને ત્યાં હાલત રજૂ કરીને નિકાહ રદ (ફસ્ખ) કરાવી લે.

(૭) પતિ "મક્તુઉઝ્ઝકર" છે એટલે કે તેનું જનન અંગ કપાયેલ છે.

(૮) અથવા "ઈન્નિયીન" છે એટલે જનન અંગ તો છે પણ નામરદ છે.

આ બંનેવ સ્થિતિઓ સાબિત થવા પર પણ પત્નીને શરીઅત નિકાહ રદ કરવાનો હક્ક આપે છે.

(૯) જે પુરૂષના અંડકોષો કાઢી લીધેલા હોય.

(૧૦) અથવા પતિ ખુન્સા (હિજડો) છે અને પુરૂષની જેમ પેશાબ કરે છે. આ બંનેવ પણ "ઈન્નિયીન"ના હુકમમાં છે.

વધુ સ્પષ્ટતા માટે કિતાબ "મજલિસે શરઈ કે ફૈસલે" (પ્રકાશક : મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)નો અભ્યાસ લાભદાયક રહેશે. એનાથી એ પણ જાણવા મળશે કે નિકાહને ફસ્ખ એટલે રદ કરવાનો હક્ક કયા કાઝી તથા મુફતીને હાંસલ છે.

જે સ્ત્રી પતિના કારણે આફતોમાં સપડાય જાય એના માટે ઈસ્લામી શરીઅતે આસાનીના જે રસ્તાઓ ખુલ્લા રાખ્યા છે, આ એની એક રૂપરેખા છે. કાયદાકીય બાબતો તથા ન્યાય તોલનારાઓ (જજો)ના માટે દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા (મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)ના દરવાજા ખુલ્લા છે, તેઓ અહીં મુસ્લિમ પર્સનલ લોના સંબંધે માલૂમાત હાંસલ કરી શકે છે.

**–મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(સદરુલ મુદર્રિસીન વ સદર ફત્વા વિભાગ, જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી., હિંદ, ૨૫–ઝીલ કઅદ, હિ.સ. ૧૪૩૭, તા. ૨૯–૮–૨૦૧૬, સોમવાર)*

# દોસ્તી



## સોચી સમજીને કરો !

પ્રાકૃતિક રીતે ઈન્સાનની રચના કાંઈક એવી રીતે કરવામાં આવી છે કે તે પોતાની એકલતા દૂર કરવા માટે કોઈ ન કોઈ સાથી કે દોસ્તની તેને જરૂરત પડે છે. ફિતરત તથા સ્વભાવિક રીતે જો તે વ્યક્તિ નેક હોય તો તે નેક ઈન્સાનને તલાશ કરે છે અને જો ફિતરત માં કાંઈક ગરબડ છે તો ઓટોમેટિક બુરા સાથીઓ તેની આસપાસ ભેગા થઈ જાય છે. અને સ્પષ્ટ છે કે સાથે બેસનારાઓ, દોસ્તોની અસર જરૂર પડે છે, અને તેમનાથી જ તેની ઓળખ પણ થઈ જાય છે. બુદ્ધિવાનો તથા મહાન વ્યક્તિઓનું કહેવું છે કે જો કોઈ વ્યક્તિ વિશે જાણવું હોય તો તેની આસપાસ બેસનાર લોકોને જોઈને તે વ્યક્તિની અચ્છાઈ અથવા બુરાઈની જાણ થઈ જાય છે. કેમ કે જ્યાં નેક સાલેહ દોસ્તની સંગતના કારણે જિંદગી ઈસ્લામી રંગમાં રંગાય જાય છે ત્યાં જ બુરા દોસ્તની સંગતના કારણે વ્યક્તિ ઓટોમેટિક, ન ચાહવા છતાં પણ તે ઈસ્લામી તા'લીમાતથી દૂર થતો જાય છે, અને તેને ખબર ત્યારે પડે છે જ્યારે કે બુરાઈના માર્ગે ઘણો દૂર નીકળી ચૂક્યો હોય છે. એટલા માટે જ ઈસ્લામે આપણને પહેલાંથી દોસ્તી વિશેનો સાચો માર્ગ સૂચવ્યો છે.

અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને પાકમાં ઈર્શાદ ફર્માવ્યો છે : "એટલે કે સાચાઓની સાથે થઈ જાવો !" *(સૂરએ તૌબા, આ. ૧૧૯)*

ઈસ્લામે આપણને દોસ્તીનો જે નિયમ તથા કાનૂન આપ્યો છે તે સદાકત તથા સચ્ચાઈ પર આધારિત છે. એ જ પ્રમાણે હદીષ શરીફમાં છે કે જ્યારે સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلام થી પૂછવામાં આવ્યું કે **બેહતરીન સાથી કોણ છે ?** તો આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે **તે વ્યક્તિ બેહતરીન દોસ્ત છે કે જો તું નેક કામમાં ગફલત તથા સુસ્તી કરે તો તે તને સાવચેત કરે અને નેક કામોમાં તારી મદદ કરે.** અને **બુરો સાથી તે છે કે જો તું નેક તથા સારા કામોમાં સુસ્તી તથા ગફલત કરે તો તે તને સાવચેત ન કરે અને નેક કામોમાં તારી મદદ ન કરે.**

આ એક આયત તથા હદીષને નઝરો સમક્ષ રાખીને આપણે પોતાની દોસ્તીની કક્ષાને પરખી લઈએ. શું વાસ્તવમાં આપણે એવા દોસ્ત બનાવીએ છીએ જેના વિશે કુર્આન તથા હદીષમાં આપણને તાકીદ કરવામાં આવી છે ?!

હકીકત એ છે કે આપણે અત્યંત મતલબી છીએ અને આપણા દોસ્તો પણ લગભગ મતલબી જ હોય છે. "લગભગ"નો શબ્દ પણ અહીંયા યોગ્ય નથી દેખાતો. આપણે તો ગળા તથા માથા સુધીના મતલબી તથા સ્વાર્થપણામાં જીવન પસાર કરી રહ્યા છીએ. એટલા માટે એમ કહેવું જોઈએ કે આપણા ૯૯% ટકા દોસ્તો પણ તેવા જ હોય છે. જ્યારે કુર્આને કરીમ તથા હદીષે નબવીની રોશનીમાં આપણે કેવા દોસ્ત બનાવવા જોઈએ એ બતાવવાની હવે કોઈને જરૂરત નથી, બધા જ જાણે છે. પરંતુ કેમ કે આપણે નફ્સના ગુલામ બની ગયા છીએ, એટલા માટે આપણે તે જ કરીએ છીએ જે નફ્સ કહે છે. અલ્લાહ ખૈર કરે !

**રજૂકર્તા : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

વ્યક્તિ તે જ માર્ગ અપનાવે છે જે તેના સાથીનો તથા દોસ્તનો હોય છે. એટલે આપણે નેક દોસ્તની સંગત અપનાવવી જોઈએ, કેમ કે બુરી સંગતના કારણે આખેરતમાં હસ્રત તથા અફસોસ સિવાય કાંઈ જ હાથ નહીં લાગે. અને બુરા દોસ્ત વિશે એ કહીશું; "હાય ખરાબી ! મારા માટે અફસોસ ! કે મેં ફલાણાને દોસ્ત ન બનાવ્યો હોત." *(સૂરએ ફુર્કાન, આ. ૨૭)*

હદીષ શરીફમાં સારા દોસ્તોની પેહચાન તથા નિશાનીઓ પણ વર્ણન કરી આપવામાં આવી છે. જેમ કે હદીષે પાકનો મફહૂમ છે કે સારો દોસ્ત તથા સાથી એ છે કે જેને જોઈને ખુદા યાદ આવે, અને તેની વાતચીતથી અમલમાં વધારો થાય, અને તેનો અમલ તમને આખેરતની યાદ અપાવે. નેક સાલેહ દોસ્તની દોસ્તી દુનિયામાં પણ ફાયદો આપે છે, કબ્રમાં પણ તેમની સોહબત અઝાબમાં કમીનું તથા દરજાઓની બુલંદીનું કારણ બને છે. ટૂંકમાં નેક સાલેહ દોસ્તની દોસ્તી જન્નતનો માર્ગ ઠીક ઠાક કરે છે. મુસ્તફા જાને રહ્‌મત علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "નેક વ્યક્તિની સાથે બેસનારનું દષ્ટાંત એ વ્યક્તિની જેમ છે જે મુશ્કવાળા (અત્તર વેચનાર) પાસે બેઠો છે. જો મુશ્ક ન પણ લગાડે તો પણ મુશ્કની સુગંધથી તે સુગંધિત થઈ જાય છે અને દિમાગ ખુશીથી ઝુમી ઉઠે છે. અને બુરા દોસ્તનું દષ્ટાંત આગની ભઠ્ઠી જેમ છે કે જો ચિંગારી ન પણ ઉડે તો ધુમાડાથી દામન જરૂર કાળો થઈ જશે."

હઝરત ઈમામ મુજાહિદ رحمۃ اللہ علیہથી રિવાયત થયેલ છે કે જ્યારે નેક શખ્સ જન્નતમાં જશે તો પોતાના મિત્રને યાદ કરશે કે મારો ફલાણો મિત્ર ક્યાં હશે ? તે મિત્ર તેના ગુનાહોના કારણે જહન્નમમાં હશે. તો ફરિશ્તાઓને હુકમ થશે કે તેને જહન્નમમાંથી કાઢી જન્નતમાં મોકલવામાં આવે. *(ખઝાઈનુલ ઈર્ફાન)* આ છે નેક મિત્રની બરકત !

એક બીજી હદીષે પાકમાં છે :–

"બુરા સાથી (દોસ્ત) કરતાં તન્હાઈ (એકલતા) બેહતર છે. અને સારા વ્યક્તિઓની દોસ્તી તન્હાઈ (એકલતા)થી બેહતર છે." *(બયહકી શરીફ)*

મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*યક સાઅત સોહબત બાઅવલિયા*
*બેહતર અઝ સદ સાલ તાઅતે બેરિયા*
*સોહબતે સાલેહ તુરા સાલેહ કુનદ*
*સોહબતે તાલેહ તુરા તાલેહ કુનદ*

**(અર્થાત)** : "અલ્લાહના વલીની સોહબતમાં એક ક્ષણ બેસવું, સો વરસની રિયાકારી વિનાની ઈબાદતથી બેહતર છે. નેક લોકોની સોહબત નેક બનાવી આપે છે, અને બુરા લોકોની સંગત બુરો બનાવી આપે છે."

હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"એવી વ્યક્તિ સાથે દોસ્તી કરો જે નેકી કરીને ભૂલી જાય, અને તેના પર જે હક્ક હોય તેને અદા કરે."

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનું ફર્માન છે :–

"જે દોસ્ત (સાથી) મુશ્કેલીના સમયે કામ ન લાગે તેનાથી બચો કેમ કે તે તમારો સૌથી મોટો દુશ્મન છે."

હઝરત શૈખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"મને એવા દોસ્તની દોસ્તી પસંદ નથી જે મારી બુરી આદતોને સારી કહે, જે મારા અયબને હુનર (કલા) જાણે, અને જે મારા કાંટાઓને ગુલાબ તથા જાસ્મિનનું નામ આપે."

આજે મતલબી, સ્વાર્થી, મક્કાર, ધોકેબાઝ, ફ્રોડ તથા ફિત્ના કરનાર દોસ્તોની કમી નથી. પહેલાં દુનિયાભરમાં સર્વ વસ્તુઓ તો સસ્તી હતી પરંતુ દોસ્તોની કિંમત એટલી અધિક હતી કે માલ તો માલ ક્યારેક ક્યારેક તો જાન આપવાની પણ વારી આવી જતી. એટલા માટે પહેલાંના જમાનામાં વરસોની

શોધખોળ બાદ કોઈ ખુશનસીબને એક સારો દોસ્ત મળી આવતો હતો તો તે ગર્વ અનુભવતો કે આ વિશાળ દુનિયામાં મારો એક દોસ્ત પણ છે. પરંતુ આજે ગ્લોબલાઈઝેશનના યુગમાં સોશ્યલ મિડીયાની ચમક દમક તથા વ્યક્તિઓની વધતી જતી અપેક્ષાઓ તથા સ્વાર્થોએ દોસ્તોની સંખ્યા એટલી અધિક કરી આપી છે કે એક એસ.એમ.એસ., બીડી, સિગરેટ, પાન તથા ચાયની એક પ્યાલી પર દોસ્તી થઈ જાય છે. ભલા તમે જ વિચારો કે જે યુગમાં આટલા સસ્તા રસ્તે ચાલતા દોસ્તો બની રહ્યા હોય તેવા દોસ્તોથી દોસ્તીના હક્કોની અદાઈગીની શું અપેક્ષા રાખવામાં આવે ?!

અધિક્તર બિનઅનુભવી લોકો મોટા લોકોની સાથે દોસ્તી થઈ જવાના વહેમમાં સપડાઈને ઘણી મોટી મોટી આશાઓ તેમનાથી બાંધે બેસે છે, જે આશાઓ ક્યારેય પૂરી નથી થઈ શક્તી. કેમ કે આજકાલના મોટા લોકોમાં ખુલૂસ તથા મહોબ્બત તો હોતી જ નથી, લઈ દઈને તેમની પાસે માત્ર જાહેરી, દેખાડવાના તથા બનાવટી અખ્લાક઼ તથા વર્તણૂંક હોય છે, જેના મુજબ શરૂઆતમાં તો જરૂરતના લીધે અને પછી આદતના રૂપે વર્તવા પર તેઓ મજબૂર હોય છે. આપણે એવા પણ ફરેબી તથા બનાવટી દોસ્તોને જોઈએ છીએ જેઓ ચોક ચોરાઓ તથા હોટલોમાં પોતાના દોસ્તની દોસ્તી પર મોટી મોટી વાતો ફખ્રથી કરતા હોય છે, બેકાર ખ્વાહિશો તથા બુરી આદતોને પૂરી પાડવામાં નિઃસંકોચ દૌલત ખર્ચ કરતા હોય છે, પરંતુ જ્યારે દોસ્ત પર મુસીબત આવે છે અથવા કારોબારી નુકસાન થાય છે અથવા તેને કોઈ ઈલાજ માટે પૈસાની જરૂર પડે છે ત્યારે ખુલૂસ તથા મહોબ્બતની વાતો કરનાર અને દોસ્તીના સંબંધની ક઼સમો ખાનાર આવી પરિસ્થિતિમાં દોસ્તીના તક઼ાઝાઓને નેવે મૂકી આપે છે અને સાફ સાફ કહી આપે છે કે, "દોસ્તી તેની જગ્યાએ પૈસાની લેનદેન તેની જગ્યાએ !" આવા સ્વાર્થી દોસ્તો વિશે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે મુશ્કેલીના સમયે કામ ન લાગે તેનાથી બચો કેમ કે તે તમારો સૌથી મોટો દુશ્મન છે." દુનિયામાં એવા ફિત્ના પરવર દોસ્તોની પણ કમી નથી કે જેમની બુરાઈથી, ઈજાઓથી તથા તેમના ફસાદથી બચવા માટે લોકો તેમનાથી દોસ્તી બનાવી રાખે છે. જ્યારે કે આવા લોકોની સાથે દોસ્તી ગળાની હડ્ડી બની જાય છે, જેને ન ગળી શકાય, ન બહાર કાઢી શકાય. દુનિયામાં એવા પણ સ્વાર્થી દોસ્તો પણ છે જે માત્ર પોતાના કામ માટે જ દોસ્તીનાં બહાનાં કરે છે, જે દિવસે કામ થઈ ગયું એ દિવસ દોસ્તીનો સંબંધ પણ ખત્મ ! અમુક એવા પણ ઢોંગી દોસ્ત હોય છે જે ઝબાની દાવાના જાણકાર અને શબ્દોના જાદૂગર હોય છે. જેમની દોસ્તી માત્ર ઝબાનથી હોય છે જે સમયે એમની જરૂરત હોય એવા અલોપ થઈ જશે જેવી રીતે પાણીમાં મીઠું !

આપણે પોતાની દોસ્તીનું નિરીક્ષણ કરવું પડશે કે ખરેખર આપણી દોસ્તી ક઼ાયદા ક઼ાનૂનને ઘેરેલી છે જે ઈસ્લામે આપણને અર્પણ કરેલા છે ? શું ખરેખર આપણા દોસ્તોએ આપણને નેકીઓનું ઉત્તજન આપ્યું છે ? શું ખરેખર આપણી સાથે બેસવાવાળા આપણને ગુનાહો પર ઉભારે છે ? આપણી આજબાજુનું નિરીક્ષણ કરો અને એમની દોસ્તી પસંદ કરો, જે સાચા ઈમાનદાર અને નેક હોય. જો આપણા દોસ્તોમાં વર્ણન કરેલા ગુણો ન હોય ત્યારે એવા દોસ્તોથી દૂર રહેવું આપણા માટે સારું રહેશે પણ મુસલમાન હોવાના કારણે આપણા પર એ ફર્ઝ છે કે આપણે એને નેકીની દા'વત આપીએ કે એ સીધા રસ્તા પર આવી જાય.

અલ્લાહ તબારક વ તઆલા આપણને નેક, સાચો અને સદ્ભાવી દોસ્ત અતા ફર્માવે અને આપણને નેક ગુણોવાળા પેદા ફર્માવે. (આમીન)

*–(અઝ : અતાઉર્રહમાન નૂરી, સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, જુન : ૨૦૧૬)*

**અબ ચિરાગે દિલ જલાકર હો સકે તો ઢુંઢિયે**
**પરતવે ગૌષો રઝા વ મુસ્તફા મિલતા નહીં**

(ઉર્સ : ૧૪ મુહર્રમ)

## મુફ્તીએ આ'ઝમ તક઼ીએ આ'ઝમ رحمۃ اللہ علیہ

કાર્યાલય

આવો ! આજના આ પુરફિતન દૌરમાં ચાલી રહેલી અફરા તફરી અને નામના માટેની તથા માલના ખેંચતાણના તોફાનમાં, અલ્લાહના એક મહાન વલીને યાદ કરી બે ઘડી દિલને સુકૂન તથા સાંત્વન આપીએ, દિલને રૂહાની ઠંડક બખ્શીએ કે જેમની સીરત કેવળ આપણા જેવા ગુનેહગારો માટે જ દીવાદાંડી સમાન નથી, બલ્કે સર્વ આમ તથા ખાસ લોકોના માટે પણ મશઅલે રાહ છે. હુઝૂર મુફ્તીએ આ'ઝમ અશ્શાહ મુસ્તફા રઝા رحمۃ اللہ علیہ વિશે મૌલાના અલ્હાજ ક઼ારી અમાનતરસૂલ રઝવી (પીલીભીત) શું લખે છે તે જુઓ :–

### કુત્બે મદીનાની ઝબાની મુફ્તીએ આ'ઝમની શાન !

આવો ! કુત્બે મદીના આરિફ બિલ્લાહ, મકીંને તયબહ, આ'લા હઝરતના ખલીફા અલ્લામા શયખ ઝિયાઉદ્દીન અહમદ મદની قدس سرہ ની બારગાહમાં હાજરી આપીએ. હઝરત મદનીની ક઼દમબોસીનો શરફ પ્રથમવાર હિ.સ. ૧૩૯૬માં લખનાર (ક઼ારી અમાનતરસૂલ)ને હાંસલ થયો જયારે વાલિદે મોહતરમ શમ્સુલ ફુયૂઝ અલ્હાજ મુહમ્મદ હિદાયતરસૂલ સાહબની સાથે ખિદમતમાં હાજર થયો. હઝરત મદની મદીના પાકમાં મસ્જિદે નબવીની સામે ઈસ્તફા મંઝિલની નજીક પોતાના મકાન જન્નત નિશાનમાં મૌજૂદ હતા. શાહઝાદએ આ'લા હઝરત, મુર્શિદે બરહક્ક, હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ કિ઼બ્લા رحمۃ اللہ علیہ એ કુત્બે મદીનાના નામે પોતાના ગુલામ મુહમ્મદ અમાનતરસૂલ રઝવીના વિશે પત્ર લખી આપ્યો હતો તે ખાદિમે પેશ કર્યો. હઝરત મદની એ પત્ર મુબારક લઈને ઉભા થઈ ગયા અજબ અનોખી કૈફિયત થઈ ગઈ ! એ પત્રને ક્યારેક માથા પર રાખતા હતા, ક્યારેક આંખોથી લગાડતા હતા અને વારંવાર ફર્માવતા હતા, સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી, મરહબા ! મરહબા ! આ પત્ર તો મારા મુફતીએ આ'ઝમ કિ઼બ્લાના હાથ મુબારકનો લખેલો છે ! મદીનાપાકના એક કુતુબનો અમલ આપણને ઘણુ બધુ કહી જાય છે.

એક મજલિસમાં હઝરત મદનીએ ફર્માવ્યું, ક઼ારી સાહબ ! આપના મુર્શિદ હઝરત મુફતીએ આ'ઝમની વિલાદત હિ.સ. ૧૩૧૦માં થઈ અને મુઝ ફક઼ીરની વિલાદત હિ.સ. ૧૨૯૪માં થઈ. ફક઼ીરની ઉમર તે વખતે ૧૬ વરસની હતી. હિ.સ. ૧૩૧૩માં પીલીભીત હુઝૂર મુહદ્દિષે સૂરતી قدس سرہ ના મુદ્રસાતુલ હદીષમાં તાલીમ હેઠળ હતો. દર જુમેરાતે બરેલી શરીફ હુઝૂર મુહદ્દિષે સૂરતીની સાથે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની ખિદમતમાં હાજર થતો હતો. હઝરત મુફતીએ આ'ઝમ એ વખતે ત્રણ વરસના હતા. ફક઼ીરે હઝરતને પોતાની ગોદમાં લઈ લીધા છે. ફક઼ીર મુફતીએ આ'ઝમને જેટલા જાણે છે બીજા નથી જાણતા. કેમ કે ફક઼ીરે એમનું બચપન જોયું, જવાની જોયી અને હવે વૃધ્ધાવસ્થા પણ જોઈ રહ્યો છું. લોકો વૃધ્ધાવસ્થામાં અમલની તરફ ધ્યાનીત થાય છે. ઘડપણમાં અમલની તરફ વળવું કોઈ કમાલની વાત નથી. જવાની દીવાની મશહૂર છે. જવાનીમાં શરીઅતે મના કરેલ બાબતોથી મેહફૂઝ રહેવું અને શરીઅતે મુસ્તફવિયહ પર અમલપેરા રહેવું એ સૌથી મોટો કમાલ છે. ઝિયાઉદ્દન અહમદ મદની (કુત્બે મદીના)ઘણા જ નાઝની સાથે ગુંબદે ખઝરાની સામે મદીનાપાકમાં એવું કહી રહ્યો છે કે ફક઼ીરે પોતાની આંખો વડે જોયું કે મુફતીએ આ'ઝમ કિ઼બ્લા બચપનથી પયકરે ઝુહદો તક઼વા છે. અત્યારે તો એમની બુઝુર્ગીનો કોઈ અંદાઝો શું લગાડી શકે છે ?!

આ'લા હઝરત સરકાર رحمۃ اللہ علیہ ખુદ એમના પર ફખ્ર ફર્માવ્યા કરતા હતા. આપ ઝાહિર તથા બાતિનમાં સરાપા આ'લા હઝરત છે. ફકીર મદની તો એમને ષાની આ'લા હઝરત કહે છે. મુફતીએ આ'ઝમ ઈસ્લામી જગતની બુઝુર્ગ તરીન હસ્તી છે.

## ચિરાગ લઈને જમાનામાં ઢુંઢો ! એમના જેવો નહીં પામો !

આ'લા હઝરતના ભાઈના પુત્ર, ઉસ્તાઝુલ ઉલમા અલ્લામા હસ્નૈન રઝા સાહબે મને ફર્માવ્યું, ક઼ારી સાહબ ! હું સાચુ કહું છું ! હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ કુત્બુલ ઈર્શાદ છે. હું એમનો પિત્રાઈ ભાઈ છું, એમની સમવયનો ઘરનો એક ફર્દ છું. ક઼ારી સાહબ ! એમનું તથા મારું બચપન એક સાથે પસાર થયું. તે બચપનમાં પણ ખેલકૂદથી દૂર જ રહ્યા. મેં એ સર્વ મારી આંખો વડે જોયું છે. ઘરમાં જોયું, બહાર જોયું. ક઼ારી સાહબ ! મારુ આ કથન નોંધ કરી લો ! "ચિરાગ લઈને જો દુનિયામાં ઢુંઢશો, તો વલ્લાહ ! મુફતીએ આ'ઝમ જેવો શયખ નહીં પામો !" *(શેઅર)*

**ઢુંઢતે ઢુંઢતે ઈસ દહરમેં થક જાઓગે**
**મુફતીએ આ'ઝમ જૈસા નહીં પાઓગે**

આ તે બુઝુર્ગતરીન ઉસ્તાદે મુતકલ્લિમીન હસ્તીના ઈર્શાદો છે જે આ'લા હઝરત સરકાર رحمۃ اللہ علیہના સગા ભત્રીજા છે. આ'લા હઝરત સરકારના શાગિર્દ તથા ખલીફા છે. આ'લા હઝરત સરકારના જમાઈ છે. આ'લા હઝરતના વચેટ ભાઈ ઉસ્તાદે ઝમન અલ્લામા હસન રઝા સાહબના સાહબઝાદા છે અને મુહદ્દિષે બરેલી અલ્લામા તેહસીન રઝાના વાલિદે માજિદ છે. (رحمۃ اللہ علیہم اجمعین)

## હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની નજરમાં મુફતીએ આ'ઝમ

ફખ્રે ખાનદાન અશરફિયા હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ قدس سرہٗશાહઝાદાએ આ'લા હઝરત, તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہٗના વિશે ઈર્શાદ ફર્માવે છે : "આજની દુનિયામાં જેનો ફત્વાથી વધીને તક઼્વો છે, એક શખ્શિયત મુજદ્દિદે મિઅતે હાઝરાના ફરઝંદ દિલબંદનું પ્યારુ નામ "મુસ્તફા રઝા" આપોઆપ ઝબાન પર આવી જાય છે, અને ઝબાન અગણિત બરકતો પામે છે."

**નૂરે ચશ્મે આ'લા હઝરત રાહતે દિલે ખસ્તા જાં**
**મુફ્તીએ આ'ઝમ બનામે મુસ્તફા શાહેઝમાં**

## શયખુલ ઈસ્લામ સૈયદ મદનીમિયાંની ઝબાની હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ

શાહઝાદાએ મુહદ્દિષે આ'ઝમે હિંદ, શયખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદનીમિંયા અશરફીયુલ જીલાની ફર્માવે છે : અરસો થયો કોઈ કિતાબમાં જોયું હતું કે વરસાદ ન પડવાને કારણે ખૂબ જ જબરદસ્ત દુકાળ પડયો. લોકો નમાઝે ઈસ્તિસ્ક઼ા પઢતા રહ્યા અને પોતાની મેહરૂમીઓ પર આંસૂ વહાવતા રહ્યા. એક દિવસે સૌ નમાઝે ઈસ્તિસ્ક઼ાના માટે ભેગા થયા હતા એવામાં એક દુરવેશને આવતાં જોયો. લોકોએ તે દુરવેશને દુઆ માટે વિનંતિ કરી. તેમણે બંનેવ હાથો ઉઠાવ્યા અને અર્ઝ કરી કે, "હે અલ્લાહ ! હું તને એ અમાનતનો વાસ્તો આપુ છું જે મારી નિગાહોમાં છે, તું વરસાદ વરસાવી આપ !" આટલુ કહેતાં જ વાદળો છવાઈ ગયાં અને ઝુમી ઝુમીને વરસ્યાં અને દુકાળ દૂર થઈ ગયો. ચોતરફ ખુશી તથા લીલોતરી છવાઈ ગઈ. હાજરજનોમાંથી એક શખ્સ તે દુરવેશની પાછળ લાગી ગયો ત્યાં સુધી કે તેની ઝુપડી સુધી પહોંચી ગયો. અને તેને સવાલ કર્યો કે, છેવટે એ અમાનત કઈ છે જે આપની આંખોમાં છે અને જેના વાસ્તાથી આપે દુઆ કરી તો રબ્બે કરીમે ક઼બૂલ ફર્માવી ?! દુરવેશે કહ્યું કે, **"મેં આ આંખો વડે બાયઝીદ બોસ્તામીને જોયા છે,**

**તેમની સૂરત ખુદાની અમાનત છે જેને મેં નિગાહોમાં મેહફૂઝ કરી રાખેલ છે."** આ હિકાયતને સાંભળીને મને પણ મારી ફીરોઝબખ્તી પર નાઝ કરવા દો ! કે મારી દૃષ્ટિના હાસિયામાં પણ કેટલીક નૂરાની સૂરતો છે, એ તસ્વીરોમાં હુઝૂર મુફતીએ આ'ઝમની તસ્વીરની ચમક પોતાનું દૃષ્ટાંત પોતે જ છે ! હુઝૂર મુફતીએ આ'ઝમને મેં ઘણા જ નજીકથી જોયા. કેટકેટલા દિવસો સુધી સાથે રહેવાનો શરફ પણ હાંસલ રહ્યો. ગરીબોની ઝુપડીઓમાં જોયા, રઈસોના મહેલોમાં જોયા, મારહરા શરીફની ખાનકાહમાં જોયા બરેલી શરીફની દાનિશગાહમાં જોયા, બરેલી શરીફમાં એમનો મહેમાન રહ્યો, કિછૌછા શરીફમાં મેજબાનીનો શરફ પણ હાંસલ કર્યો. સારાંશ કે વારંવાર ઝિયારતની સઆદત નસીબ થતી રહી અને ઝહનમાં આપની નૂરાની સૂરતનો રંગ ગાઢ થતો રહ્યો.

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જોનારાઓ ! ખુદાઈ અમાનતના અમીન હોવા પર મારાથી દિલી મુબારકબાદ લો. પણ ખબરદાર ! હોશિયાર ! આ તસ્વીરની અઝમતને દાગ લાગવા ન પામે ! તમે સારી રીતે જાણો છો કે **હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ એ ઘરમાં દાખલ થતા ન હતા જેમાં કોઈ જાનદારની તસ્વીર હોય** ! જેથી તમારા પર લાઝિમ છે કે પોતાના દિલો દિમાગને ગૈર શરઈ ખયાલોથી પાક તથા સાફ રાખો જેથી કરીને એ તસ્વીર હમેશાં ચિંતન તથા નજરની જન્નત બનેલી રહે. *(ઈસ્તિકામતકા મુફતીએ આ'ઝમ નંબર, પેજ–૧૨૮)*

## ક઼દમ ક઼દમ પર આ'લા હઝરતની યાદો તાજી થઈ ગઈ

કુત્બે મદીના, ખલીફાએ આ'લા હઝરત અલ્લામા શયખ ઝિયાઉદ્દીન અહમદ મદનીએ ફક઼ીર અમાનતરસૂલ રઝવીને મદીના પાકની એક મજલિસમાં ફર્માવ્યું, ક઼ારી સાહબ ! ફક઼ીર મદનીએ ફર્ઝ હજ પછી નફલ હજ આ'લા હઝરત સરકાર ﷺના હુકમ પર એકવાર કર્યો, ત્યારબાદ મદીના તયબહથી બહાર નથી ગયો. પરંતું આ'લા હઝરત સરકાર મુર્શિદે બરહક્ક઼ના ફરઝંદ ઈફકતુલ ફુક઼હા, મુફતીએ આ'ઝમ અલ્લામા શયખ મુસ્તફા રઝા હજ તથા ઝિયારતના માટે તશરીફ લાવ્યા, હવે શું કરવામાં આવે ?! તો ફક઼ીર મદનીએ એ ફૈંસલો કર્યો કે તેમની સાથે હજ કરવામાં આવે. જેથી ફક઼ીરે હઝરતની સાથે હજ કર્યો. તેમનાં અહલિયા મોહતરમા મખ્દૂમા પણ સાથે હતાં. હઝરતે એ વૃધ્ધાવસ્થાના આલમમાં પણ તથા તેમના અહલિયા મોહતરમાએ પણ સુન્નતના પ્રમાણે પગપાળા જ હજ કર્યો. ક઼ારી સાહબ ! હઝરતની સાથે એ સફરમાં ક઼દમ ક઼દમ પર આ'લા હઝરત મુર્શિદની યાદો તાજી થતી ગઈ ! જણાતુ હતું કે આ'લા હઝરત સાથે છે ! મક્કા મોઅઝ્ઝમા મદીના તયબહના મુફતીયાને એઝામ ઉલમાએ કિરામ, મશાઈખ વ સાદાતે કિરામે હઝરતથી ખિલાફતો ઈજાઝતો લીધી અને સિલસિલામાં દાખલ થયા.

## હરમૈનના ઉલમા તથા મુફતીઓએ હઝરતથી ખિલાફત લીધી

હુઝૂર મુફતીએ આ'ઝમ قدس سرہ હજજ માટે હાજર થયા તે વખતે મક્ક઼ા મોઅઝ્ઝમા તથા મદીના તયબહના મહાન મહાન ઉલમા, મુફતીયાને કિરામે આપની સામે ઝાનૂએ અદબ બિછાવ્યો અને શાગિર્દીનો શરફ મેળવ્યો અને ખિલાફતો તથા ઈજાઝતો હાંસલ કરી એમાંથી અમુક હઝરાતના મુબારક નામો જે મુર્શિદે બરહક્ક઼ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ قدس سرہ એ ફક઼ીર અમાનતરસૂલ રઝવીને બતાવ્યાં તે રજૂ કરું છું : ૧. મુફતીએ હરમ અલ્લામા સૈયદ મુહમ્મદ મગરિબી માલિકી મક્કી ૨. શયખુલ ઉલમા હઝરત અલ્લામા સૈયદ અમીન ક઼ુતબી મક્કી ૩. જલાલતુલ ઈલ્મ હઝરત અલ્લામા

મુફતી સૈયદ મુહમ્મદનૂર મક્કી ૪. ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના મુફતી જઅફર બિન કષીર મક્કી ૫. હઝરત અલ્લામા મૌલાના શયખ ઉમર મક્કી ૬. હઝરત અલ્લામા શયખ ઈબ્રાહીમ મદની ૭. હઝરત અલ્લામા પીર અબ્દુલ માલિક ૮. હઝરત અલ્લામા મરઝૂકી તથા શયખુલ ફઝીલત અલ્લામા શાહ ફઝલુર્રહમાન સાહબ શાહઝાદાએ હુઝૂર ઝિયાઉલ મિલ્લત મદની.

## દાઢીના ધોવણથી તાવ ગાયબ !

સદરુશ્શરીઅહના શાગિર્દ હઝરત અલ્લામા ક઼ારી મહબૂબ રઝા સાહબ પાકિસ્તાનીએ ફર્માવ્યું, ક઼ારી સાહબ ! કુત્બે આલમ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ સિંધની ૨૮ વરસની વય હશે. હઝરતની દાઢી તદ્દન ક઼ારી હતી. એક બડી બી સાહેબા આ'લા હઝરતની ખિદમતમાં હાજર થયાં કે મારો પૌત્ર ખૂબ જ બીમાર છે, તાવ ઘણો જ તીવ્ર છે. ડોક્ટરોએ જવાબ આપી દીધો છે, બેહોશી છવાયેલી છે. હુઝૂર ! આપનો મુરીદ છે, એને જોઈ લો ! વારંવાર બેહોશી છવાઈ જાય છે, હુઝૂર ! એકનો એક જ પુત્ર છે ! આ'લા હઝરત એક ફત્વો લખી રહ્યા હતા તો દુઆ કરી આપી અને ફર્માવ્યું, એક જવાબ લખી રહ્યો છું, ફુરસદ મળતાં જોઈ લેવામાં આવશે. બડી બી સાહેબાને આ'લા હઝરતની આ વાત કાંઈક ન ગમી અને નારાઝગી દર્શાવતાં એવું કહેતાં ચાલી નીકળી કે જ્યારે આપણો પીર જ નહીં સાંભળે તો ખુદા પણ કરમ નહીં ફર્માવે ! આ'લા હઝરતે ખાદિમને કહ્યું કે એ બડી બી સાહેબા નક઼ાબ પોશને જલ્દી બોલાવો ! તો ખાદિમે જઈને કહ્યું કે આ'લા હઝરત બોલાવે છે. પાછી આવી તો આ'લા હઝરતે ફર્માવ્યું, મૌલાના મુસ્તફા રઝા ક્યાં છે ? બોલાવવામાં આવે ! મુસ્તફા મિંયાની દાઢીમાં એ તાષીર છે કે તેમની દાઢીનું ધોવાણ જે બીમારીવાળાને પીવડાવવામાં આવે તો ગમે તેવો તાવ હોય અલ્લાહના ફઝ્લથી શિફા મળી જાય છે, તાવ ઉતરી જાય છે. હઝરત મુફતીએ આ'ઝમ તશરીફ લાવ્યા. જવાનીનો આલમ હતો. હઝરતની દાઢી એ વખતે તદ્દન કાળી હતી, કોઈ વાળ સફેદ થયો ન હતો. આ'લા હઝરતે ફર્માવ્યું, મુસ્તફામિંયા ! જાવ વુઝૂ કરો અને દાઢીનું ધોવાણ કોઈ વાસણમાં કરીને એમને આપી દો. હઝરતે એવું જ કર્યું. બસ ! બડી બી સાહેબા ખુશી ખુશી એ પાણી લઈને ઘરે આવ્યાં અને બાળકને પાણી પીવડાવ્યું. પાણી પીતાં જ બાળકે આંખો ખોલી નાખી અને તાવ ઉતરી ગયો. સાંજે બડી બી સાહેબા આ'લા હઝરતની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી, હઝરત ! આ જ તે બાળક છે જેના માટે ડોક્ટરોએ જવાબ આપી દીધો હતો, પણ પાણી પીવડાવતાં જ બેહોશી તથા તાવ દૂર થઈ ગયો, તરત જ આ બાળકે આંખ ખોલી આપી, અને તદ્દન સાજો થઈ ગયો.

*શહે નૂરી મિયાંકી હૈ બશારત મુફતીએ આ'ઝમ*
*સરાપા હૈં કરામત હી કરામત મુફતીએ આ'ઝમ*
*ઝિયાઉદ્દીન અહમદ કુત્બે મદીનાને કહા મુઝસે*
*અમાનત હૈં સરાપા આ'લા હઝરત, મુફતીએ આ'ઝમ*

## હુઝૂર મુફતીએ આ'ઝમ ગૌષે આ'ઝમના નાયબ

હઝરત અબ્દુન્નઈમ સાહબ અઝીઝીએ પોતાની કિતાબ ''મુફતીએ આ'ઝમે હિંદ''માં આ વર્ણવેલ છે કે, જનાબ નવાબ હાફિઝ રહમત નબીખાં બરેલ્વી લાંબાકાળથી શયખે તરીક઼તની તલાશમાં હતા. પણ જે પ્રકારના પીર તેમણે વિચાર્યા હતા તે ક્યાંય જોવા મળતા ન હતા. જ્યારે ઈ.સ. ૧૯૫૧માં તેમને સરકારે બગદાદ رحمۃ اللہ علیہના ખ્વાબમાં દીદાર થયા ત્યારથી પીરની તલાશ ફક્ત ક઼ાદરી સિલસિલામાં જ હતી.

શૈખની તલાશમાં બેક઼રાર બનીને હાફિઝ રહમત નબીએ બગદાદની સફર કરી. ત્યાં પહોંચીને એ વિચાર્યું કે આસ્તાનાએ ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના સજ્જાદાનશીનથી જ બયઅત કરી લઉં. પણ કેટલાક કારણે આ આરઝૂ પૂરી ન થઈ શકી. જ્યારે દિલની બેક઼રારી હદથી વધી ગઈ તો સરકારે બગદાદે હાફિઝ સાહબના ઉઠી રહેલા અરમાનોને સંતોષ આપ્યો અને

થનારા મુર્શિદે કામિલની તરફ ઈશારો કરીને ફર્માવ્યું, જાવ ! તેમનાથી બયઅત થઈ જાવ તે મારા નાયબ છે.

તે મુર્શિદે કામિલ, બેનઝીર પીર, નાઈબે ગૌષે આ'ઝમ કોણ હતા ? તે તાજદારે અહલે સુન્નત સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ હતા. જેથી નવાબ હાફિઝ રહમત નબી સાહબ ૧૯, ઝિલ હજ્જ હિ.સ. ૧૩૫૮માં સરકાર મુફતીએ આ'ઝમની ખિદમતમાં પહોંચીને બયઅતથી બરકતવંત બન્યા. આ પ્રસંગથી જાણવા મળ્યું કે કુત્બે આલમ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ નિઃશંક ! ગૌષે આ'ઝમના નાયબ હતા.

## હુઝૂર બુરહાને મિલ્લતની અક઼ીદત

હુઝૂર મુફતીએ આ'ઝમ قدس سرہ ના વિસાલ પુરમલાલ પછી જ્યારે હુઝૂર બુરહાને મિલ્લત, ખલીફાએ આ'લા હઝરત જબલપુરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ બરેલી શરીફ તશરીફ લાવ્યા તો લખનાર (ક઼ારી અમાનતરસૂલ) પણ બરેલી શરીફમાં હાજર હતો. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ના દૌલતખાના પર દારુલ ઈફતાવાળી જગાની બેઠકમાં જ્યાં હઝરત બેસેલા રહેતા હતા, ત્યાં બુરહાને મિલ્લત رحمۃ اللہ علیہ તશરીફ લાવે છે, રિક્કત છવાયેલી છે. ફર્માવવા લાગ્યા, ક઼ારી અમાતનરસૂલ ! આમ તો મારી પેદાઈશ હુઝૂર મુફતીએ આ'ઝમ કિ઼બ્લાની વિલાદતથી નવ મહિના અગાઉ ૨૧ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૩૧૦ જુમેરાતે થઈ. પરંતુ હઝરત મુઝ ખાદિમ કરતાં મર્તબાઓમાં ઘણા જ મહાન છે. હઝરતના વિસાલ પુરમલાલની ખબર સાંભળતાં જ ફકીર પર બેહોશી છવાઈ ગઈ, તબીઅત બગડી ગઈ. જ્યારે કાંઈક ફરક પડયો તો આપોઆપ આ રૂબાઈ ફકીરની જીભ પર આવી ગઈ, નોંધ કરી લો !

**મુફતીએ આ'ઝમકા ઝિલ્લે આતિફત**
**આહ ! હમ ખુદ્દામ પરસે ઉઠ ગયા !**
**આ'લા હઝરત કી શબીહે પાક કા**
**દિલકે આઈનેમે નક઼્શા રહ ગયા**

આ રૂબાઈમાં પણ અલ્લાહુ અકબર ! હઝરત બુરહાને મિલ્લતે પોતાને મુફતીએ આ'ઝમના ખાદિમ બતાવ્યા. પછી ફર્માવ્યું, ક઼ારી સાહબ ! હઝરતની કોઈ મન્ક઼બત સાંભળાવો ! લખનારે હુકમાનુસાર ફક઼ીરે લખેલી મન્ક઼બત સંભળાવી જેનો મત્લઅ આ છે :–

**રઝાએ મુસ્તફા આક઼ાએ નેઅમત મુફતીએ આ'ઝમ**
**મુસલ્લમ પેશવાએ અહલે સુન્નત મુફતીએ આ'ઝમ**

હુઝૂર પુરનૂર, માહીએ ફિસ્કો ફુજૂર, મુર્શિદે બરહક્ક઼, આશિકે઼ મૌજૂદે મુત્લક઼, તાજદારે અહલે સુન્નત, ફરઝંદે આ'લા હઝરત, આક઼ાએ નેઅમત, મુહમ્મદ આલે રહમાન મુહયુદ્દીન જીલાની, અલ્લામા શયખ મુસ્તફા રઝા નૂરી મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ની ઝાતે બાબરકત બ ફયઝાને સૈયદુસ્સાદાત સાહિબુલ બરકાત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એવી મજમઉલ કમાલાત વ જામિઉસ્સિફાત હતી કે આમ લોકો તો આમ લોકો મહાન મહાન ઉલમા, આરિફો, અવલિયા, અત્કિ઼ય્યા, ફક઼ીહો આપનાથી તઅલ્લુક઼ રાખતા અને આપની નિસ્બત પર ફખ્ર ફર્માવતા. આલમે ઈસ્લામના મશ્હૂરો મઅરૂફ, મુક઼્તદર, જલીલુલ ક઼દર નામવર સમકાલિન ઉલમા સમયના ફક઼ીહોએ આપના ઈલ્મ તથા ફઝ્લ, ઝોહદ તથા તક઼્વા, ઈબાદત તથા રિયાઝત, ફક઼્રો ઈર્ફાન, કશ્ફો કરામત તથા ઈસ્તેક઼ામત, કમાલાતે ઝાહિરી તથા બાતિનીનો સ્વીકાર કર્યો છે.

**તેરા ફત્વા તેરા તક઼્વા અનોખા હૈ નિરાલા હૈ**
**તેરે આગે ઝુકે દુન્યા કે ક઼ાબિલ મુફતીએ આ'ઝમ**
**તેરે મુર્શિદને કી તઅરીફ તેરી યહ 'અમાનત' ફિર**
**બયાં ક્યા કર સકે તેરે ફઝાઈલ મુફતીએ આ'ઝમ**

*–(હવાલો : જહાને મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો**

**શાદી મુબારક : ટંકારીઆ** : મુકામે તિર્મિઝી સૈયદ અખ્તર હુસૈનબાવા (ઉમરેઠવાલા)ની દુખ્તરે નેક અખ્તર સૈયદા મુશીરાબાનુના નિકાહ પીરે તરીકત કાદરી સૈયદ ઈર્શાદઅલી (ચકલાસી)ના નેક ફરઝંદ સિરાજુદ્દીન સાથે તા. ૧૮–૯–૨૦૧૬ રવિવારે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓથી ખૂબ નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**કાઝી યુવાન** : ઉંમર : ૨૯ વરસ, એજ્યુ. B.com તથા કોમ્પ્યુટર કોર્સ, જોબ વડોદરા નજીક (Mob. 7801965082) શીનોર તરફ. (સૈયદ, કાદરી, અસલ શહેર કાઝી ખાનદાન પસંદગીને પાત્ર)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## ----:: ઈન્તેકાલ પુરમલાલ ! ::----

**માંગરોલ** : (તા. આમોદ)ના "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહક (૧૪૭૭૩) હાફિઝ ઈલ્યાસ મૂસા રઝવી (હાલ : વડોદરા) જણાવે છે કે તેમનાં બહેન મહેરૂન તા. ૧૩–૬–૨૦૧૬, ૬ રમઝાન મુબારકના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન)

**જામનગર** : ખાતે ૨૩–રમઝાન શરીફ, હિ.સ. ૧૪૩૭ના રોજ મુહમ્મદ સમીર હાજી કાસમ કુરૈશીનો ઈન્તેકાલ થયો છે. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે હાજી કાસમ કુરૈશી તરફથી રૂા. ૫૦૦ "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

**બોડેલી** : થી ખત્રી મુહમ્મદ અલી ઈસ્માઈલજી (વડદલાવાળા) 'બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક જણાવે છે કે તેમના વાલિદ સાહબ ખત્રી ઈસ્માઈલજી સુલેમાનજીનો તા. ૨૭–૮–૨૦૧૬ શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે.

**દયાદરા** : ખાતે ૨૬–૮–૨૦૧૬, ૨૧ ઝીલ કઅદ હિ.સ. ૧૪૩૭ જુમ્આના રોજ વલીભાઈ મસ્તુનો ઈન્તેકાલ થયો. તા. ૨૭–૮–૨૦૧૬ તથા શનિવારે મુહમ્મદ ઉમરજી ટોલીવાળા (બરેડીયા સ્ટ્રીટ)નો ઈન્તેકાલ થયો, તેમજ તા. ૯–૯–૨૦૧૬ જુમ્આના રોજ ફરઝાના યાકૂબ ગનીનો ઈન્તેકાલ થયો.

**જંબુસર** : થી ખાદિમે સુન્નિયત અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે મારો ફોઈયાય ભાઈ જનાબ ઈબ્રાહીમ અહમદ શેખ ઉલમાએ અહલે સુન્નત તથા સાદાતે કિરામ વ બુઝુર્ગાને દીનના સાચા ચાહક આશિકે રસૂલ તા. ૨૫–૮–૨૦૧૬ જુમેરાતની રાત્રે અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમ નમાઝના પાબંદ હતા તથા જામા મસ્જિદ જંબુસરમાં મુતવલ્લીની જગ્યા પણ સાચવતા હતા. અલ્લાહ તબારક વ તઆલા જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા જગા નસીબ ફર્માવે અને ઘરવાળાઓને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નેહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

**સાધલી :** મુકામે તા. ૧૭–૯–૨૦૧૬ શનિવારે ઈશા બાદ શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં તિલાવતે કુર્આન હાફિઝ ઈમરાન સાહબ (નાયબ પેશ ઈમામ–સાધલી)એ કરી. નિઝામત પેશ ઈમામ હઝરત મૌલાના ઐયૂબ સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સાધલી)એ નિભાવી. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી ઈમરાન નૂરીએ ખૂબસૂરત અંદાઝમાં નઅતે પાક પેશ કરી બાદમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (નાઝિમે આ'લા દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ કસીદા બુર્દા શરીફ પેશ કરીને નિય્યતની અહમિયત તથા ફઝીલત પર શાનદાર બોધદાયક બયાન કર્યું છેવટમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે સૂરએ ફાતિહાની તફસીર પર ખૂબ જ મામૂલાતી તથા ઈમાનની પુખ્તગી તથા અમલની ઈસ્લાહ કરતું બયાન કર્યું હતું. વરસાદનું વાતાવરણ છતાં મસ્જિદનું વિશાળ જમાઅતખાનુ ચિક્કાર ભરાઈ ગયુ હતું. મોતીપુરા, શિનોર, અવાખલ વગેરે આસપાસના ગામોના પેશ ઈમામ સાહબોએ પણ અવામની સાથે નવ યુવાનો સાથે હાજરી આપી હતી. જંબુસરથી હાફિઝ મુશ્તાક દહેગામી, કરજણથી હાફિઝ મેહબૂબ ઝંઘારવી તથા દયાદરાથી નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી ગુજરાત ઝોન, તંત્રી : બરકાતે ખ્વાજાએ પણ હાજરી આપી હતી. નવ યુવાનો વડીલોમાં અનેરો દીની ઉત્સાહ હતો. આ રૂહાની માહોલમાં હાફિઝ અબ્દુર્રહીમ સાહબે ઝિક્ર કરાવ્યું અને મૌલાના ઝહીર સાહબે રિક્કત અંગેઝ દુઆ કરી. છેવટમાં મોતીપુરાના ઈમામ સાહબ હાફિઝ હનીફે સલામ પઢાવી હતી. પેશ ઈમામો સાધલી મસ્જિદના થકી નિખાલસ કોશિશ અને સાધલી મસ્જિદ કમિટીના સાથ સહકારથી લોકોમાં દીની જાગૃતિ આવી જેમાં મુબલ્લિગો ઈમરાન નૂરી, યૂસુફ નૂરી (પાલેજ)નો સારો ફાળો રહ્યો છે. પાલેજથી સાધલી પટ્ટીનાં ગામોમાં તેમજ અવાખલ, મોતીપૂરા વગેરે ગામોમાં કાફલાની શકલમાં જઈને મહિનાભર તર્બિયતી કામો જારી રહ્યાં. ઘણા યુવાનોએ દાઢીઓ અમામાથી પોતાને સજાવ્યા, નમાઝ વ સુન્નતોના પાબંદ થયા.

**ભરૂચ :** ખાતે મુબલ્લિગો મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, હાફિઝ અ.રહીમ બરકાતી, મોઈનભાઈ, તારીકભાઈ, શફીભાઈ, મૌલાના ઝહીર મિસ્બાહી વગેરેએ વિવિધ મસ્જિદોમાં અઠવાડિક ઈજતેમા પીર છત્તર મસ્જિદ, ઈમામ અહમદ રઝા મસ્જિદ, નૂર પાર્ક, બાવા રયહાન મસ્જિદ, બાવડી મસ્જિદ, ફાટા તળાવ, ફયઝાને રઝા ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર–પાંચબત્તી વગેરે ખાતે દર્સ તથા ઈજતેમા થયા. તદ્ ઉપરાંત હાફિઝ અબ્દુર્રહીમ સાહબે જંબુસર, ભરૂચ, બોડેલી, વડોદરા, દાહોદ વગેરે સ્થળોએ હજ તર્બિયતો કેમ્પો હેન્ડલ કર્યા, પાવાગઢ ખાતે દૌરો કરી ઈજતેમા કર્યો.

**આમોદ :** ખાતે અસાતેઝાની નિગરાનીમાં દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા નજમુલ ઉલૂમના તલબાએ કાફલાની શકલમાં આમોદ પ્રોપરમાં ઉપરાંત દર જુમેરાતે આસપાસના ગામો સૂડી, પહાજ, બુવા, પુરસા, માંગરોલ વગરે ગામોમાં દૌરો કરી દીની ઈલ્મની દાવત આપી ઈજતેમાઓ કર્યા.

**જંબુસર :** ખાતે મુબલ્લિગો મૌલાના ઈમરાન ઝંઘારવી, હાફિઝ અસ્લમ, હાફિઝ મુશ્તાક, મૌલાના સાબિર, મૌલાના ઝહીર મિસ્બાહી, હાફિઝ અ. રહીમ થકી દર સોમવારે ઈશા બાદ વિવિધ મસ્જિદોમાં અઠવાડિક ઈજતેમા થયા તથા દર્સ થયા.

**દયાદરા :** ખાતે દર રવિવારે અસરબાદ અઠવાડિક ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહીએ કુર્બાની સંબંધી મસાઈલ શીખવાડયા અને કુર્બાનીનો મહિમા તથા હઝરત ઈબ્રાહીમ વ ઈસ્માઈલ علیہم السلام નો મર્તબો સમજાવ્યો અને અકીદા તથા અમલની ઈસ્લાહ કરી. બાકી દિવસોમાં દરરોજ અસર બાદ બરકાતે શરીઅતમાંથી માંબાપના, પતિ પત્નીના, સગાંના હક્કો, પડોશીના હક્કો, જૂઠ, ઘમંડની બુરાઈ વિશે દર્સ ચાલતો રહ્યો.

**વાગરા :** ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના ઈબ્રાહીમ સાહબ થકી ડેઈલી દર્સ નૂરાની મસ્જિદમાં થયો તેમજ આસપાસના ગામોમાં કાફલા સાથે આપે તબ્લીગી દૌરા કર્યા.

ઉપરાંત કોસંબા, ધોરાજી, ભાવનગર, સૂરત, વડોદરા વગેરે ખાતે અઠવાડિક ઈજતેમાઓ, દર્સના પ્રોગ્રામો થતા રહ્યા. આપના વિસ્તારમાં સુન્ની દા'વતે ઈસ્લામીની શાખા ઓપન કરવા સંપર્ક કરો. મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# સુન્ની દાવતે ઈસ્લામીનો ૧૪મો વાર્ષિક સુન્ની ઈજતેમા

**કબ ?** તા. ૦૫-નવે.-૨૦૧૬
શનિવાર ઝહોરથી મગરિબ સુધી (બહેનો માટે)
**તા. ૦૬-નવે.-૨૦૧૬** રવિવાર સવારના
૧૦ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી (ભાઈઓ માટે)

**કહાં ?**
સબ જેલ ગ્રાઉન્ડ,
વાયા સંતોષી વસાહત
**ભરૂચ**

| | |
|---|---|
| મુફક્કિરે ઈસ્લામ હઝરત<br>અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી સાહબ | મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત<br>મુફતી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી સાહબ |
| અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી<br>હઝરત મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબ | હઝરત મૌલાના સૈયદ અમીનઅલી સાહબ<br>કાદરી (નિગરા : SDI માલેગાંવ) |
| બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી<br>રિઝવાનખાન સાહબ (મુંબઈ) | મશ્હૂર નઅતખાં જનાબ કારી<br>રિયાઝુદ્દીન અશરફી સાહબ (મુંબઈ) |

અદાઈ : **સુન્ની દાવતે ઈસ્લામી (ભરૂચ શાખા)** મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૬૮૪૦૨૭૭, ૯૪૨૮૦ ૨૭૫૯૨

## સુન્ની દાવતે ઈસ્લામીનો આલમી ઈજતેમા

| | | |
|---|---|---|
| તા. ૧૮, ૧૯, ૨૦ નવે.૨૦૧૬<br>(જુમ્આ, શનિ, રવી) | વી.ટી. સ્ટેશન સામે,<br>આઝાદ મેદાન, મુંબઈ | નોંધ : ભરૂચથી ટ્રેનમાં<br>જવા માટે રૂા. ૧૦૦<br>આપી નામ નોંધાવો |

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા**

**પ્રવાસના સ્થળો** : ઉદેપુર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર સિક્રી, આગ્રા, બરેલી, હલદ્વાની, નૈનીતાલ, કલીયર શરીફ, હિરદ્વાર, મસૂરી, દીલ્લી, જયપુર, અંતરશાવલી, મીરાદાતારથી ધોળકા પરત.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૨ |

:: બસ ઉપડશે ::
તા ૩૧/૧૦/૨૦૧૬, સોમવાર

:: બસ ઉપડવાનું સ્થળ ::
૧. આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ સમય : સાંજે : ૪ કલાકે
૨. તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, ધોળકા (જિ. અમદાવાદ) સમય : રાત્રે : ૧૦ કલાકે

**નોંધ** : **૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતા રકમ રૂા. ૧૫૦/– મુસાફરના શીરે રહેશે. **૧.** રૂા. ૩૦૦૧ ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૫૦૦/– અલગથી ભરવાના રહેશે. **૪.** હલદ્વાનીથી નૈનીતાલ અને હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૫.** નૈનીતાલ અને મસૂરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે.

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨

**Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)**

## મન્ક઼બતે અમીરે અહલે સુન્નત | હઝરત નૂર મુહમ્મદ મારફાની رحمۃ اللہ علیہ

રહેગા દહરમેં ચર્ચા અમીરે એહલે સુન્નત કા—હૈ ઊંચા મર્તબા કિત્ના અમીરે એહલે સુન્નત કા
વહાબી દેવબંદી કાંપતે થે નામ સે જિન્કે—હૈ કિત્ના દબદબા ઊંચા અમીરે એહલે સુન્નત કા
હમેશા હક઼ કી શમ્અ કો જલાને મેં રહે ક઼ાઈમ—યે ઊંચા હોસ્લા કિસ્કા અમીરે એહલે સુન્નત કા
નિગાહે મુફ્તી આ'ઝમને ઝિન્દા કર દિયા દિલકો—હમેશા ક઼ૌલ યે રહેતા અમીરે એહલે સુન્નત કા
દનાદન ભાગને લગ જાએંગે આક઼ા કે દુશ્મન સબ—પળા જો પીઠ પે દંડા અમીરે એહલે સુન્નત કા
યક઼ીનન ! દેખના યારો કિસી દીન ઉન્કે મરકઝ પર—ગળેગા શાનસે ઝંડા અમીરે એહલે સુન્નત કા
ફનાફિશ્શૈખ હોકર ઉમ્ર અપની યૂં બસર કર લી—કે યાદે પીર મેં રહના અમીરે એહલે સુન્નત કા
યતીમોં બેસહારોં કી મદદ કરના યે આદત થી—ખુદાયા હો અતા સદક઼ા અમીરે એહલે સુન્નત કા
રહે ગુલઝારે સુન્નિયત હમેશા શાદ ઔર ફરહાં—યે કલ્મા વિર્દે લબ રહતા અમીરે એહલે સુન્નત કા
**'મુનવ્વર'** મેરે સિનેકો ખુદાયા તૂ રઝા સે કર—તુઝે સદક઼ા મેરે નાના અમીરે એહલે સુન્નત કા

**(રજૂકર્તા : હઝરત મુફ્તી મુહમ્મદ મુનવ્વર રઝા–ધોરાજી)**


**હજ્જ-ઉમરાહ અને ઝિયારહ ટૂર્સના આયોજક**

# હમ્ઝા ટૂર્સ

**ઓફીસ : C/o. ડીઝીટલ કોમ્પ્યુટર, બી/૪, બોમ્બે શોપીંગ સેન્ટર, બીગ બજાર સામે, સ્ટેશન રોડ, ભરૂચ.**
**ઓફીસ નં. 02642-262277**
(હારૂન બાજીભાઈ દયાદરાવાલા) Mo. 9824345784

## ઉમરાહ ટૂર

બુકીંગ ચાલુ છે | નવે. ડિસે. ૨૦૧૬

**ઈદે મીલાદ મદીનામાં**

16 દિવસ Rs. 66,900

**-:: પેકેજની સુવિધાઓ : મક્કા શરીફ ::-**

વિઝા, રીર્ટન ટીકીટ, ૭ દિવસ મક્કા શરીફમાં, ૭ દિવસ મદીના શરીફમાં, બન્ને શહેરમાં ઝિયારત, સવારે ચા–નાસ્તો બે ટાઈમ જમવાનું, લોન્ડ્રી, સ્ટાનડર્ડ હોટેલ બંને શહેરોમાં, ભરૂચથી ભરૂચની બસની ખાસ સગવડ..

## બગદાદ ટૂર

બુકીંગ ચાલુ છે | જાન્યુઆરી–૨૦૧૭

**ગ્યારવી શરીફ બગદાદમાં**

બગદાદ | કરબલા | કુફા | નજફ | હિલા

07 દિવસ Rs. 66,900

**-:: પેકેજની સુવિધાઓ : બગદાદ ::-**

ઉપરના દરેક શહેરોમાં ખુબ જ અનુભવી ગાઈડ દ્વારા ઝિયારત, આ ટૂર ૭ થી ૮ દિવસની રહેશે. રહેવા જમવાની વ્યવસ્થા ગૌષે પાકના દરબારમાં રહેશે.

**નોધ : નવેમ્બર સુધી બુકિંગ લેવામાં આવશે.**